શરી જતાં

અનુવાદક

જયંતકુમાર મ. ભટ્ટ

: પ્રાપ્તિસ્થાન :

ભારતી સાહિત્ય સંઘ

મુંબઇ .... અમદાવાદ.

શશી જતાં

["ધી મુન ઇઝ ડાઉન" ઉપરથી]

અનુવાદક

જયંતકુમાર મ. ભટ્ટ

પ્રાપ્તિસ્થાન

ભારતી સાહિત્ય સંઘ

પો. બો. ૯૭૮ મુંબઇ-૧

પો. બો. ૭૩—અમદાવાદ

કિંમત

૨—૦—૦

[ટ. ખ. ૦-૨-૦]

પ્રકાશક :
લક્ષ્મીદાસ પુ. ગાંધી
ભારતી પ્રકાશન મંદિર
૧૦૦૭, શ્યામ કુંજ
ભાવનગર

મુદ્રક :
જાદવજી પીતામ્બર ઠક્કર
ઉષા પ્રિન્ટરી, દેવકરણ
મેન્શન, પ્રિન્સેસ સ્ટ્રીટ,
મુંબઈ—૨.

જોન સ્ટાઈનબેક

[જીવન અને કવન]

૧૯૦૨ ના ફેબ્રુઆરીની સત્તાવીશમી તારીખે કૅલિફોર્નિયામાં સેલીનાસ મુકામે જોન સ્ટાઇનબેકનો જન્મ થયો. પિતા અર્નેસ્ટ સ્ટાઇનબેક કસબાના ખજાનચી હતા. આ અમેરીકન સાહિત્યકાર પિતૃપક્ષે જર્મન છે અને માતૃપક્ષે આયરીશ છે. પિત્રાઇ વંશાવળી જોતાં તો તે મૂળ સત્તરમી સદીના એક મેસેચ્યુએટ કુટુમ્બમાંથી ઊતરી આવ્યો છે. છતાં, અધિકાંશે તે કેલિફોર્નિયાની ખીણનો જ એક આદમી છે, જે સ્થળે લગ્ન પછી એ સ્થાયી નિવાસ કરી રહ્યો છે.

સેલિનાસ હાઇસ્કુલમાં સ્નાતક થઇને સ્ટાઇનબેકે સ્ટેનફોર્ડ યુનિવર્સિટીમાં ચાર વર્ષ ગાળ્યાં. પણ આ સંસ્થામાં તે નિયમિત વિદ્યાર્થી તરીકે નહિ પણ એક ખાસ અભ્યાસી તરીકે જ જોડાયો હતો. વિજ્ઞાન અને વિશેષતઃ પ્રાણીશાસ્ત્ર તેનો પ્રિય વિષય હતો.

લેખક બન્યા પૂર્વે તે ઘણા ધંધા કરી ચૂકયો હતો. કકડે કકડે અભ્યાસ કરવાથી છેવટે વિદ્યાલયની ઉપાધિ મેળવ્યા વિના જ અભ્યાસ છોડવો પડેલો. દરમ્યાનમાં એક ખાંડના કારખાનામાં અને એવી બીજી નોકરીઓ કરેલી. છેવટે, ધંધાર્થી લેખક બનવાનો સંકલ્પ કરીને ન્યુયોર્ક તરફ પ્રસ્થાન કર્યું. ત્યાં એક છાપામાં ખબરપત્રી તરીકેનું કામ શરૂ કર્યું, પણ તુરત એમાંથી પાણીચું મળ્યું, કારણ કે ભાઇસાહેબ સમાચારોને સીધેસીધા મોકલવાને બદલે પોતાની રીતે કાવ્યબાનીમાં તાત્ત્વિક ભાષામાં પોતાના અંગત વિચારો અને ટીકાટીપ્પણો ઉમેરીને મોકલતા. પછી મૅડીસન સ્કવેરનો બગીચો

બંધાતો હતો, ત્યાં ઈંટાળાં સારવાનું કામ સ્વીકાર્યું. કેલિફોર્નિયા પાછા ફરીને એક મકાનના શિયાળુ પગી તરીકે નોકરી લીધી, પણ જ્યારે મકાન માલિકોને ખબર પડી કે એક ઝાડ પડવાથી છાપરું ભાંગી ગયું છે, ત્યારે સ્ટાઇનબેકને ફરી પાણીચું મળ્યું.

તેની પહેલી જ નવલકથા 'કપ ઓફ ગોલ્ડ' ૧૯૨૯ માં પ્રગટ થઈ. બીજી 'પેશ્વર ઓફ હેવન' ૧૯૩૨ માં અને ત્રીજી 'ટુ એ ગોડ અનનોઉન' ૧૯૩૩ માં બહાર આવી. પણ આ ત્રણે નવલકથાઓના પ્રકાશનથી એનું આર્થિક દારિદ્રય ન ફીટયું. ત્રણેય કથાઓની ભેગી મળીને ૩૦૦૦ નકલ પણ ન ખપી. હતાશ થઇને તેણે ધંધાર્થી લેખક બનવાની આશા છોડી દીધી હતી, ત્યાં જ ચોથી નવલકથા 'ટોર્ટીલ્લા ફ્લેટ' ૧૯૩૫ માં પ્રગટ થઇ, જેની ઉપરાઉપર આઠ આવૃત્તિઓ થવા પામી અને એના ચલચિત્રના હકકો પણ વેચાયા. સ્ટાઇનબેકને જિંદગીમાં પહેલી જ વાર વધુ નહિ તો એક વર્ષ માટે આર્થિક ઉપાધિમાંથી રાહત મળી. આ સફળતાએ તેને સારી પ્રસિદ્ધિ પણ આપી અને પાંચમી નવલકથા 'ઇન ડયુબીઅસ બેટલ' પણ સફળ પ્રકાશન બન્યું.

કેટલાક વિવેચકોએ આ કથાને ઉત્તમ ગણી, ત્યારે ઉદ્દામવાદીઓને કથામાં ચીતરાયેલું ઉદ્દામ નેતૃત્વ ન ગમ્યું, જ્યારે કેટલાક પ્રત્યાઘાતીઓને હડતાલનાં વર્ણનો ખૂચ્યાં. પણ કેલિફોર્નિયાની કોમનવેલ્થ કલબે તો એ કથાને કેલીફોર્નિયન લેખકોની વર્ષ દરમ્યાનની કૃતિઓમાંની સર્વોત્તમ ગણીને સ્ટાઇનબેકને સુવર્ણચન્દ્રક અર્પીને અભિવાદન કર્યું.

બહારની દુનિયામાં સ્ટાઇનબેકનો ડંકો વગાડનાર નવલકથા તો 'ઓફ માઇસ એન્ડ મેન' ૧૯૩૭ માં આવી. કેલિફો-

ર્નિયાના એક નાનકડા ખેતરમાં બે ભાઈબંધો જ્યોર્જ અને લેનીની એમાં વાત છે. ખેતરમાં મજૂર તરીકે કામ કરી, પાંચ પૈસા રળીને પછી વતન પાછા ફરી, પોતાનું ખેતર વસાવવાનાં એમને સ્વપ્નાં આવે છે. પણ લેનીને નાનકડાં કોમળ પ્રાણીઓ પાળવાનું અને રમાડવાનું એવું તો ખતરનાક વ્યસન છે, કે સસલાં ઉંદરડાં સાથે પ્રેમ કરતાં કરતાં એની ડોક મરડીને મારી નાખે ત્યારે જ એ જંપે. આવો જ ઉગ્ર પ્રેમ એ એના માલિકની યુવાન પત્ની સાથે કરે છે અને એ બનાવ બન્ને ભાઈબંધોનાં સ્વપ્નાંને ધૂળમાં રગદોળનાર બને છે.

આ નવલકથામાં રહેલું જોરદાર નાટ્યતત્ત્વ તથા નાટક માટે અનિવાર્ય એવી એકસૂત્રતાથી આકર્ષાઈને ૧૯૩૮ માં સ્ટાઈનબેકે એને નાટકમાં ફેરવી અને બ્રોડવેના પ્રેક્ષકોને ગાંડા કર્યાં. ૧૯૪૦ ની શરૂઆતમાં એનું ચલચિત્ર પણ બહાર આવ્યું, જેમાં બર્ગેસ મેરીડીથ અને લોન ચેની મુખ્ય પાત્રોની ભૂમિકા રજૂ કરે છે. ચલચિત્રમાં ઝડપી ક્રિયાત-ત્વને લીધે છેવટની નાટકી પરાકોટિ તો મૂળ નવલકથાને ય ટપી જાય એટલી જોરદાર અને સ્પર્શક્ષમ બની છે.

સ્ટાઈનબેકને સામાન્યતઃ 'રાક્ષસી ઊંચાઈવાળો અને સુંવાળા વાળવાળો' વર્ણવાય છે. મોન્ટરે અખાતના કાંઠાળ પ્રદેશનો એ માનવી છે. ભૌતિકશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન અને પ્રાણી શાસ્ત્ર ઉપરનાં પુસ્તકો એને વાંચવાં ગમે છે. વાર્તાસાહિત્ય એ બહુ ઓછું વાંચે છે—જોકે, થેકરે એનો પ્રિય લેખક છે. ઈ. ૧૯૩૦ માં કેલિફોર્નિયાના સાન જોના કેરોલ હેનીંગ સાથે એનું લગ્ન થયું અને લગ્ન પછી 'ટોર્ટીલા ફ્લેટ'ની

કથાની કર્મભૂમિ મોન્ટરેમાં દમ્પતી થોડો સમય રહ્યાં. ત્યાં તેમણે પોતાની એક લોન્ચ વસાવી અને ઘણોખરો સમય દરિયાઇ સફરોમાં તેમ જ માછલીઓ ભેગી કરવામાં ગાળતાં. આ ધંધો તેમને બહુ જ મદદરૂપ બન્યો, કારણ કે એ સમયે તેઓ મહિને પચ્ચીશ ડોલર ઉપર દહાડા ગુજારતાં. ૧૯૪૨ માં તેમણે છૂટાછેડા લીધા ત્યારે તેમને કાંઇ સંતાન નહોતું.

આમ તો સ્ટાઇનબેક વિશે બહુ ઓછું જાણવા મળી શકે છે. પોતે અત્યંત શરમાળ પ્રકૃતિ ધરાવે છે. જાહેરમાં આવવાનો લગીરે અભખરો નથી અને પોતાના ખેતરનું શાન્ત સાદું જીવન જ પસંદ કરે છે. 'ગ્રેઇપ્સ ઓફ રોથ'ને પુલીઝર પારિતોષક અર્પણ થયું અને એનું ચલચિત્ર ઊતર્યું, ત્યારે ભલભલા વિવેચકોને પણ તેણે મુલાકાત આપવાની ના પાડેલી. હોલીવૂડ પ્રત્યે પણ એને ન્યુયોર્ક જેટલો જ અણગમો છે. જાહેર ખાણાંઓ પણ એને નથી ગમતાં અને જાહેર ભાષણો ટાળે છે. પોતાનો ફોટોગ્રાફ લેવાય એ પ્રત્યે એને ચીડ છે. એક સમય એવો હતો, જ્યારે પોતે સામાન્ય હાડિયા તરીકે ખેતરમાં મજૂરી કરતો. આજે રોયલ્ટીના પૈસાની ટંકશાળ પડે છે. છતાં અમનચમન માણવાનો એને સમય તેમ જ સ્પૃહા નથી જ.

નાઝીઓ સ્ટાઇનબેકને યહૂદી ગણે છે. 'એસોસીએટેડ ફાર્મર્સ' એને અગમ્યવાદી ધારે છે. વસ્તુતઃ એની પાસે આવા કોઇ બંધિયાર વાદ કે પંથ જેવી વિચારસરણી જ નથી.

પ્યુરિટન પંથનો એ કટ્ટર વિરોધી છે, છતાં એ વિધર્મી પણ નથી. તેના વિચારોનો ઝોક અગમ્યવાદ તરફ લાગે છે.

સ્ટાઇનબેકની સાહિત્યકૃતિઓનું આગળ પડતું લક્ષણ

એમાં રહેલું વૈવિધ્ય અને બહુશ્રુતપણું છે. તેની પહેલી નવલકથામાં રંગદર્શી ઇતિહાસ છે, તો 'ટોર્ટીલા ફ્લૅટ'માં આનંદની છોળો ઊડે છે. 'ધ લોંગ વેલી'માં મનોવ્યાપારોનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે, ત્યારે 'ઇન ડયુબીઅસ બેટલ'માં સમાજશાસ્ત્રીય અભ્યાસ છે.

'ગ્રેઇપ્સ ઓફ રૅાથ'ને પુલીઝર પારિતોષક અર્પતી વેળા ઘણા વિવેચકોએ એને છેલ્લા દશ વર્ષ દરમ્યાનની સર્વોત્તમ કથા કહી હતી. ૧૯૪૦ ના મે સુધીમાં એની ચાર લાખ ને પચ્ચાસ હજાર નકલો છપાઇ ગઇ હતી. આ કથામાં રહેલું સામાજિક વસ્તુ બહુ સ્પર્શક્ષમ છે. ગરીબીમાં પિલાઇને ભૂખે મરતા થયેલા ડસ્ટ બૉલ પ્રદેશના લોકોનો સામટો સંઘ કેલિફોર્નિયામાં રોજી કમાવાની આશાએ હિજરત કરે છે. આ સંઘમાં 'ઓકી' તરીકે ઓળખાતું જૉડ કરીને એક નમૂનેદાર કુટુમ્બ છે. વિશાળ હૃદયના અને હિમ્મતબાજ 'મા,' જે આખા કુટુમ્બને એક પ્રેમગાંઠે ગંઠી રાખે છે, જેલમાંથી પેરોલ ઉપર છૂટીને આવેલો પુત્ર 'ટોમ,' 'અલ' 'ગ્રમ્પા' અને 'રોશરાન'ને લઇને આ આખો કાફલો એક જૂને મારગે આગળ વધે છે. કુટુમ્બના બે માણસો તો રસ્તામાં જ મૃત્યુ પામે છે. રસ્તે અહીંતહીં ડેરા નાખતું કુટુમ્બ આગળ વધે છે. છેવટે તેઓ કેલિફોર્નિયા પહોંચે છે અને સરકારી છાવણીમાં ધામા નાખે છે. પણ પછી શેરીફો અને મજૂર કન્ટ્રાકટરો એમને હડધૂત કરે છે. ટોમના એક મિત્રને એક માણસે મારી નાખવાથી ટોમ એનું ખૂન કરે છે, અને છેવટે ભોંયભીતર જવું પડે છે. રોસાશાર્નને મરેલું બાળક અવતરે છે, પણ માને હજી આશાભંગ નથી થતો.

'ગ્રેપ્સિસ ઑફ રૅાથ' એ સામ્પ્રત અમેરીકન જીવનની તાદશ્ય કથા છે. ખેડૂતોના રખડપાટી જીવનની યાતનાઓનું એમાં બ્યાન છે. 'જોડ કુટુમ્બનું' આલેખન કરીને સ્ટાઇનબેકે તળપદા લોકજીવનના મર્મને સ્પર્શ કર્યો છે. આનું વર્ણન જોમભર્યું રંગદર્શી અને નાટકી છે. જોકે, છેવટના ભાગમાં કથા કૃત્રિમ રીતે નાટકી બની જાય છે, છતાં એમાંનાં પાત્રોની બોલી તો સર્વાંશે તળપદી અને સત્યનિષ્ઠ જ છે. નજીવા નાના નાના પ્રસંગોમાં પણ લેખકે ચીવટથી ઘેરા રંગ પૂરી બતાવ્યા છે. એ પ્રચારલક્ષી નવલકથા નથી, પણ હળાહળ અન્યાયો સામે પણ ટકી રહેતા માનવગૌરવની નિઃસહાય રોષની કરુણ પર્યવસાયી કથા છે.

'ગ્રેપ્સ ઑફ રૅાથ'નું ઉતારવામાં આવેલું ચલચિત્ર તો સર્વોચ્ચ દિગ્દર્શન, અદાકારી તેમ જ ફોટોગ્રાફીનો ત્રિવેણીસંગમ છે. કથાના છેવટનાં થોડાંક દૃશ્યો ચિત્રમાં છોડી દેવામાં આવ્યાં છે. પણ એ કાંઇ બહુ મહત્વનાં નહોતાં. જોડ છેવટે છાવણી-માંથી નાસી છૂટે છે અને ચિત્ર પૂરું થાય છે. મૂળ કથાની કેટલીક વસ્તુઓને ચિત્રમાં જો કે મઠારવામાં આવી છે, છતાં મૂળ કથાની સંવેદના ચિત્રમાં તલભાર પણ ઓછી નથી થતી, એ હકીકત હોલીવૂડના ઉત્પાદકોની યશકલગી છે.

સ્ટાઇનબેકની કલામાં કેટલીક દેખીતી મર્યાદાઓ પણ છે. કથાઓનું માળખું ગોઠવવામાં એને બહુ ફાવટ નથી. સંકલના બહુ જ નબળી હોય છે. ઘણુંખરું તો એ કેટલાક લોકપ્રિય નીવડેલા ગુજરાતી કથાકારોની જેમ સિનેમાને નજર સામે રાખીને જ લખે છે. 'ઑફ માઇસ ઍન્ડ મેન' નું ગુંફન

એવી તો સિફતથી કરેલું કે એ સેટ ઉપર જ આખું ચિત્ર ઉતારી શકાય.

શૈલીમાં પણ વધારે પડતું સભાનપણું દેખાઇ આવે છે. વસ્તુની માવજત કરવામાં એ જાણે કે કોઇ યાંત્રિક બનાવટોનો આશરો લ્યે છે. ભારેખમ વસ્તુની હળવી માવજત એ જેમ સ્ટાઇનબેકનું આગવું લક્ષણ ગણાય છે, તેમ એ એની એક મર્યાદા કહો તો મર્યાદા અને ક્ષતિ કહો તો ક્ષતિ પણ ગણી શકાય; કારણ કે, એ સાહસનાં ભયસ્થાનો પણ ઓછાં નથી. ઘણી વખત એ પાત્રોને ઓઠે પોતાના વિચારો જણાવવા જતાં પાત્રાલેખનનો વાસ્તવદોર ચૂકી જાય છે *

માનવજીવન અંગે એને કેટલાંક સુંદર સનાતન સત્યો લાધ્યાં છે એની ના ન કહી શકીએ, પણ એ બધાંને માનવપાત્રોમાં મૂર્ત કરવામાં એ સફળ નથી થતો. 'ઇન ડ્યુબીઅસ બેટલ' જેવી યુગની મહાકથામાં માનવજીવનની સમજ અને સમસંવેદન અચ્છી રીતે રજૂ થયાં હોવા છતાં એમાંનાં પાત્રો હાડચામનાં નથી બની શક્યાં. કોડીબંધ કથાઓ લખ્યા પછી પણ આ બાબતમાં તો સ્ટાઇનબેક છેક શિખાઉ જેવો જ લાગે છે.

'ધ મૂન ઇઝ ડાઉન' એ નોર્વે ઉપરના નાઝી આક્રમણની કથા છે. એ કથા પ્રગટ થઇ ત્યારે વાંચકવર્ગમાં કૃતિની ગુણ-

---

*Steinbeck's perspective on human life always gives him a sense of process, and understanding of the circuits through which the human animal can move; but he cannot suggest the density of human life; for, his characters are not fully human. Alfred Kazin.

વસ્તા વિશે ઉગ્ર મતભેદ ઊભો થયો હતો. ઘણા વિવેચકોને એ કથામાંના નાઝી જુલમોનું ચિત્રણ સાવ મોળું અને અડુઅડ્ડ તો મધ્યમઅર લાગ્યું હતું. 'પર્લ હાર્બર' પછી પ્રગટ થયેલી આ કથામાંના નાઝીઓને પૂરતા પ્રમાણમાં રાક્ષસ નહિ ચીતરવા બદલ ઘણા વાંચકોને ખોટું લાગેલું. પણ કૃતિનું મૂલ્યાંકન કરવા માટે આવા ગજમાપ ઉપર ભાગ્યે જ ભરોસો મૂકી શકાય. સાચી વાત તો એ છે કે 'ઓફ માઇસ એન્ડ મેન'ની જેમ આ કથામાં પણ સ્ટાઇનબેકે માનવપાત્રોના ઓઠા તળે વમળમાં રહેલા અંતરતમ 'પશુ'નું જ રૂપક દોર્યું છે. આ પાશવી માનવ એ આ અમેરીકન કલાકારનો પ્રિય વિષય છે એમ કહી શકાય. નાનપણમાં પ્રાણીશાસ્ત્રનું ભણતર ભણીને એ જ્ઞાનસંચય મોટી ઉમ્મરે, માનવીમાં ખૂણેખાંચરે છુપાયેલા પશુઓનો અભ્યાસ કરવામાં વાપરે છે. નાઝીઓ પ્રત્યે ઘૃણા ઉત્પન્ન કરાવવાનો એનો હેતુ જ નથી. કથામાંના મેયરમાં આરોપાયેલ માનવજીવનનું સનાતન ગૌરવ, જે ગમે તેવા પાશવી હુમલાઓ સામે પણ અજેય્ય છે એનું યથાર્થ દર્શન એ જ કથાનો સારમર્મ છે. 'શશી જતાં' એ અજેય માનવોના જીવનસંગ્રામનું એક રૂપક—તારક ગણી શકાય.

આ કથા પ્રગટ થઇ ત્યારે હિન્દનું રાજકારણીય વાતાવરણ કથામાં આલેખાયેલ નોર્વેજિયન વાતાવરણ જેટલું જ નિઃસહાય, રોષથી ધૂંધવાતું હતું. 'ચાલ્યા જાવ !'ના હાકલ પડકાર શમી ગયા પછી મૂંગે મોંએ પણ ઠંડી તાકાતથી સરકારી દમનના કોરડાઓ ઝીલી રહેલ લોકોને આ કથામાં સમદુઃખી પાત્રોનાં દર્શન થયેલાં. ત્રણ ત્રણ મહિનાની અજોડ હડતાલ પછી એક વહેલી સવારે અમદાવાદની મીલોએ લાચાર બનીને ચીમનીઓ

પેટવી એ દૃશ્ય જેમણે જોયું હશે એમને આ કથામાંના હડતા-લિયા ખાણિયાઓ જરૂર સમભાવ પ્રેરશે.

યુદ્ધના પ્રાસંગિક વસ્તુ ઉપર મંડાયેલી બીજી કથાઓથી આ કથા જુદી પડે છે એનું કારણ એ છે કે આજે સરતા થઇ પડેલ એકપક્ષી પ્રચારતન્ત્રથી આ કૃતિ બહુધા દૂર રહી શકી છે. નાઝીઓને પણ સ્ટાઇનબેક અમાનુષી કે રાક્ષસો ચીતરવાને બદલે સામાન્ય, શ્વસી રહેલ માનવો જ ચીતર્યા છે. તેઓ પણ અનુકમ્પા, સંવેદન, સહાનુભૂતિ પ્રેમ વગેરેના હૃદય-ધબકાર અનુભવે છે. રેસ્ટોરાંમાં પોતાના પગલાં થતાં જ હડડડડ કરતું આખું રેસ્ટોરું ખાલીખમ્મ બની જતાં નાઝી અમલદાર કેવો ખસિયાણો બનીને અકળાઇ ઊઠે છે. એ રમૂજી દૃશ્ય તો આ કથા કરતાં ચલચિત્રમાં વધારે ચોટદાર બન્યું છે. નાઝિઓ પણ માનવ છે. તેઓ પણ માનવસોબત માટે તલખે છે. આ પરાઇ ભોમકા ઉપર બે ઘડી કોઇ પાસે જીવ ઠાલવવા ઝંખે છે. લેફ્ટનન્ટ ટોંડર તેની આંખમાં વસેલી મોલી પાસે યાચે છે: 'મારે તારી સાથે માત્ર વાત જ કરવી છે. થોડી ક્ષણો માટે પણ આપણે આ યુધ્ધને વિસારે પાડી ન શકીએ?'

મેયર ઓર્ડનનું પાત્ર તો કોઇ પણ દેશના આઝાદી-પરસ્ત આત્માનું મૂર્તિમંત રૂપક કહી શકાય. એ નોર્વેનો મેયર મટીને, 'આઝાદ માનવીઓ હરહમેશ અજેય્ય છે,' એવી ભાવના બની રહે છે. લાન્સર સાથેના વાર્તાલાપોમાં મેયરનાં ટૂંકા ને ટચ પણ સામા માણસને સળગાવી મૂકનાર મૌક્તિકો તો ગાંધીજી કે જવાહરલાલનાં ભાષણોની યાદ આપે એવાં છે. પોતાનો સુવર્ણચન્દ્રક હાથમાં રમાડતાં રમાડતાં એ કહે છે.

"Free men cannot start a war, but once it is started, they fight. It is always the herd men who win battles and the free men who win wars".

ગત મહાયુદ્ધ વખતે લોઇડ જ્યોર્જે 'લડાઇ' અને યુદ્ધ વચ્ચે બતાવેલો આવો સૂક્ષ્મ તફાવત વર્ણવીને મેયર ગેલા જાણીતા સ્વાતંત્ર્યગાનની પંક્તિઓનું જ પુનરટણ નથી કરતા લાગતા ?

Battle of freedom when once begun,
Though oft vanquished, is ever won.

છેલ્લે છેલ્લે જ્યારે મેયરની ધરપકડના સમાચાર સાંભળીને તેની પત્ની સ્ત્રીસહજ ગભરાટ અને આશંકાથી પતિને પૂછે છે, કે આ બધી ધાંધલ શી છે, મેયરની ધરપકડ થઈ શકે ? ત્યારે મેયર પોતાની લાક્ષણિક મર્મવાહી વાણીમાં દ્વિઅર્થી ઉત્તર આપે છે:

'No, they can't arrest the mayor. The mayor is an idea conceived by free men. It will escape arrest'.

કથાનો અંત વાંચ્યા પછી જ સમજાય છે કે મેયરના આ કથનમાં માત્ર ગૂઢાર્થ જ નહિ, પણ છેલ્લાં વાક્યમાં પયગમ્બરી આર્ષદર્શન પણ હતું.

માટુંગા,
ફેબ્રુઆરી '૪૫

ચુનીલાલ મડિયા

પ્રકરણ પહેલું

પોણા અગિયાર વાગ્યામાં તો બધું પતીયે ગયું. શહેરનો કબજો લેવાઇ ગયો, રક્ષકો હારી ગયા અને લડાઇ ખતમ થઈ ગઈ. મોટા સંગ્રામોની જેમ આની તૈયારી પણ ચઢાયકોએ ખૂબ ખંતથી કરી હતી. આ રવિવારે શહેરના ટપાલી અને પોલીસ જાણીતા દુકાનદાર મિ. કૉરેલની હોડીમાં મચ્છી પકડવા ઉપડી ગયા હતા. તેણે પોતાની નાજુક નાવ આખા દિવસને સારુ એ લોકને આપી હતી, અને દરિયામાં ઘણે દૂર નીકળી ગયા ત્યારે જ તેમણે લશ્કરી સિપાહીઓથી ભરેલા નાના વહાણને શાન્તિથી પસાર થતું જોયું. ગામના જવાબદાર અફસરો તરીકે એની ખબર લેવાનું કામ તેમનું હતું અને તેઓ તરત પાછા ફર્યા પણ બંદર પર પહોંચ્યા ત્યાં સુધીમાં તો પેલી ટુકડીએ કબજો લઈ લીધો હતો. ટપાલી અને પોલીસ ચોરા[1]ની પોતાની કચેરી સુધી પણ જઇ ન શક્યા ને પોતાનો હક્ક સાબિત કરવા ગયા કે તેમને ગિરફતાર કરવામાં ને ગામની જેલમાં પૂરવામાં આવ્યા.

---

૧. ટાઉનહૉલ.

ગામનું રક્ષકદળ—બારે ય જણનું—પણ આ રવિવારે બહાર ગયું હતું, કેમકે પેલા પ્રખ્યાત દુકાનદાર મિ. કૉરેલે, શહેરથી ત્રણેક કોસ દૂર પોતાની સુન્દર વાડીમાં ઉજાણીની ગોઠવણ કરી હતી ને નિશાનબાજી સારૂ કારતૂસો ને ઇનામો રાખ્યાં હતાં. રક્ષકદળે દૂરથી વિમાનના અવાજો સાંભળ્યા, છત્રીધરો[1]ને ઉતરતા જોયા ને પૂર ઝડપે દોડતા તે પાછા ફર્યા. પણ ગામને પાદર પહોંચ્યા ત્યારે ચઢાયકોએ રસ્તાની બાજુ પર યાંત્રિક બંદૂકો[2] ગોઠવી દીધી હતી. ગામના એ જવાંમર્દોને લઢાઇનો થોડો જ અનુભવ હતો, અને પરાજયનો લગીરે નહોતો, એટલે તેમણે તો પોતાની બંદૂકો છોડી. યાંત્રિક બંદૂકનો કડ્ડ્ડ્ કડ્ડ્ડ્ અવાજ આવ્યો ને છ જણા તો ગોળીથી આરપાર વીંધાઇ ગયા, ત્રણ અધમૂવા થઇ પડ્યા ને બાકીના ત્રણેય બંદૂક લઇ ટેકરીઓમાં નાસી ગયા.

સાડા દસે બૅંડ ગામના ચોકમાં સુન્દર ને સુંવાળું સંગીત વગાડવા લાગ્યું હતું, અને પુરજનો આશ્ચર્યચકિત બની એ સંગીત સાંભળતા હતા અને નાની યાંત્રિક બંદૂક[3]ધારી ભૂખરી હેલ્મેટ[4]વાળા સૈનિકો તરફ જોઇ રહ્યા હતા. સાડા દસ ઉપર આઠ મિનિટે તો છયે મરેલા રક્ષકોનું દફન થઇ ચૂક્યું હતું, છત્રીઓ સંકેલાઇ ગઇ હતી અને ટુકડીઓએ બંદર પાસેના મિ. કૉરેલના ભંડારમાં પોતાનો અડ્ડો જમાવ્યો હતો. તેમના માટે ખાટલાઓ અને અભરાઇઓ પર ધાબળા તૈયાર હતા.

---

૧. પૅરેશુટધારીઓ. ૨. મશીનગન. ૩. સબમશીનગન, ૪. માથાના રક્ષણ માટેની પતરાંની ટોપી.

પ્રકરણ પહેલું

પોણા અગિયારે બુઝુર્ગ મેયર[1] ઑર્ડન પાસે શિષ્ટાચાર પૂરતી એક વિનંતી પહોંચી કે તેમણે લઢાયકોના કર્નલ લૅન્સરને મુલાકાત આપવી. મુલાકાતનો વખત બરાબર અગિયારનો હતો અને સ્થળ તેની પાંચ ખંડની હવેલી.

હવેલીનું દીવાનખાનું ઘણું આસાનીભર્યું હતું. સોનેરી રંગવાળી ખુરસીઓ જૂનાં કારીગીરીનાં વસ્ત્રોથી ઢંકાએલી હતી અને વધારે પડતા નોકરો કશા ખાસ કામ વગર અક્કડ ઊભા હોય તેમ એ ગોઠવાએલી હતી. કમાનઆકારી આરસના એક અગ્નિસ્થાનમાં જ્વાલા વિનાનો લાલ અંગાર જળી રહ્યો હતો અને તેની નજીક હાથથી ચીતરેલો કોલસા નાખવાનો પાવડો પડયો હતો. તેની ઉપરની છત પર સ્થૂલ ફૂલદાની હતી અને વચ્ચે એક મોટું ચિત્રામણવાળું કાચનું ઘડિયાળ હતું. દીવાલ-પરનો રંગ છેક લાલ હતો અને વચ્ચે વચ્ચે સોનેરી આકૃતિઓ હતી અને લાકડાં પરનો સફેદ રંગ ઘણો સ્વચ્છ અને સુન્દર દીસતો હતો. ટાંગેલાં ચિત્રો વિશાળ ભયગ્રસ્ત બાળકો અને કૂતરાઓનાં હેરતકર પરાક્રમો દાખવતાં હતાં. જ્યાં લગી ડાઘિયા હોય ત્યાં લગી આગ, પૂર કે ધરતીકંપ બાળકોને કેમ કંપાવી શકે?

અગ્નિસ્થાનની નજીક ડૉ. વિંટર બેઠા હતા. સરલ, ઉદાર અને મોટી દાઢીવાળા, ગામના ચિકિત્સક અને ઇતિહાસ-વેત્તા ખોળામાં અંગૂઠા ઉપરનીચે કરતા તે બધું જોઇ રહ્યા

૧. નગરપતિ.

હતા. તેમની સરળતા એવા પ્રકારની હતી કે કોઈ પ્રશાન્ત વ્યક્તિ જ તેમની અગાધતા પિછાની શકે. તેમણે મેયરના પરિચારક જોસફ સામે જોયું, પોતાના ફરતા અંગૂઠાની ઘટના પર તેનું ધ્યાન ખેંચાયું હતું કે નહિ તે જાણવા.

"અગિયાર વાગ્યા!" ડૉ. વિંટરે પૂછ્યું.

જોસફે વિચારમાં જ જવાબ આપ્યો, "જી, હા. ચિઠ્ઠીમાં અગિયાર હતા."

"તેં ચિઠ્ઠી વાંચી હતી?"

"જી, ના. નામદારે વાંચી સંભળાવી હતી."

અને જોસફ દરેક ખુરસીને ચકાસવા લાગ્યો, તેની જગાએથી ખસેડાઈ નથીને એ જોવા. જોસફ ઘણુંખરું ફરનિચર સામે એવી દ્રષ્ટિથી જોતો જાણે કે તે ઉદ્ધત, તોફાની કે રજોમય હોય. જે દુનિયામાં મેયર ઓર્ડન લોકનાયક હતા ત્યાં જોસફ ફરનિચર અને વાસણોનો નાયક હતો. તે મોટી ઉમ્મરનો, પાતળો સરખો અને ગંભીર હતો અને એનું જીવન એટલું જટિલ હતું કે કોઈ પ્રશાન્ત વ્યક્તિ જ તેની સાદાઈ સમજી શકે. તેને ડૉ. વિંટરના ઉપર નીચે ફરતાં અંગૂઠામાં કંઈ નવાઈ ન લાગી. તેને તો તેથી ચીડ ચઢી. તેને વહેમ હતો કે કશોક મહત્ત્વનો બનાવ બની રહ્યો છે; નહિ તો આ પરદેશી સિપાઈઓ શું ને ગામના રક્ષકો મરાય શા સારુ? આ પ્રશ્નોના ઉત્તર તેને મળવા જ જોઈએ, પણ પૂરી ગંભીરતાથી. અંગૂઠા આમળવાથી શું વળે? ફરનિચરે સુસ્થિત

રહેવું જ જોઇએ. ડૉ. વિંટરે પોતાની ખુરસી તેના નિયત સ્થાનથી થોડી તસુ ખસેડી પણ જોસફ તો ઊકંઠાથી રાહ જોતો હતો કે કયારે તેને સ્વસ્થાને ગોઠવી દે.

ડૉ. વિંટરે ફરી કહ્યું, "અગિયાર તો વાગવા આવ્યા અને એઓ અહીં હમણાં આવી લાગશે. કાળના તીવ્ર ભાનવાળી એ પ્રજા છે, જોસફ."

અને સાંભળ્યું ન હોય તેમ જોસફ બબડયો, "જી, હા."

"સમયના સખ્ત ભાનવાળા લોક" ડૉકટરે પાછું ઉચ્ચાર્યું.

"જી, હા."

"કાળ અને યંત્રો." ડૉકટરે આસ્તેથી ઉમેર્યું.

"જી, હા."

"વિધિ જાણે રાહ ન જોનાર હોય એમ એ લોકો ધસ્યે જાય છે. ઝૂકતી દુનિયાને પોતાના ધક્કાથી વધારે ઝુકાવે છે."

અને જોસફે કહ્યું, "સાચું છે સાહેબ" કેમકે જી, હા કહી કહી એ થાકી ગયો હતો.

જોસફને આ જાતની વાતચીત પસંદ ન હતી કેમકે કોઇપણ વિષય વિશે તેનો મત પ્રકટ કરવાનો અવસર તેને મળતો નહતો. આગળ ઉપર જોસફ જો પાકશાસ્ત્રીને કહે કે "કાળભાનવાળા લોકો, હો, એની" તો એનો કંઇ અર્થ ન થાય. એની સામું પૂછે કે "કોણ?" ને "શા માટે?" ને છેવટે "આવું વાહિયાત કયાંથી લાવ્યો જોસફ?" જોસફે પહેલાં પણ ડૉ. વિંટરના મત દાદર નીચેની આલમ પર અજમાવ્યા હતા અને દરેક વખતે

એમ જ થતું. એનીને એ વાહિયાત લાગતા.

ડૉ. વિંટરે અંગૂઠા પરથી ઊંચું જોયું અને જોસફને, ખુરસીઓ વ્યવસ્થિત કરતો જોયો. "મેયર સાહેબ શું કરે છે?" તેણે પૂછ્યું.

"જી, કર્નલ સાહેબને સત્કારવા પોશાક પહેરે છે."

"અને તું તહેનાતમાં નથી? એકલા તો દેખાવ બગાડી મૂકશે."

"બાઇસાહેબ તેમને મદદ કરે છે, અને સારા બેશ દેખાય એમ ઇચ્છે છે," અને જરા શરમાઇ ને જોસફે ઉમેર્યું, "બાઇ-સાહેબ તેમના કાનના વાળ કાપે છે. તેમને ગલીપચી થાય છે અને મને અડવા નહોતા દેતા."

"ગલીપચી તો થાય જ" ડૉ. વિંટરે કહ્યું.

"પણ બાઇસાહેબનો આગ્રહ છે." જોસફે ભાર મૂકયો.

અને ડૉ. વિંટરે ઓચિંતું હસી દીધું. ઊભા થઇને અગ્નિ આગળ હાથ ધર્યા અને જોસફે ચપળતાથી પહોંચી જઈ ખુર-સીને તેના નિયત સ્થળે મૂકી દીધી.

"આપણે એવા ચમત્કારી લોક છીએ" ડૉકટરે કહ્યું "આપણો દેશ હારે છે, આપણું ગામ કબજે થયું છે, વિજેતા ને મેયર હમણાં મળનાર છે ત્યારે બાઇસાહેબ વિરોધ કરતા મેયરને ગરદનથી પકડી તેના કાનના વાળ કાપે છે!"

"પણ ઝુંડ મોટું થતું ને ભમ્મર સુદ્ધાં. અને નામદારને ભમ્મરના વાળ જવાનું વધારે લાગી આવે છે. લાગે છે એમ

કહે છે, અને બાઇસાહેબ કાપી શકશે કે નહિ તે કોણ જાણે."

"પ્રયત્ન તો જરૂર કરશે." ડૉ. વિંટરે કહ્યું.

"જી, સારા એશ દેખાય એવી એમની ઇચ્છા છે ને."

દરવાજા પરના કાચમાંથી એક હેલ્મેટધારી મસ્તકે અંદર જોયું અને દરવાજા પર ટકોરા સંભળાયા. એ પળે એમ લાગ્યું કે જાણે જ્યોતિની ઉષ્મા એ ખંડમાંથી ઓસરી ગઈ અને થોડી થંડી ભુખરાઇ ત્યાં વ્યાપી ગઇ.

ડૉ. વિંટરે ઘડિયાળ તરફ જોયું "એ વહેલા આવ્યા લાગે છે. અંદર આવવા દે, જોસફ."

જોસફે દરવાજો ખોલ્યો. લાંબા ડગલાવાળો એક સૈનિક દાખલ થયો. તેણે હેલ્મેટ પહેર્યો હતી અને તેના હાથમાં નાની યાંત્રિકબંદૂક હતી. જલદી આજુબાજુ જોઇ તે એક તરફ ખસી ગયો અને તેની પાછળ એક અફસર દ્વારમાં દેખાયો. તેનો પોશાક સામાન્ય હતો અને તેનો હોદ્દો તેના ખભા પર દેખાતો હતો.

અફસર અંદર આવ્યો અને ડૉ. વિંટરને જોઇ રહ્યો. તે એક અંગ્રેજ ગૃહસ્થના કટાક્ષચિત્ર જેવો લાગતો હતો. જરા સ્થૂલ, લાલ મોં અને લાંબું નાક, પણ જરા ગમે તેવું. તેના લશ્કરી પોશાકમાં તેને ચેન પડતું લાગતું ન હતું, ઘણાખરા બ્રિટિશ અફસરોની માફક. દરવાજામાં ઊભાં ઊભાં તેણે ડૉ. વિંટર સામે તાકયા કર્યું ને પૂછ્યું, "આપ મેયર ઑર્ડન?"

ડૉ. વિંટરે હસીને કહ્યું, "ના ના, હું નહિ."

"ત્યારે આપ કોઈ અમલદાર છો ?"

"ના હું તો ગામનો દાકતર છું ને મેયરનો મિત્ર છું."

"ત્યારે મેયર કયાં છે ?" અફસરે પૂછયું.

"તમારા આદરની તૈયારી કરે છે. તમે જ કર્નલ ને ?"

"ના, સાહેબ, હું કેપ્ટન બૅંટિક છું." તેણે નમન કર્યું અને ડૉ. વિંટરે તેને સામું નમન કર્યું, અને પછી જાણે કહેતાં મૂંઝવણ થતી હોય એમ તેણે ઉમેર્યું, "અમારા લશ્કરી નિયમો પ્રમાણે સરદાર સાહેબ આવે તે પહેલાં અહીં કંઈ શસ્ત્રો છે કે નહિ તેની અમારે તપાસ કરવી જોઈએ. કંઈ અવમાન ના સમજશો જી" અને પાછા ફરી તેણે બૂમ મારી "સાર્જંટ."

સાર્જંટ જોસફ પાસે તરત ગયો અને તેનાં ખિસ્સાં વગેરે બધું જોઈ ગયો. "કંઈ નથી, સાહેબ."

કેપ્ટન બૅંટિકે ડૉ. વિંટરને કહ્યું, "માફ કરશો" અને સાર્જંટે ડૉકટરનાં ખિસ્સાંને ટપારી જોયાં, ડગલાનાં અંદરનાં ખિસ્સાં આગળ તેના હાથ અટકયા. તેણે જલદી અંદર હાથ નાખ્યો અને એક ચામડાનું સપાટ કાળું ખોખું બહાર કાઢી કેપ્ટન બૅંટિકને આપ્યું. તેણે તે ઉઘાડયું પણ અંદર તો વાઢકાપ માટેનાં થોડાં અસ્ત્ર જ હતાં. તેણે ખોખું બંધ કરીને ડૉકટરને પાછું આપ્યું.

ડૉ. વિંટરે કહ્યું, "હું તો ગામડાનો દાકતર રહ્યો: મારે એક વાર સાદા ચપ્પુથી વાઢકાપ કરવી પડી હતી, એટલે

ત્યારપછી આ હંમેશાં સાથે જ ફેરવું છું."

કેપ્ટન ઍંટિકે પૂછ્યું, "અહીં કંઇ બંદૂકો હશે કે?" અને ખિસ્સામાંથી એક ચામડાની ચોપડી કાઢી અંદર જોયું.

ડૉ. વિંટરે કહ્યું, "તમે બધી વિગતો પર ધ્યાન આપો છો."

"હા. અમારો અહીંનો આદમી થોડા વખતથી કામ કરતો આવ્યો છે."

ડૉ. વિંટરે પૂછ્યું, "તેનું નામ તો તમારાથી ન કહેવાય ખરું?"

"તેનું કામ તો હવે ખતમ થયું છે. હું નથી ધારતો એ કહેવામાં કંઇ વાંધો હોય. તેનું નામ કૉરેલ."

અને આશ્ચર્યચકિત થઇ ડૉકટરે પૂછ્યું, "જ્યોર્જ કૉરેલ? એ તો બને જ કેમ? આ ગામ માટે તો તેણે કેટલું કર્યું છે! અરે આજે સવારે જ ડુંગરાઓમાં ગોળીબારની હરીફાઇ માટે તેણે ઇનામો આપ્યાં હતાં." અને એ ઉચ્ચારતાં જ તેને કંઈ નવી સમજ પડતી હોય તેમ તેની આંખ ફરી અને હોઠ દબાવી તેણે ઉમેર્યું, "સમજ્યો એટલા માટે તેણે ગોળીબારની હરીફાઇ અહીંથી દૂર ગોઠવી હતી. બરાબર સમજ્યો. પણ જ્યૉર્જ કૉરેલ! એ તો માનવામાં નથી આવતું."

ડાબી બાજુનું બારણું ઉઘડયું અને મેયર ઑર્ડને પ્રવેશ કર્યો. ટચલી આંગળીથી જમણો કાન ખોતરતાં

ખોતરતાં; એમના હોદ્દાને અનુરૂપ વસ્ત્રો તેણે પહેર્યાં હતાં અને તેમની સત્તાની સાક્ષીરૂપ સાંકળ ગળામાં પહેરી હતી. તેને એક લાંબી, સફેદ, વિસ્તૃત મૂછ હતી અને બીજી બે નાની, દરેક આંખ પર હતી. તેમના આછા સફેદ વાળ તરતના જ બેસાડેલા હતા અને કોઇ કોઇ તો પાછા ઊભા થવા માંડયા હતા. એટલા લાંબા વખતથી તે મેયર હતા કે ગામમાં મેયર એટલે એ જ એવી ભાવના થઇ હતી, અને લોકો 'મેયર' શબ્દ જોતા કે સાંભળતા ત્યારે મેયર ઑર્ડનની છબી જ તેમની આંખ આગળ ખડી થતી. તે અને તેની કચેરી બધું એક જ હતું. તેમાંથી તેમને પ્રતિભા સાંપડી હતી ને તેને તેમણે ઉષ્મા આપી હતી.

તેની પાછળ બાર્ઇસાહેબે દેખાવ આપ્યો, સૂક્ષ્મ, કરચલિયાળ પણ ભીષણ. તેને લાગતું હતું કે આ માણસને તેણે જ આવું રૂપ અપાવ્યું છે. તેની ખાત્રી હતી કે બીજીવાર કરવું પડે તો વધારે સારી રીતે એ કામ કરી બતાવત. જિંદગીમાં એક બેવાર જ તેને સમગ્રને તે સમજી શકી હતી પરંતુ જેટલાને જાણતી તેને તો બરાબર પિછાનતી. કોઇ નાનું દર્દ કે પ્યાસ, નફરત કે નાનપ કશું તેની નજર બહાર ન જતું. કોઇ ભાવના કે સ્વપ્ન કે આરજૂ એ કંઇ તેને પહોંચતું નહિ અને છતાં જીવનમાં થોડી ઘણીવાર તેને તારા દેખાઇ ગયા હતાં.

તે મેયરની બાજુ પર આવી પહોંચી અને કાનમાંથી તેની

આંગળી ખેંચી કાઢી, હાથ સીધો કરાવ્યો; કેમ જાણે બાળકના મોંમાંથી અંગૂઠો લઈ લેતી ન હોય.

"મને નથી લાગતું કે તમે કહો છો તો એટલું વાગતું હોય" અને ડૉ. વિંટરને કહ્યું, "ભમ્મર તો ઠીક કરવા દેતા જ નથી."

"પણ વાગે છે," મેયર ઑર્ડને કહ્યું.

"ભલે, તો. તમારે એવા જ દેખાવું હોય તો પછી હું શું કરી શકું?" એમ કહી તેની "ટાઇ", જે સીધી જ હતી તેને ફરીથી ખેંચીને ઠીક કરી. "સારું થયું ડૉકટર તમે અહીં છો. કેટલાક આવશે એમ ધારો છો?" અને એ પળે જ કૅપ્ટન બૅંટિક પર તેની નજર પડી. "અરે! કર્નલ સાહેબ!

કૅપ્ટન બૅંટિકે કહ્યું, "જી, ના. હું તો માત્ર તેમના આગમનની તૈયારી કરું છું. સાર્જંટ!"

સાર્જંટ અત્યાર લગી તકિયા ઊંચકતો હતો અને છબીઓની પાછળ જોતો હતો તે સત્વર મેયર પાસે પહોંચ્યો અને તેના ખિસ્સા પર હાથ ફેરવવા લાગ્યો.

કૅપ્ટન બૅંટિકે કહ્યું, "તેને માફ કરજો જી; એ તો નિયમન છે." તેની ચોપડીમાં તેણે પાછું જોયું. "નામદાર આપની પાસે બંદૂકો છે? ઘણું કરીને એ?"

"બંદૂક? હા. હા. શિકારની બે એક છે તો ખરી." ને પછી વિષયને ઉતારી પાડતાં ઉમેર્યું, "જુઓને, હવે કંઇ બહુ શિકાર કરતો નથી. દર વખતે એમ થાય કે કરીશ, મોસમ

શરૂ થાય ને તો યે બહાર નીકળાય નહિ. હવે પહેલાં જેટલો એમાં રસે ય પડતો નથી તો."

કૅપ્ટન બૅંટિકે ફરીને પૂછ્યું, "એ બંદૂકો ક્યાં છે, જી?"

મેયરે માથું ખંજવાળી યાદ કરવા પ્રયત્ન કર્યો. "અં. ઘણું કરીને—" ને બાઇસાહેબ તરફ ફરી પૂછ્યું, "સૂવાના ઓરડામાં પેલા કબાટમાં લાકડીઓ જોડે નથી?"

બાઈએ ટાપસી પૂરી, "હા સ્તો, ને કબાટમાંનું એકે એક લૂગડું તેલ તેલ વાસ મારે છે. બીજે ક્યાંક મૂકો તો સારું."

કૅપ્ટન બૅંટિકે કહ્યું, "સાર્જંટ!" અને સાર્જંટ તરત શયનખંડમાં ગયો.

"માફ કરજો. માત્ર ફરજ બજાવું છું." કૅપ્ટને કહ્યું.

સાર્જંટ પાછો આવ્યો તેના હાથમાં બે નળીની એક બંદૂક અને પટ્ટો ચઢાવેલી એક બીજી શિકારની બંદૂક હતી. દરવાજા પાસે તેને તેણે ઊભી મૂકી દીધી.

કૅપ્ટન બૅંટિકે કહ્યું, "બસ એટલું જ; આભાર, નામદાર. આભાર બાઇસાહેબ."

ફરીને તેણે ડૉ. વિંટરને નમન કર્યું "આભાર, ડૉક્ટર. કર્નલ લેન્સર હમણાં જ આવી લાગશે. સલામ, એમ કહી તે બહાર ગયો. તેની પાછળ સાર્જંટ પણ જમણા હાથમાં યાંત્રિક બંદૂક અને ડાબામાં બીજી બેઉ બંદૂક લઇ ગયો.

બાઇસાહેબે કહ્યું, "ઘડીભર મને થયું કે એ જ કર્નલ હશે. ઠીક જુવાનીઓ લાગ્યો."

ડૉ. વિંટરે થંડકથી કહ્યું, "ના. ના, એ તો માત્ર કર્નલનું રક્ષણ કરતો હતો."

બાઈસાહેબ વિચારતાં હતાં. "કેટલાક અફસરો આવશે?" તેણે જોસફ સામે જોયું અને તે બેશરમ બની બધું સાંભળતો દેખાયો. ભ્રમર તાણી માથું હલાવી તેણે રોષ બતાવ્યો અને જોસફ પોતાના કામે વળગ્યો. તે ફરીને બધું સાફસૂફ કરવા મંડયો.

બાઈસાહેબે પૂછ્યું, "કેટલાક લોક આવશે?"

ડૉ. વિંટરે એક ખુરસી હિમ્મતથી આગળ ખસેડી કાઢી ને તે પર બેસી કહ્યું, "મને ખબર નથી."

"વારુ, વિચાર તો અમે" જોસફ તરફ કરડાકીથી જોઇ બાઇએ કહ્યું, "એ કરતાં હતાં કે એ લોકોને ચા પાવી કે મદિરા ધરવી? ધારો કે આપણે કંઈ આપીએ, પણ કેટલા આવશે તે તો ખબર નથી અને કંઇ ન જ આપીએ તો પછી કરવું શું?"

"ડૉ. વિંટરે માથું ધુણાવી સ્મિત કર્યું, "કોણ જાણે કેટલાય જમાનાથી આપણે કોઇ પર જીત મેળવી નથી, કે નથી કોઇએ આપણને પરાજિત કર્યા એટલે શું કરવું જોઇએ તેની આપણને ખબર જ નથી."

મેયર ઑર્ડનની આંગળી તેના કાનમાં પાછી પહોંચી ગઈ. "આપણે કંઇ કરવું જોઇએ એમ મને લાગતું નથી. લોકોને પણ એ ગમે નહિ, ને મારે એ લોકો જોડે સુરાપાન

તો કરવું જ નથી. કોણ જાણે કેમ એમ થાય છે."

બાઇસાહેબે ડૉક્ટરને વિનવ્યા "જૂના વખતમાં લોકો–કે લોકનાયકો–એકબીજાને અભિનન્દતા અને સાથે પ્યાલી પીતા ખરુંને ?"

ડૉ. વિંટરે કહ્યું, "એ ખરું; પણ એ વાત જુદી હતી. અંગ્રેજો જેમ શિકાર ખેલે છે એમ રાજાઓ યુદ્ધ ખેલતા હતા. શિકાર પૂરો થતાં બધા સાથે ખાણું લેતા. પણ મેયર ઑર્ડનની વાત સાચી છેઃ વિજેતાઓ જોડે એમનું સુરાપાન લોકોને પસંદ ન યે પડે."

બાઇસાહેબે કહ્યું, "લોકો તો ચોકમાં જઇ સંગીત સાંભળે છે, ઍનીએ મને કહ્યું. જો એઓ એમ કરે તો આપણે શું કામ શિષ્ટ પ્રથા ચાલુ ન રાખવી ?"

મેયરે તેની સામે ક્ષણભર જોયા કર્યું અને તીક્ષ્ણ અવાજે કહ્યું: "બાઇ, આપની અનુજ્ઞાથી અમે સુરાપાન નહિ કરીએ. લોકો અત્યારે ગભરાઇ ગયા છે. એટલા વખતથી આપણા લોકો શાન્તિમાં રહ્યા છે કે લડાઇને માની શકતા નથી. એમને ભાન આવશે ને પછી ગભરાટ મટી જશે. ગામના છ નૌજવાનોનાં આજે ખૂન થયાં છે. તે પછી આપણે શિકારનું ખાણું ઊજવીએ ? લોકો કંઇ ગમ્મત ખાતર જંગ ખેલતા નથી."

બાઇસાહેબે સ્હેજ નમન કર્યું. તેના જીવનમાં કેટલીક વખત તેના ભરથારે મેયરનું રૂપ ધારણ કર્યું હતું. એ એને

અલગ રાખવાનું જ્ઞાન તેને થયું હતું.

મેયર ઑર્ડને પોતાની ઘડિયાળ સામે જોયું, અને જોસફ કૉફી લઇને આવ્યો ત્યારે વિચારમાં હોય તેમ લઈ તેણે પી લીધી. "મને સ્પષ્ટ થવું જોઇએ"—એમ કહી અટકી ડૉ. વિંટર સામે ઉમેર્યું, "ચઢાયકો પાસે કેટલાંક માણસો હશે?"

"બહુ નહિ," ડૉકટરે કહ્યું, "અઢીસોથી વધુ નહિ, પણ બધા ય પેલી નાની યાંત્રિકબંદૂકવાળા."

મેયરે કૉફી પીતાં ચલાવ્યું, "દેશમાં બીજે શું થયું હશે?"

ડૉકટરે પોતાના ખભા ઊંચા કરી પોતાના અજ્ઞાનની સંજ્ઞા કરી.

મેયરે વળી લાચારીથી પૂછ્યું, "ક્યાંય કોઇએ સામનો ન કર્યો?"

અને ડૉકટરે વળી ખભા ઊંચા કર્યા, "મને ખબર નથી, તાર કપાઇ ગયા છે. કોઇ જાતના સમાચાર નથી."

"ને આપણા રખેવાળોનું શું થયું?"

"કંઇ જ ખબર નથી," ડૉકટરે કહ્યું.

જોસફે ટાપશી પૂરી, "જી, મેં સાંભળ્યું—એટલે કે એનીએ સાંભળ્યું કે"—

"શું જોસફ?"

"છ મરાયા, ને ત્રણ ઘવાયા ને પકડાઇ ગયા."

"પણ હતા તો બાર!"

"એનીએ સાંભળ્યું કે ત્રણ છટકી જવા પામ્યા."

મેયરે એકદમ તેની તરફ ફરી પૂછ્યું, "કોણ કોણ ?"

"એ ખબર નથી. એનીએ એ સાંભળ્યું નથી."

બાઈસાહેબે ટેબલ પર રજકણો છે કે નહિ તે જોવા આંગળી ફેરવી અને કહ્યું, "જોસફ એ લોકો આવે ત્યારે તારી ઘંટડીની પાસે જ રહેજે, ગમે તેની જરૂર પડે, ને તારો બીજો ડગલો પહેરી લે, પેલો બટનવાળો." ને ઘડી વિચાર કરી ઉમેર્યું, "અને જોસફ, તારું કામ ખલાસ થાય ત્યારે ઓરડાની બહાર જજે. ઊભો ઊભો સાંભળતો હોય તો ખરાબ લાગે, ગામડાંની રીતભાત લાગે, સમજ્યો ?"

"જી, હા, બાઈસાહેબ."

"ને દારૂ ફેરવવાનો તો નથી. પણ પેલી પેટીમાં સિગારેટો રાખજે, પણ કર્નલની સિગરેટ ચેતાવવા તારા જોડાથી દીવાસળી ના સળગાવતો. કાંડીની પેટી પર પેટાવજે."

"જી, હા, બાઇસાહેબ."

મેયર ઑર્ડને ડગલાનાં બટન છોડી ઘડિયાળ કાઢી જોયું. ઘડિયાળ પાછી મૂકીને બટન બંધ કર્યાં પણ એક બટન ઊંચું ચાલી ગયું. બાઈસાહેબે જઇ તે ઠીક કર્યું.

"કેટલા વાગ્યા ?" ડૉ. વિંટરે પૂછ્યું.

"અગિયારમાં પાંચ."

"સમયના સખ્ત ભાનવાળી એ પ્રજા છે, બરાબર વખતસર આવી લાગશે. મારે જવું જોઇએ ને ?"

"જવું જોઇએ ?" ચમકીને મેયરે પૂછ્યું, "ના, ના,

રોકાઓ." ને જરા હસી ઉમેર્યું, "મને બીક લાગે છે...એટલે કે ખરેખર બીક નહિ પણ જરા ક્ષોભ થાય છે...આપણે કેટલાય વખતથી પરાજિત થયા નથી" ને કંઈ સાંભળવા એણે રાહ જોઈ. દૂરથી બૅન્ડના સૂરો સંભળાતા હતા, કૂચનું ગીત વાગતું હતું. બધા એ દિશામાં વળ્યા ને સાંભળવા લાગ્યા.

બાઈસાહેબે કહ્યું, "આ આવ્યા એ લોકો. બધા ખૂબ ભરાય નહિ તો સારું. આ ઓરડો ક્યાં મોટો છે?"

ડૉક્ટરે જરા કટાક્ષમાં પૂછ્યું, "તમને તો વેર્સાઈ*નો આયનાનો આલિશાન ઓરડો ગમે ખરું ને?"

બાઈસાહેબે તો જાણે ઓરડામાં આગન્તુકોને ગોઠવતાં હોય તેમ મનમાં ગણતરી ચાલુ રાખી ને કહ્યું "બહુ નાનો ખંડ."

બૅન્ડ વધારે જોરથી સંભળાવા લાગ્યું અને પછી પાછું આછું થઇ ગયું. દરવાજા પર આસ્તેથી ટકોરા થયા.

"કોણ હશે વળી? જોસફ જો તો, જે હોય તેને જરા મોડેથી આવવા કહેજે. અમે બહુ કામમાં છીએ."

ફરીને ટકોરા થયા. જોસફે દરવાજાના તડ ખોલીને પછી વધારે ઉઘાડ્યો, એક હૅલ્મેટ અને હાથ મોજાંધારી આકૃતિ દેખાઈ.

તેણે કહ્યું, "કર્નલ હૅન્સરના સલામ. આપ નામદારની મુલાકાતનું તેઓ માન ચાહે છે."

જોસફે દરવાજો વધુ ઉઘાડ્યો. સિપાહી એકદમ અંદર

---

*ફ્રેંચ રાજાઓનું પૅરિસ પાસેનું મશહૂર નિવાસસ્થાન.

આવ્યો, ઓરડામાં જલદી આજુબાજુ જોયું અને એક બાજુ પર ઊભો રહી ગયો. તેણે પુકાર્યું, "કર્નલ લેન્સર."

એક હેલ્મેટધારી આકૃતિ દાખલ થઇ અને ખભા પર જ તેના હોદ્દાની નિશાની હતી. તેની પાછળ સાદા વેપારી જેવા કપડાંમાં એક માણસ આવ્યો. કર્નલ આધેડ ઉમ્મરનો હતો. સખ્ત પણ થાકેલો દેખાતો. એક મૈનાની જેવા પહોળા ખભા તેને હતા, તેની આંખમાં સામાન્ય પણ લશ્કરી સિપાહીની શૂન્યતા ન હતી. તેની સાથેનો માણસ ટાલકીવાળો અને લાલ ગોટા જેવો હતો. તેની આંખો ઝીણી અને મોં વિલાસી હતું.

કર્નલ લેન્સરે હેલ્મેટ ઉતારી નમન કર્યું "નામદાર!" બાપ્પાસાહેબને નમન કરી કહ્યું, "બાઇસાહેબ" અને પછી ઉમેર્યું, "મહેરબાની કરી બારણું બંધ કરો કાર્પોરલ." જોસફે જલદી જઈ બારણું બંધ કર્યું અને ગર્વથી પેલા સિપાહી સામે જોઇ રહ્યો.

લેન્સરે ડૉક્ટર તરફ સાશંક નજર કરી એટલે મેયર ઑર્ડને કહ્યું, "ડૉક્ટર વિંટર."

"અમલદાર છે?"

"પોતે ડૉક્ટર છે ને સાથે સાથે અહીંના ઇતિહાસવેત્તા પણ છે."

લેન્સરે સહેજ નમન કર્યું ને કહ્યું, "ડૉક્ટર વિંટર, હું ધૃષ્ટ થતો નથી પણ આપના ઇતિહાસમાં કદાચ એક નવું પાનું

ભડકે છે."–

"કદાચ ઘણાં પાનાં" ડૉકટરે હસીને કહ્યું.

કર્નલ લેન્સરે પોતાના સાથી તરફ ફરતાં પૂછ્યું, "આપ મિ. કૉરેલને તો જાણો છો ને!"

મેયરે કહ્યું, "કોણ જ્યોર્જ કોરેલ? વાહ, સારી રીતે. કેમ છે જ્યોર્જ?"

ડૉક્ટર વિંટરે તરત વચ્ચે પડી ખબર આપ્યા, "નામદાર, આપણા મિત્ર કૉરેલે જ આ ગામ પરની ચઢાઈની તૈયારી કરી હતી. આપણા ઉદાર જ્યૉર્જ કૉરેલે રક્ષકોને દૂર નિશાનબાજી સારુ મોકલી આપ્યા હતા. આપણા મહેમાન જ્યૉર્જ કૉરેલે ગામમાંનાં એકે એક હથિયારની યાદી કરી છે. એ આપણા મિત્ર જ્યૉર્જ કૉરલ!"

કૉરેલે ગુસ્સામાં જવાબ આપ્યો, "હું માનું છું તે ખાતર કામ કરું છું એમાં ખોટું શું છે?"

ઑર્ડનનું મોં પડી ગયું: તેને ગભરાટ થઇ આવ્યો. લાચારીથી તેણે વિંટરથી કૉરેલ તરફ જોયું. "એ બને જ નહિ, જ્યૉર્જ, આ શું સાચું છે? તું અમારો મહેમાન થયો છે, અમારી સાથે તેં ખાધું પીધું છે. અરે તેં મને ઇસ્પિતાલની યોજનામાં પણ મદદ કરી. આ સાંભળું છું તે સાચું કેમ હોય?"

સ્થિરતાથી એણે કૉરેલ સામે જોયા કર્યું અને કૉરેલ તે સામે કરડી દષ્ટિથી જોઇ રહ્યો. લાંબીવાર શાન્તિ રહી અને પછી મેયરના મુખ પર સખ્તાઇ પ્રસરી: તેનું આખું શરીર

સજ્જડ થતું લાગ્યું અને અતિશય શિષ્ટ બની કર્નલ લૅન્સર તરફ ફરી તેણે કહ્યું, "આ ગૃહસ્થની હાજરીમાં હું કંઇ કહેવા માગતો નથી."

કોરેલે કહ્યું, "મારે અહીં રહેવાનો હક્ક છે. બીજાઓ જેવો હું પણ એક સિપાહી છું. માત્ર હું લશ્કરી પોશાક પહેરતો નથી."

મેયરે ફરીને ઉચ્ચાર્યું, "હું આ ગૃહસ્થની હાજરીમાં બોલવા ચાહતો નથી."

"કર્નલ લૅન્સરે કહ્યું, "તમે હવે જશો, મિ, કોરેલ ?"

કોરેલે કહ્યું, "અહીં રહેવાનો મને હક્ક છે."

લૅન્સરે તીક્ષ્ણતાથી પૂછ્યું, "તમે જશો, મિ. કોરેલ મારા કરતાં તમારો હોદ્દો ઊંચો છે ?"

"જી, ના."

"ત્યારે મહેરબાની કરી જાઓ," કર્નલે કહ્યું.

ગુસ્સામાં કોરેલે મેયર સામે જોયું અને પછી જલદ ફરી બારણામાંથી હાસ્ય કરી કહ્યું "ચાલશે." કર્નલ લૅન્સરે તેના સામે દૃષ્ટિપાત કર્યો પણ કશું કહ્યું નહીં.

જમણા હાથ ઉપરનું બીજું દ્વાર ત્યાં તો ઊઘડયું અને સીધા કડક વાળવાળી લાલ આંખવાળી ઍનીની ક્રોધી મુખાકૃતિ દેખાઇ. "આપણા વાડામાં સિપાહીઓ છે. ફક્ત ઊભા છે." તેણે કહ્યું.

કર્નલ લૅન્સરે ચોખવટ કરી, "એ લોકો અંદર નહિ

આવે. એ તો લશ્કરી રિવાજ છે."

બાઈસાહેબે કહ્યું, "ને એની, તારે કંઈ કહેવાનું હોય તો જોસફ જોડે કહેવરાવજે."

પણ એનીએ ચાલુ રાખ્યું, "પણ મને લાગ્યું કે એ અંદર આવશે. એમને કૉફીની સુગંધ આવી હશે."

"એની!" બાઈસાહેબે રાડ નાખી.

'જી, બાઈસાહેબ" કહી તે પાછી ચાલી ગઈ.

"હું બેસી શકું?" પૂછી કર્નલે સમજાવ્યું, "અમને ઘણા વખતથી નિંદર મળી નથી."

મેયર પોતે જ જાણે નિંદરમાંથી ઝબકતા હોય એમ તેમણે કહ્યું, "હા બરોબર; બેસો, બેસો."

કર્નલે બાઈસાહેબ તરફ જોયું અને તેમના બેઠા પછી પોતે ખૂબ થાકથી ખુરસીમાં ગોઠવ્યું. મેયર ઑર્ડને તો, અર્ધ નિદ્રિત અવસ્થામાં, ઊભા રહેવાનું ચાલુ રાખ્યું.

કર્નલે શરૂ કર્યું, "અમારે બને તેટલી સરળતાથી કામ આગળ ચલાવવું છે. જુઓ ને આ તો એક વેપારના ખેલ જેવું છે. અમારે અહીંનો કોલસો જોઈએ છીએ અને માછલી. એ મેળવતાં જેટલી ઓછી ખટપટ થાય તેટલું સારું."

મેયરે કહ્યું, "મને કંઈ ખબર નથી. દેશના બીજા ભાગમાં શું થયું છે?"

"બધું લેવાઈ ગયું છે." કર્નલે કહ્યું, "યોજના આબાદ ઘડવામાં આવી હતી."

"ક્યાંય પણ સામનો નહોતો થયો ?"

કર્નલે તેના તરફ સદય રીતે જોયું, "ન થયો હોત તો સારું: થોડો ઘણો થયો હતો ખરો પણ એથી તો નકામું લોહી રેડાયું. અમે બહુ ખંતથી બધી તૈયારી કરી રાખી હતી."

ઑર્ડને પૂછયે જ રાખ્યું, "પણ થોડો ય સામનો થયો હતો ને !"

ડૉક્ટર વિંટરને મેયરની આ મુદ્દા પરની ધગશનો ચેપ લાગ્યો ને તેણે પૂછ્યું: "મૂર્ખાઇ હતી ખરી પણ કોઇ સામે તો થયા હતા ને ?"

"બહુ થોડા, ને તે તો ખલાસે ય થઇ ગયા. બાકી લોકો તો મોટે ભાગે શાંત રહ્યા છે."

ડૉ. વિંટરે કહ્યું, "શું થયું છે તેની લોકોને હજી ગમ જ નથી પડી !"

"ધીમે ધીમે પડે છે ને એટલી મૂર્ખાઇ ઓછી કરશે." કર્નલે કહ્યું ને ગળું ખંખારી જરા જોસથી ચલાવ્યું, "હવે તો મારે ખરેખર કામે લાગવું જોઇએ. હું થાકી તો ખૂબ ગયો છું પણ ઊંઘતાં પહેલાં મારે બધી ગોઠવણ કરી લેવી જોઇએ. જુઓને લશ્કરી સિપાહી હું તો છું પણ ખાસ કરીને ઇજનેર છું. અને આ આખી જીત એક ઇજનેરી કામ જેવી વધારે છે. ખાણમાંથી કોલસો નીકળવો જોઇએ અને વહાણ પર ચઢવો જોઇએ. અમારી સાથે તેના સંચાલકો છે પણ અહીંના લોકોએ ખાણમાં કામ કરવાનું ચાલું રાખવું

જોઈએ. સમજણ પડી ? મને નકામું સખત થવું નથી ગમતું."

ઑર્ડને કહ્યું, "હા, સમજાયું. પણ ધારો કે લોકો કામ કરવા ન માગે તો ?

"એઓ કામ કરવા માગે એમ ઇચ્છું છું કેમકે એમણે કરવું જ પડશે અમારે કોલસો જોઈશે જ."

"પણ કામ ન કરે તો ?"

"કરવું જ પડશે. નિયમને ટેવાએલા તમારા લોકો છે. એ ધમાલ તો નહિ માગે." મેયરના જવાબની રાહ જોતાં જરા થંભી કર્નલે પૂછ્યું, "ખરુ ને ?"

મેયર ઑર્ડને મોં દબાવી કહ્યું, "હું જાણતો નથી. એમનું પોતાનું જ રાજ હોય તો તો એ બધા નિયમન જાળવે. પણ તમારા રાજમાં એ શું કરશે તેની મને ખબર નથી. એવો પ્રયોગ હજી થયો જ નથી ને. અમારો જ અમલ ચારસો વરસનો બંધાએલો છે."

કર્નલે ઝડપથી કહ્યું, "એ બરાબર છે ને એટલે તો અમે તમારો અમલ અપનાવવાના છીએ. તમે મેયર જ રહેશો, હુકમો તમે જ આપશો, તમે જ સજા અને ઇનામો આપશો. ને એ રીતે કંઇ તોફાન થશે નહિ."

મેયરે ડૉક્ટર વિંટર સામે જોયું, "શું વિચાર કરો છો ?"

"કોણ જાણે. જોવું પડશે. મને લાગે છે કે ધમાલ થશે. લોકો કદાચ કડવા નીવડે."

"મને પણ સમજાતું નથી." મેયરે કહ્યું, ને કર્નલ તરફ ફરી કહ્યું, "લોક એટલે હું જ; પણ એઓ શું કરશે તેનો મને ખ્યાલ નથી. તમને કદાચ હશે. અથવા તમને કે અમને ખ્યાલ હશે તેથી જુદું જ કંઇ થાય. કેટલાક લોકો નિયુક્ત નેતાઓને સ્વીકારી લે છે ને તેમને આધીન રહે છે, ને મારા લોકોએ મને નિયુક્ત કર્યો છે. મને તેઓ બનાવી અને અણ-બનાવી શકે છે. તમારી સાથે ભળી ગયો છું એમ એમને લાગે તો કદાચ મને અણબનાવી દે. મને સમજાતું નથી."

"પણ એમને નિયમનમાં રાખો તો એમનું તમે ભલું કરશો."

"ભલું !"

"હા, ભલું. એમને કંઈ હરકત ન આવે એ જોવાની ફરજ તમારી. એ સામા થશે તો ખતરામાં પડશે. અમારે કોલસો જોઇશે જ. એ કેમ મેળવવો એ અમારા નેતા અમને કહેતા નથી; એ તો હુકમ કરે છે કે લાવો. પણ તમારે તમારા લોકોનું રક્ષણ કરવાનું છે, તમારે એમની પાસેથી કામ લઇ તેમને સલામત રાખવા જોઇએ."

"પણ ધારો કે એમને સલામત રહેવું ન હોય તો !" મેયરે પૂછ્યું.

"તો તમારે તેમને બદલે વિચાર કરવો જોઇએ."

"બીજાઓ તેમને બદલે વિચાર કરે એ અમારા લોકોને ગમતું નથી." મેયરે જરા ગર્વથી કહ્યું, "કદાચ તમારા લોકોથી

એ જુદા હશે. હું મુંઝાએલો છું પણ આટલાની મને ખાત્રી છે."

એ પળે જોસફ જલદી અંદર આવ્યો અને કંઇક કહેવા માટે ફાટું ફાટું થતો હોય તેમ આગળ આવી ઊભો રહ્યો. બાઇસાહેબે પૂછ્યું, 'શું છે જોસફ? પેલી સીગારેટની પેટી લાવ તો."

"માફ કરો નામદાર. માફ કરો બાઇસાહેબ" તે બબડી ઉઠયો.

"પણ છે શું?" મેયરે પૂછ્યું.

"ઍની રતો. એ ગુસ્સે થવા લાગી છે."

"શું થયું છે તે?" બાઇસાહેબે જવાબ માગ્યો.

"પાછલી પરસાળ પરના સિપાહીઓ ઍનીને નથી ગમતા."

"એઓ કંઇ ધમાલ કરે છે?" કર્નલે પૂછ્યું.

"એઓ બારણામાંથી ઍની સામે જોયા કરે છે. ઍનીને તે જરાય ગમતું નથી."

"એ તો બિચારા આજ્ઞાને આધીન થઇ ઊભા છે; કંઇ નુકસાન તો નથી કરતા."

"પણ ઍનીને કોઇ તેની સામે તાકયા કરે તે સામે તિરસ્કાર છે."

"જોસફ, ઍનીને કહે ધ્યાન રાખે." બાઇસાહેબે ફરમાવ્યું.

"જી. હા" કહી જોસફ ચાલતો થયો.

થાકથી કર્નલની આંખો ઢળવા લાગી હતી. "એક બીજી વાત છે." તેણે મેયરને ઉદ્દેશીને કહ્યું, "મારે ને મારી

સાથેનાં થોડાં માણસોને રહેવાની સગવડ થઇ શકશે ?

મેયર ઑર્ડને જરા વિચાર કરી કહ્યું, "આ જગ્યા તો નાની છે, બીજાં મોટાંને વધારે સગવડવાળાં સ્થાનો છે."

જોસફ સિગરેટની ચાંદીની પેટી લઇ આવ્યો ને ઉઘાડીને કર્નલ આગળ તેણે ધરી. કર્નલે એક સિગરેટ લીધી ને જોસફે ભપકાથી તે પેટાવી આપી. કર્નલે ઊંડો શ્વાસ લઈ ધુમાડા કાઢ્યા.

"વાત એમ નથી." તેણે કહ્યું. "કાંઇ સ્થાનિક સત્તાની સાથે જ અમારાં માણસો રહે તો શાન્તિ રહે છે એ અમે શોધી કાઢ્યું છે."

"એટલે કે લોકોને એમ થાય કે એઓ મળીને કામ કરે છે?"

"હા. એમજ હશે."

મેયર ઑર્ડને લાચારીથી ડોક્ટર વિંટર સામે જોયું પણ તેણે માત્ર સુક્કું સ્મિત કર્યું. મેયરે આસ્તેથી પૂછ્યું, "આ માન નકારવાની મને રજા છે?"

"ના, હું દિલગીર છું, અમારા નેતાનો હુકમ સ્પષ્ટ છે."

"લોકોને એ ગમશે નહિ." મેયરે કહ્યું.

"વળી પાછા લોકો! લોકો લોકો ને લોકો! એમની પાસે નથી શસ્ત્રો. એમનું કંઇ ચાલશે નહિ."

મેયર ઑર્ડને માથું ધુણાવી ઉચ્ચાર્યું, "ત્યારે તમે જાણતા નથી."

બારણામાંથી એક ગુસ્સામાં આવેલી સ્ત્રીનો અવાજ આવ્યો, પછી કંઇ પડવાનો ને પછી કોઇ માણસની ચીસનો. જોસફ ઝટ ઝટ અંદર આવ્યો. "એણે ઉકળતું પાણી નાખ્યું." તેણે કહ્યું. "એ બહુ ગુસ્સે થઇ છે."

દરવાજામાંથી લશ્કરી હુકમો છૂટવાના અને જોડા ઘસડાવાના અવાજ આવ્યા. કર્નલ લેન્સરે મુશ્કેલીથી ટટ્ટાર થતાં પૂછ્યું, "તમારા નોકરો પર તમારો કંઇ જ કાબૂ નથી?"

મેયર ઑર્ડને જરા હસીને કહ્યું, "બહુ જ થોડો. એની જ્યારે ખુશમિજાજ હોય ત્યારે સરસ રસોઇ કરે છે." જોસફ તરફ ફરી તેણે પૂછ્યું, "કોઇને કંઇ ઇજા થઇ?"

"જી, પાણી ઊકળતું હતું."

"અમારે તો અમારું કામ કરવું છે." કર્નલ લેન્સરે કહ્યું.

"એ ઇજનેરી કામ માત્ર છે. તમારે તમારી રસોઇયણને સીધી કરવી પડશે."

"એ નહિ બને." મેયરે કહ્યું. "એ ચાલી જશે."

"પણ આ અત્યંત જરૂરી કામ છે. એનાથી જવાય જ નહિ."

"તો એ પાણી ફેંકશે." ડૉક્ટર વિંટરે ટાપસી પૂરી.

બારણું ઊઘડ્યું અને એક સિપાઇ વચ્ચે ઊભો રહ્યો.

"આ બાઇને પકડું, સાહેબ?"

"કોઇને ઇજા થઇ?" લેન્સરે પૂછ્યું.

"જી, હા. એક દાઝી ગયો ને બીજાને તેણે બચકું ભર્યું. અમે એને ધરી રાખી છે."

લૅન્સર લાચાર લાગ્યો; તેણે કહ્યું, "તેને છોડી મૂકો, બહાર જાઓ ને પાછલી પરસાળમાંથી નીકળી જાઓ."

"જી, હા." કહી સિપાહી ગયો ને બારણું બંધ થયું.

"હું એને ગોળીથી ઠાર કરી શકું અથવા કોટડીમાં પૂરી રખાવી શકું." લૅન્સરે કહ્યું.

"તો આપણે રસોઈયા વિનાના થઈ જાત."

"જુઓ, અમને એવો હુકમ છે કે લોકો સાથે હળીમળીને કામ કરવું." કર્નલે સમજુતી આપી.

બાઈસાહેબે કહ્યું, "માફ કરો જી. હું જરા જોઈ આવું; સિપાહીઓએ એનીને કંઈ ઈજા તો નથી કરીને." ને તેણે ઓરડો છોડ્યો. કર્નલ લૅન્સરે ઊભા થતાં કહ્યું, "મેં કહ્યું ને બહુ થાકી ગયો છું, મને આરામની જરૂર છે. આપણા સહુના ભલા ખાતર અમારી સાથે સહકાર કરો." અને મેયર તરફથી જવાબ ન મળ્યો ફરીથી કહ્યું, "આપણા સહુના ભલા ખાતર. કરશો સહકાર ?"

"આ એક નાનું ગામ છે. કોણ જાણે. લોકો મૂંઝાએલા છે ને હું પણ."

"પણ સહકાર કરવાનો પ્રયત્ન તો કરશો ને ?"

ઑર્ડને માથું ધુણાવ્યું, "કંઈ કહેવાય નહિ. જ્યારે શું કરવું તે લોકો નક્કી કરશે ત્યારે કદાચ બની શકશે."

"પણ તમારા હાથમાં જ સત્તા છે."

"તમે માનશો નહિ પણ સાચું છે. ખરી સત્તા ગામ

પાસે જ છે. શું કામ ને શી રીતે એ મને ખબર નથી પણ છે એટલું જાણું છું. એટલે કે તમારા જેટલી ઝડપથી અમે વર્તી શકતા નથી, પણ દિશા નક્કી થાય કે અમે સૌ સાથે કામ કરી શકીએ છીએ, પણ હું મૂંઝાએલો છું. મને હજી સમ પડતી નથી."

કંટાળીને લૅન્સરે ફરીને કહ્યુ, "મને આશા છે કે આપણે મળીને કામ કરી શકીશું. બધાને માટે એ સરળ થઇ પડશે. તમારા પર અમે ભરોસો રાખી શકીએ તો સારું. વ્યવસ્થા સારું લશ્કર શાં પગલાં લેશે તેનો ખ્યાલ કરવો યે મને ગમતો નથી."

મેયર ઑર્ડને મૌન જ સેવ્યું. એટલે લૅન્સરે ફરીને કહ્યું, "મને આશા છે કે અમે તમારા પર ભરોસો રાખી શકીએ."

ઑર્ડને કાનમાં આંગળીથી ખંજવાળ્યું ને કહ્યું, "કંઇ કહેવાય નહિ."

એજ પળે બાઇસાહેબે અંદર પ્રવેશ કર્યો. "એની બહુ ગુસ્સે થઇ ગઈ છે. બાજુને ઘેર ક્રિસ્ટીન જોડે તે વાત કરે છે. ક્રિસ્ટીન પણ બહુ જ ગુસ્સે છે."

"ક્રિસ્ટીન એની કરતાં યે સારું રાંધી જાણે છે." મેયરે કહ્યું.

પ્રકરણ બીજું

મેયરના નાના એવા મહેલને ઉપરને મજલે કર્નલ લૅન્સરના રસાલાએ પોતાનો અડ્ડો જમાવ્યો. તેમાં કર્નલ ઉપરાન્ત બીજા પાંચ હતા. એક તો મેજર હંટર. તે આંકડાની સૃષ્ટિમાં વસનાર હતો; કદમાં નાનો હતો ને પોતાના પક્ષમાં વિશ્વાસુ ગણાતો. તેની એવી માન્યતા હતી કે માણસો કાં તો વિશ્વાસુ હોય અથવા તો જીવવાને નાલાયક. એ ઇજનેર હતો અને લડાઇ ન હોત તો તેને માણસો પર હકુમત આપવાનો કોઈ ખ્યાલ સુધ્ધાં ન કરે. કારણ કે મેજર હંટર માણસોને પણ આંકડાની માફક હરોળમાં ગોઠવતો ને પછી તેમાંથી સરવાળા બાદબાકી ગુણાકાર વગેરે કરતો. તેનામાં ગણિતશાસ્ત્રી કરતાં અંકગણિતશાસ્ત્રીના ગુણો વધારે હતા. ઉચ્ચ ગણિતશાસ્ત્રનાં સુમેળ સંગિત, તેનો નર્મ વિનોદ કે તેના ગૂઢ રહસ્યોને તેના મગજમાં સ્થાન ન હતું. માણસો વચ્ચે ઊંચાઈ, વજન કે બહુ તો વર્ણનો ભેદ હોય, છ ને આઠ વચ્ચે હોય તેવો, પણ એ સિવાય બીજો કશો જ નહિ. તેનાં લગ્ન અનેકવાર થયાં

હતાં પણ એને ખબર નહોતી પડી કે તેને છોડી જતાં પહેલાં તેની પત્નીઓ એટલી ક્ષુબ્ધ કેમ થઇ જતી હતી.

કેપ્ટન બેંટિક ખાસ કરીને કુટુમ્બપ્રેમી માણસ હતો. કૂતરાઓ, લાલ ગાલવાળાં બાળકો અને નાતાલના ઉત્સવનો તેને શોખ હતો. કેપ્ટનના દરજ્જાના પ્રમાણમાં તેની ઉંમર મોટી હતી, પણ મહત્ત્વાકાંક્ષાની કોઇ ચોકકસ ઊણપને લઇને તે આગળ વધ્યો ન હતો. લડાઇ પહેલાં તે અંગ્રેજ જમીનદાર વર્ગનો પ્રશંસક હતો; અંગ્રેજો જેવાં તે કપડાં પહેરતો, અંગ્રેજી કૂતરાં પાળતો, અંગ્રેજી બનાવટની હોકલીમાં ખાસ લંડનથી આવતી તમાકુ તે પીતો અને બાગબગીચાનાં વર્ણનો આપતાં સામયિકો તે મંગાવતો તેની રજાઓ તે ઇંગ્લંડ–સસેકસ–માં ગાળતો અને બુડાપેસ્ટ કે પેરીસમાં ભૂલથી અંગ્રેજ લેખાવાનું તેને પસન્દ હતું. લડાઇને લઇને આ બધામાં તેને ફેરફાર કરવા પડયાં પણ તે બાહ્ય જ; પણ એટલો બધો વખત તેણે હોકલી પીધી હતી ને લાકડી ફેરવી હતી કે તેનો સહસા ત્યાગ કરવાનું તેને માટે મુશ્કેલ હતું. પાંચ વરસ પહેલાં એકવાર તેણે લંડનનાં મશહૂર અખબાર "ટાઇમ્સ"ને મિડ્લેંડ્ઝનાં નષ્ટ થતાં ઘાસ વિશે પત્ર લખ્યો હતો ને નીચે એડ્મંડ ટ્રિવચેટ એસ્કવાયર, એવી સહી કરી હતી. ખુબી તો એ હતી કે "ટાઇમ્સે" એ પત્ર છાપ્યો હતો.

એક કેપ્ટનના પ્રમાણમાં બેંટિંકની ઉમર ઘણી વધારે

હતી તો કૅપ્ટન લોફ્ટની ઘણી ઓછી હતી. કોઈ કૅપ્ટનનો વિચાર કરો ને ચિત્ર ખડું થાય તેવી જ કૅપ્ટન લોફ્ટની મૂર્તિ હતી. તેની રગેરગમાં ને શ્વાસોશ્વાસમાં કૅપ્ટનત્વ દેખાઈ આવતું. લશ્કરી નહિ એવી એક પળ પણ તેને ન હતી. એક પ્રખર મહત્વાકાંક્ષાથી તે બધી સરણીઓમાંથી ઉપર ચઢ્યો હતો. દૂધ પર મલાઈ ચઢે તેમ એ ચઢ્યો હતો. કોઈ નૃત્યકારની છટાથી તે બૂટની એડીને અફાળતો. લશ્કરી રીતભાતની બધી વિગતોથી માહિતગાર હતો ને તેનો ઉપયોગ કરવાનો તે આગ્રહ રાખતો. એક સિપાહીએ કેમ વર્તવું તેની તેને વધારે ખબર હતી એટલે જનરલો પણ તેનાથી ડરતા. પ્રાણી જીવતંતુનું સૌથી ઉત્કૃષ્ટ રૂપ સિપાહી છે એવી એની દૃઢ માન્યતા હતી. તે જો ઈશ્વરનો વિચાર કરતો તો તેને એક બુઝર્ગ ને સન્માનિત જનરલ તરીકે કલ્પતો—અલબત અત્યારે સંન્યસ્ત લીધેલો એવો, પોતાના પુરાણા વિગ્રહની સ્મૃતિ સેવતો, ને વરસમાં અનેકવાર તેના લેફ્ટનંટોની કબર પર ફૂલો ચઢાવતો હોય એવો. કૅપ્ટન લોફ્ટને મતે દરેક સ્ત્રી લશ્કરી પોશાકના પ્રેમમાં પડતી ને એથી ઉલટું કેમ બની શકે એનો એને ખ્યાલ ન હતો. બધું બરોબર ચાલે તો પિસ્તાળીસમે વરસે તો એ બ્રિગેડીયર જનરલ બનવો જોઈએ—સચિત્ર સામયિકોમાં તેની છબીઓ આવવી જોઈએ. આજુબાજુ લાંબી, ફિક્કી પુરુષ જેવી દેખાતી નાજનીનો હોય તેવી.

લેફ્ટનંટ પ્રૅંકલ અને લેફ્ટનંટ ટૉંડર પ્રમાણમાં નાના હતા.

તેઓને ઊગતા જમાનાની રાજનીતિની કેળવણી મળી હતી અને તેમાં તમને અડગ વિશ્વાસ હતો. એક એવા બુદ્ધિશાળીએ એ આખી યોજના ઘડી હતી કે તેનાં સત્યાસત્ય જોવાની તેમણે તસ્દી સુદ્ધાં નહોતી લીધી. એ બન્ને જરા ઊર્મિલ હતા ને આંસુ અને આવેશ તેમને સુલભ હતાં. લેફ્ટેનંટ પ્રેકલ તેની ઘડિયાળનાં પાછલાં ઢાંકણની અંદર, ભૂરા મખમલમાં વીંટાળી, વાળના એક ગૂંચળાને રાખી મૂકતો. પણ વાળ ઘણીવાર છૂટા થઈ બહાર નીકળી પડતા ને યંત્રમાં અટવાઈ જતા એટલે વખત જાણવા તે કાંડા પર બીજી ઘડિયાળ રાખતો. એ સરું નાચી જાણતો ને આનંદી હતો. લોકનાયક[1]ની જેમ તે રોજ બતાવી શકતો ને તેની માફક ગૂઢ વિચારમાં પડ્યો હોય તેમ દેખાતો. શૃંગારનાં ચિત્રોનો તેને તિરસ્કાર હતો ને ઘણી કલાકૃતિઓનો તેણે નાશ કર્યો હતો. નૃત્યગૃહમાં પોતાની સહચરીઓનાં તે ઘણીવાર ચિત્રો દોરતો ને તે એટલાં સારાં થતાં કે ઘણાઓ તેને કહેતા કે તેણે કલાકાર થવું જોઈતું હતું. તેને ગૌરવર્ણી બહેનો હતી ને તે માટે એ એટલો મગરૂર હતો કે ક્યારેક તેમનું અપમાન થયું છે માની તે લડી બેસતો. જો કે બહેનોને તેથી મૂંઝવણ થતી કેમકે કોઈ તેમને આવાં વિશેષણો સાબિત કરવા જાય તો મુશ્કેલી પડે તેવું ન હતું. લેફ્ટેનંટ પ્રેકલ ઘણોખરો વખત દિવાસ્વપ્નોમાં ગાળતો. ખાસ તો લેફ્ટેનંટ ટૉંડરની ગૌરાંગી બહેનને ફસાવવાનાં, પણ, તેને પ્રેકલની જેમ વાળ વીંખી ન નાખે તેવા, મોટી ઉંમરના

1. "લીડર," "ફ્યુહરર."

માણસોને હાથે ફસાવાનું ગમતું હતું.

લેફ્ટેનંટ ટૉંડર કવિ હતો, પણ જરા કટુતાવાળો. તે સંપૂર્ણ ને આદર્શ પ્રણયનાં સ્વપ્નો સેવતો જેમાં ઉચ્ચ કક્ષાના તરુણો ગરીબ કન્યાઓના પ્રેમમાં પડયા કરતા. તેના અનુભવ જેટલી જ વિશાળ તેની ભાવના હતી. કાલ્પનિક સ્ત્રીઓ સમક્ષ તે મનમાં કવિતા ગણગણતો. રણમેદાન પર મૃત્યુ થાય, તેનાં માબાપ સાશ્રુ ઊભાં હોય ને બહાદુર પણ ખિન્ન લોકનાયક હાજર હોય એમ એ પોતાનો અંત કલ્પતો. આનો તે ઘણીવાર વિચાર કરતો. તૂટેલાં લશ્કરી આયુધો પર અસ્ત થતા સૂર્યનાં કિરણો પડતાં હોય ને તેની નીચેનાં માણસો માથાં નમાવી શાન્તિથી આસપાસ ઊભાં હોય, માતા અને માશૂકનાં એકરૂપ જેવી મદારતની મૂર્તિઓ વિશાળ વાદળ પરથી ડોકાઈ રહી હોય અને વૅગનરના સંગીત જેવી ગર્જના પાછળ સંભળાતી હોય! મરતી વખતે કહેવાના શબ્દો સુદ્ધાં તેણે તૈયાર રાખ્યા હતા.

રસાલાનાં આટલાં માણસો હતાં. છોકરાં સંતાકૂકડી રમે તેમ દરેક લડાઈ ખેલતો હતો. મેજર હંટર લડાઈને એક અંકગણિતનો હિસાબ લેખતો ને તે પતાવી દઈ સગડી પાસે જઈ આરામથી તાપવા ધારણા રાખતો. સારી રીતે ઉછેરાએલા તરુણ માટેની એક સારી કારકિર્દી તરીકે કેપ્ટન લોફ્ટ લડાઈને ગણતો અને લેફ્ટેનંટ પ્રૅકલ–ટૉંડર તેને સ્વપ્નું સમજતા જેમાં કશું બહુ સાચું ન હતું. તેમની લડાઈ અત્યાર લગી

ખેલ જેવી જ હતી—નિઃશસ્ત્ર, નિર્યોજન શત્રુ સામે સુન્દર આયુધો, સુન્દર આયોજનોવાળી : એઓ કશે હાર્યા નહોતા કે ન તો તેમને કંઈ ખાસ નુકસાન થયું હતું. જરા ભીંસ આવે તો દરેકની જેમ તેઓ પણ ભીરુ કે હિમ્મતવાન થઈ જાય તેવા હતા. તે બધામાંથી માત્ર કર્નલ લૅન્સરને લાંબે ગાળે લડાઈ શી ચીજ છે તેનો ખ્યાલ હતો.

વીસ વરસ પહેલાં તે બેલ્જિયમ અને ફ્રાન્સમાં હતો અને તેણે જે જાણ્યું હતું તેનો વિચાર તે કોરે મૂકતો—એ કે લડાઈ એટલે ધિક્કાર ને દગલબાજી, નાલાયક સરદારોની ગફલતો, બીમારી, ખૂન, થાક અને ત્રાસ અને તે પછી બધું ખલાસ અને વળી પાછા નવા ધિક્કારો ને અથાગ થાક. લૅન્સર મનને મનાવતો કે પોતે સિપાહી છે ને આજ્ઞાનું પાલન કરવાનો પોતાનો ધર્મ છે. વિચાર કરવાનું કે પ્રશ્ન કરવાનું તેનું કામ ન હતું, પણ માત્ર આજ્ઞાનો અમલ કરવાનું હતું. એટલે આગલી લડાઈનાં મૂંઝવતાં સ્મરણોને તે આ લડાઈનો ફેજ પણ એ જ હશે એ ખાત્રીને તે બાજુ પર રાખતો. દિવસમાં પચાસેક વાર તે મનને કહેતો કે આ લડાઈ જુદી જાતની થશે, ઘણી જ જુદી જાતની.

કૂચ વખતે, ટોળાંઓમાં, ફૂટબોલના ખેલમાં ને ખાસ તો યુદ્ધમાં બહારની રેખાઓ અસ્પષ્ટ બની જાય છે, હસ્તી ધરાવતી ચીજો કાલ્પનિક થઈ જાય છે અને મન ઉપર જાણે ધુમ્મસ ફરી વળે છે, ઘર્ષણ અને ઉશ્કેરાટ, થાક અને હલન-

ચલન–એ બધું એક વિશાળ ભસ્મરંગી સ્વપ્નમાં ભળી જાય છે અને એ પૂરું થાય છે ત્યારે સાંભરવું આકરું થાય છે કે કેમ માણસોને મારી શકાયાં હશે ને મારવાના હુકમો આપ્યા હશે. ત્યારે ત્યાં ન હોય તેવાઓ તમને કહેશે કે આમ થયું ને તેમ થયું ને તમે અસ્પષ્ટ જવાબ આપો, "હા, હા, એમ જ હશે એમ લાગે છે."

મેયરના મહેલમાં ઉપલા મજલાના ત્રણ ઓરડા આ રસાલાએ લઈ લીધા હતા. શયનખંડમાં એમણે પોતાના ખાટલા, બિસ્તરા, બનૂસો અને બીજો સરંજામ ગોઠવ્યો હતો. એની જોડેના ઓરડામાં તેમણે જરા અગવડવાળી એવી "કલબ" બનાવી હતી. ત્યાં એક ટેબલ ને થોડી ખુરસીઓ હતી. અહીં એઓ કાગળો લખતા ને વાંચતા, વાતો કરતા, કૉફી પીતા, યોજના ઘડતા ને આરામ કરતા. બારીઓ વચ્ચે દીવાલો પર સરોવરો, કૃષિગૃહો ને ગાયોનાં ચિત્રો ટાંગેલાં હતાં, ને છેક દરિયા સુધીનું દૃશ્ય નજરે પડતું–ડકકામાં પડી રહેલાં વહાણો, જે ડકકામાં કોલસા ભરવાના મછવાઓ આવતા ને માલ લઈ પાછા જતા; ચોકથી કિનારા લગીનો ગામનો ભાગ ત્યાંથી દેખાતો ને મચ્છીમારોની છુટ્ટા સઢવાળી હોડીઓ પડેલી દેખાતી; ને સુકાતી માછલીની વાસ બારીમાંથી સીધી ચાલી આવતી.

ઓરડાનાં મધ્યમાં એક મોટું ટેબલ હતું. મેજર હંટર તેની બાજુમાં બેસી, ખોળામાંનું નકશા દોરવાનું પાટિયું તેની પર ટેકવી, કટખૂણને ત્રિકોણ પાસે રાખી રેલ્વેના એક નવા

સાઇડીંગનો નકશો બનાવી રહ્યો હતો. ટેકાવવાનું પાટિયું અસ્થિર હતું અને મેજરને એથી ગુસ્સો આવતો હતો. માથું ઊંચું કરી તેણે બૂમ મારી, "પ્રેકલ"! ને પછી "લેફ્ટેનંટ પ્રેકલ!" શયનખંડનું બારણું ખૂલ્યું ને લેફ્ટેનંટ બહાર આવ્યો. તેનું અર્ધું મોં હજામતના સાબુથી છવાએલું હતું. એક હાથમાં બ્રશ પકડેલું હતું ને તેણે કહ્યું, "જી."

મેજર હંટરે નકશાનું પાટિયું હલાવ્યું, "આપણા સામાનમાં આ પાટિયું રાખવાનું ત્રિપાદમેજ હજી નથી આવ્યું ?"

"મને ખબર નથી, સાહેબ. મેં જોયું નથી" પ્રેકલે કહ્યું.

"ત્યારે તપાસ કરશો ? આવા પ્રકાશમાં એક તો કામ કરવું પડતું હોય ! આને પાકું કરું એ પહેલાં ફરીને વળી દોરવું પડશે."

"હજામત પૂરી કરીને તરત જોઉં છું." પ્રેકલે કહ્યું.

"તારા દેખાવ કરતાં આ સાઈડીંગ વધારે મહત્ત્વનું છે. પેલે પરે ઢગલામાં કેન્વાસની થેલી જેવું કંઇ દેખાય છે. જો તો."

પ્રેકલ પાછો ગયો. જમણી બાજુનું બારણું ઉઘડયું ને કેપ્ટન લોફ્ટ અંદર આવ્યો. તેણે પોતાની હેલ્મેટ પહેરી હતી; દૂરબીનનાં ને બીજાં પાકીટો તેના શરીર છવાએલાં હતાં. ખુશખુશ થઇને તેણે આ સરંજામ એક પછી એક કાઢવા માંડયો.

"પેલો બેંટિક તો પાગલ છે, ખબર છે ?" તેણે કહ્યું. "બહાર રસ્તા ઉપર કામે જતાં હેલ્મેટને બદલે સાદી ટોપી

તેણે પહેરી'તી."

લોફ્ટે દૂરબીનને ટેબલ પર મૂક્યું, હેલ્મેટ ઉતારી, "ગેસ-મારક*"નું પાકીટ કાઢ્યું. ને બધું ટેબલ પર જમા થવા લાગ્યું.

હંટરે કહ્યું, "એ બધું અહીં ના મૂકશો. મારે અહીં કામ કરવું છે...ને એ ટોપી શું કામ ન પહેરે?" કંઈ ધમાલ તો થઈ નથી. આ પતરાંની ચીજોથી તો હું થાકી ગયો. કેટલો ભારે લાગે ને દેખાય કંઈ નહિ."

"એને છોડી દેવાની ટેવ સારી નહિ" લોફ્ટે ચોકસાઈથી કહ્યું. "અહીંના લોકો પર તેની ખરાબ અસર થાય. આપણે તો લશ્કરી ધોરણ ટકાવી રાખવું જોઈએ, સાવધાન રહ્યા કરવું જોઈએ ને તેમાં ફેર પડવા દેવો ન જોઈએ. એમ નહિ કરીએ તો જરૂર ધમાલ ઊભી થશે."

"એમ શા પરથી ધારો છો?" હંટરે પૂછ્યું.

"લોફ્ટ ટટ્ટાર થઈ ગયો. તેના હોઠ નિશ્ચિતતાથી બિડાયા. તેની આટલી ખાત્રી માટે દરેકને ક્યારેક તો તેને ધુંબો માર-વાનું મન થઈ આવતું. તેણે કહ્યું, "હું ધારતો નથી. હું તો કબજે કરેલા દેશોમાં કેમ વર્તવું તે "લશ્કરી મૂળતત્ત્વો," ક્ષ ૧૨, માંથી કહેતો હતો. તે બહુ સંભાળથી તૈયાર કરેલું છે. તમારે" ને ત્યાં અટકી, સુધારી કહ્યું, "દરેકે ક્ષ ૧૨ બહુ ધ્યાનથી વાંચવું જોઈએ."

"મને થાય છે કે જેણે એ લખ્યું તે કદી કબજે કરેલા

* ઝેરી વાયુ સામે રક્ષણનો તોબરો.

પ્રદેશમાં રહ્યો હશે કે નહિ. આ બધા લોકો તો છેક જ શાન્ત છે; બિચારા ભલા ને આજ્ઞાંકિત છે." હંટરે કહ્યું.

પ્રેકલ અંદર આવ્યો; તેનું અર્ધું મો હજી સાબૂવાળું જ હતું. તેના હાથમાં એક પીળા કેન્વાસની થેલી હતી, ને પાછળ લેફ્ટેનંટ ટોંડર હતો. 'આ જ કે?" તેણે પૂછ્યું.

"હા. તેને જરા છોડી ને જોડી આપો તો."

પ્રેકલ અને ટોંડર ત્રિપાદ ઘોડીને જોડવા લાગ્યા ને તેને બરાબર ચકાસી જોઈ હંટર પાસે તેમણે ગોઠવી. મેજરે પોતાનું પાટિયું તે પર લગાવ્યું, સ્ક્રૂ ચડાવ્યા, આમતેમ હલાવી જોયું ને પછી તેની પાસે ઝુકાવ્યું.

કેપ્ટન લૉફ્ટે પૂછ્યું, "લેફ્ટેનંટ, તમારા મોં પર સાબૂ છે, તમને ખબર છે?"

"જી, હા." પ્રેકલે કહ્યું. "મેજરે મને ઘોડી લાવવા કહ્યું ત્યારે હું હજામત કરતો હતો."

"ખેર, ઝટ સાફ કરી દો. કર્નલ જુએ તો?"

"ઉફ્. તે કંઈ કહે નહિ. એમને એવી બાબતોની પરવા નથી"

હંટર કામ કરતો હતો તે ટોંડર તેના ખભા ઉપરથી જોઈ રહ્યો હતો.

"એ કહે નહિ. પણ આ ઠીક તો નથી દેખાતું." લૉફ્ટે કહ્યું.

પ્રેકલે રૂમાલ લઈ ગાલ પરનો સાબૂ લૂછી નાખ્યો. ટોંડરે મેજરના નકશાના ખૂણાપરની એક આકૃતિ બતાવી. "આ

સુંદર પુલ છે, મેજર. પણ એ પુલ વળી બનાવવાનો કયાં છે?"

હંટરે ચિત્ર તરફ નીચે જોયું ને પછી ટૉંડર સામે જોઈ કહ્યું, "હેં? ઓહ. એ કંઈ આપણે બનાવવાનો પુલ નથી. આ અહીં રહ્યો તે મુખ્ય નકશો છે."

"ત્યારે આ પુલને શું કરો છો?"

હંટર જરા મૂંઝાએલો લાગ્યો. "જુઓને મારે ઘેર પાછળના વાડામાં એક નાની રમવાની રેલવેલાઈન છે, ને ત્યાં એક ખાઈ પર હું પુલ કરવાનો હતો. લાઈન છેક ખાઈ સુધી આવી હતી પણ પુલ રહી ગયો હતો. મને થયું કે કયાંક બહાર ગયો હોઈએ ત્યારે તેનો નકશો કરી રાખીએ."

લેફ્ટેનંટ ક્રેઇને પોતાના ખિસ્સામાંથી એક છબી કાઢી, જરા આગળ ધરી તેને નિહાળી. પુષ્કળ પગ, થોડાં કપડાં ને બનાવટી ભવાંવાળી એક છોકરીની છબી હતી ઊઠેલાં બદનવાળી એ યુવતીએ ઊંચે સુધીનાં મોજાં પહેર્યાં હતાં ને તે પર નીચી એવી કંચળી. એક કાળા પંખા પાછળથી એ ડોકિયાં કરતી હતી. તે હજી આગળ ધરી તેણે પૂછ્યું, "કેમ ચીજ છે ને?" લેફ્ટેનંટ ટૉંડરે ધ્યાનથી જોયું ને કહ્યું "ના મને નથી ગમતી."

"એનામાં શું નથી ગમતું?"

"બસ એમ જ નથી ગમતી. તારે એની છબીનું શું કામ છે?"

"કેમકે મને ગમે છે." ક્રેઇને કહ્યું. "ને મારી ખાત્રી છે કે તને પણ ગમે છે."

"બિલકુલ નહિ." ટૉંડરે કહ્યું.

"ત્યારે શું તારું ચાલે તો એની સાથે ન જાય એમ?" પ્રેકલે પૂછ્યું.

"ના." ટૉંડરે કહ્યું.

"પાગલ છું પાગલ." પ્રેકલે કહ્યું ને બારી પાસેના પડદા પાસે ગયો. "હું આને અહીં ચોટાડવાનો છું. પછી જોઉં કે તને સતાવે છે કે નહિ." એમ કહી તેણે છબીને પડદા પર લગાડી.

કૅપ્ટન લોફ્ટે પોતાનો સરંજામ હાથમાં એકઠો કરી લીધો હતો; તેણે કહ્યું, "લેફ્ટેનંટ, એ ચિત્ર અહીં શોભતું નથી. બહેતર તેને લઈ લો. ગામલોકો પર એની સારી અસર નહિ થાય."

"શાની નહિ થાય?" પાટિયા પરથી ઊંચું જોઈ હંટરે પૂછ્યું, ને તેની નજર છબી તરફ ગઈ. "એ કોણ છે?"

"એક નટી છે." પ્રેકલે કહ્યું.

હંટરે જરા ધ્યાનથી જોઈ પૂછ્યું, "ઓહ! તું એને ઓળખે છે?"

"કોઈ રખડેલ છે." ટૉંડરે કહ્યું.

"ત્યારે તું એને ઓળખે છે, એમ." હંટરે કહ્યું.

ટૉંડર સામે પ્રેકલ ધારીને જોઈ રહ્યો હતો. "એ રખડેલ છે એમ તને ક્યાંથી ખબર? કહે."

"એવી દેખાય છે તો." ટૉંડરે કહ્યું.

"તું એને ઓળખે છે?"

"ના. ને ઓળખવાની ઇચ્છાયે નથી."

પ્રેકલે પૂછવા માંડયું, "ત્યારે કેમ ખબર પડી?" ત્યાં લોફટે વચ્ચે ઝુકાવ્યું. "ભલા થઈને એ છબી લઈ લો. જોઈતું જ હોય તો તમારા પલંગે લટકાવો. આ ઓરડો તો કામ માટેનો છે."

સામે થવાનો હોય એમ લોફટ સામે જોઈ એ કંઈ બોલવા જતો હતો ત્યાં લોફટે કહ્યું, "એ હુકમ છે, લેફ્ટેનંટ." બિચારા પ્રેકલે છબી ઉતારી લીધી ને ખિસ્સામાં પાછી મૂકી દીધી. પછી વિષય બદલવાનો પ્રયત્ન કરતાં તેણે કહ્યું, "ભલે, આ ગામમાં યે થોડી સુંદર છોકરીઓ છે. આપણે જરા ઠરી ઠામ થઈએ ને બધું બરાબર ચાલે કે થોડીની ઓળખાણ કરીશું."

"પહેલાં તો ક્ષ ૧૨ વાંચી જાઓ. જાતીય સંબંધ માટે તેમાં એક ખાસ પ્રકરણ છે." એમ કહી, પોતાનો અસબાબ ઊંચકી લોફટ ચાલતો થયો. હંટરના ખભા ઉપરથી જોતાં જોતાં લેફ્ટેનંટ ટૉંડરે કહ્યું, "એ આબ્બાદ છે. કોલસાની ગાડીઓ ખાણુમાંથી સીધી વહાણ પર પહોંચે છે."

હંટરે ધીમેથી કામમાંથી જોઈ કહ્યું, "આપણે તાકીદ રાખવી જોઈએ. એ કોલસાને ખસેડવા માંડવા જોઈએ, એ કામ ભારે છે. ત્યાંના લોકો શાન્ત ને સમજુ છે એટલું સારું."

પોતાનો સામાન મૂકીને લોફટ પાછો આવ્યો. બારી પાસે ઊભા રહી બંદર તરફ ને ખાણો તરફ નજર કરી તેણે કહ્યું, "એ લોકો શાન્ત ને સમજુ છે કેમકે આપણે શાન્ત ને સમજુ

છીએ. એનો જશ આપણને છે. એટલે તો હું આપણાં વર્તન ઉપર આટલો ભાર મૂકું છું. એ ખૂબ જ ખંતથી યોજાયું છે."

બારણું ઊઘડયું ને કર્નલ લૅન્સરે કોટ કાઢતાં અંદર પ્રવેશ કર્યો. તેનાં માણસોએ તેને લશ્કરી સલામ આપી: બહુ કડક નહિ પણ પૂરતી, "કૅપ્ટન લૉફ્ટ, તમે જઈ જરા બૅંટિકને છૂટો કરશો? તેને ઠીક નથી, ચક્કર આવે છે એમ કહે છે."

"હા. જી સાહેબ. પણ એટલું કહું કે હજી હમણાં જ હું કામ પરથી ચાલ્યો આવું છું."

જવામાં વાંધો નહિ હોય એમ આશા રાખું છું." તેની સામે ધ્યાનથી જોતાં લૅન્સરે કહ્યું.

"ના, જી સાહેબ, બિલકુલ નહિ. માત્ર નોંધ ખાતર જ એટલું જણાવું છું."

"હેવાલો જાય એમાં તમારું નામ આવે એ તમને ગમે છે, નહિ?" જરા નરમ પડતાં ને હસીને લૅન્સરે કહ્યું.

"એમાં કંઈ નુકસાન તો નથી સાહેબ."

"ને પૂરતી વાર તમારું નામ આવે એટલે છાતી પર વાનો શો ચાંદ લટકશે." લૅન્સરે કહ્યું.

"લશ્કરી કારકિર્દીના એ માર્ગ-સ્થંભો છે, સાહેબ."

"હા. એ ખરું." જરા નિઃશ્વાસ મૂકી લૅન્સરે ઉમેર્યું, "પણ એ તમે યાદ નહિ કરો. કૅપ્ટન."

"એટલે જી?" લૉફ્ટે પૂછ્યું.

"એનો અર્થ તમને પછી ખબર પડશે—કદાચ."

"જી, સાહેબ." ફરી તેણે પોતાનો સરંજામ ઝટઝટ લટકાવી દીધો ને તે બહાર ગયો. લાકડાંના દાદર પર તેના જોડાનો ચડઅડ અવાજ જરા આનન્દથી સાંભળતાં લેન્સરે કહ્યું, "આ ચાલ્યો એક આજન્મ યોદ્ધો."

હંટરે ઊંચું જોયું, કલમને અદ્ધર રાખીને કહ્યું, "આજન્મ ગદ્ધો!"

"ના." લેન્સરે કહ્યું. "વણાઓ જેમ મુત્સદ્દી થતા જાય છે એમ એ યોદ્ધો થતા જાય છે. થોડા વર્ષોમાં એ યુદ્ધસંચાલન સેનાની બની જશે. પછી દુરથી લડાઈને જોશે ને હંમેશાં તેનાથી ખુશ રહેશે."

"લડાઈ ક્યારે ખલાસ થશે, સાહેબ?" લેફ્ટેનંટ ફ્રેંકલે પૂછ્યું.

"ખલાસ? ખલાસ? એટલે શું?"

"એટલે આપણી ક્યારે જીત થશે?" ફ્રેંકલે ચલાવ્યું.

લેન્સરે માથું ધુણાવ્યું ને કહ્યું, "કોણ જાણે. હજી દુનિયામાં દુશ્મનો છે."

"પણ આપણે તેને સાફ કરી નાખીશું ને?"

"એમ?" લેન્સરે સામું પૂછ્યું.

"નહિ ત્યારે?"

"હા. હા. આપણે હંમેશાં જીતીએ જ છીએ ને."

ફ્રેંકલે જરા ઉત્સાહમાં આવી ઉમેર્યું, "જો નાતાલ સુધીમાં બધું શાંત થઈ જાય તો લાંબી રજા મળી શકશે ખરું ને?"

"કંઈ કહેવાય નહીં." લૅન્સરે કહ્યું. "દેશથી હુકમો આવે તે પર આધાર છે. તમારે નાતાલ પર ઘેર જવુ છે ?"

"જરા ગમે તો ખરું."

"ઘણું ખરું તો જઈ શકશો...ઘણું ખરું." લૅન્સરે કહ્યું.

"લડાઈ પૂરી થશે પછી આપણે કંઈ કબજો નહિ છોડીએ, ખરું સાહેબ ?" લેફ્ટેનંટ ટૉંડરે પૂછ્યું.

"શી ખબર ! કેમ ?" કર્નલે સામું પૂછ્યું.

"આ સુન્દર દેશ છે: લોકો પણ સારા છે. આપણામાંના કોઈ અહીં રહી પણ પડે."

"કોઈ મનપસંદ જગા જડી ગઈ છે કે શું ?" હસતાં હસતાં લૅન્સરે પૂછ્યું.

"હા. અહીં થોડી સરસ વાડીઓ છે. ચારપાંચ સામટી કરી હોય તો જરૂર રહેવા જેવું થાય." ટૉંડરે કહ્યું.

"તમારે બાપીકી જમીન નથી ?" લૅન્સરે પૂછ્યું.

"જી ના હવે નથી. નાણાંના ફુગ્ગામાં બધું તણાઈ ગયું."

બચ્ચાંઓ જોડે વાત કરીને લૅન્સર કંટાળ્યો હતો. તેણે કહ્યું, "ખેર, હજી તો આ લડાઈ લડી લેવાની છે. હજી કોલસા બહાર કઢાવવા છે. લડાઈ પતી જાય ત્યાં સુધી એ વાડીવજીફા કરવાની રાહ જોઈ શકશો ને ? ઉપરથી જ એ બાબતના હુકમો આવશે. કૅપ્ટન લોફ્ટ એ તમને કહી શકશે." ને બોલતાં તેનો ભાવ બદલાયો. "હંટર, તમારું લોખંડ કાલે આવી જશે. આ અઠવાડિયામાં તમારા પાટાનું કામ શરૂ કરી શકશો."

બારણાં પર ટકોરા થયા ને એક પહેરેગીરે ડોકિયું કર્યું. તેણે કહ્યુ, "મિ. કોરેલ આપને મળવા માગે છે, જી."

"અંદર મોકલ." કર્નલે કહ્યું. ને બીજાઓને ઉદ્દેશીને ઉમેર્યું, અહીંની બધી પૂર્વતૈયારીનું કામ આ માણસે કર્યું હતું. એ કંઈ ધમાલ કરશે ખરો."

"એણે કામ બરાબર ઠીક કર્યું હતું?" ટૉંડરે પૂછ્યું.

"હા. અને અહીંના માણસોમાં એ લોકપ્રિય નહિ થાય. મને થાય છે કે આપણામાંયે થશે કે કેમ."

"એને જશ તો જરૂર ઘટે છે." ટૉંડરે કહ્યું.

"હા. ને એ વસૂલ કર્યા વિના રહેશે એમ ધારો છો?" લૅન્સરે કહ્યું.

હાથ મસળતો કોરેલ અંદર આવ્યો. દોસ્તી ને ભલાઈનાં તેનામાંથી જાણે કિરણો ફૂટતાં. ધંધાદારીઓના જેવો કાળો ડગલો તેણે હજી પહેર્યો હતો પણ તેના માથા પર સફેદ પટ્ટી લગાડેલી હતી. ઓરડાની વચ્ચે સુધી આવી તેણે કહ્યું, "સલામ કર્નલ સાહેબ, નીચેની ધમાલ પછી ગઈ કાલે જ મારે આવવું હતું, પણ મને લાગ્યું કે તમે બહુ કામમાં હશો."

કર્નલે તેની સલામીનો સ્વીકાર કર્યો ને પછી અર્ધગોળાકારે હાથ ફેરવી કહ્યું, "આ અમારા અફસરો, મિ. કોરેલ."

"ફક્કડ જુવાનિયા છે." કોરેલે કહ્યું. "તેમણે આબાદ કામ કર્યું છે. મેં પણ તૈયારી કરવામાં ઠીક મહેનત લીધી હતી."

હંટરે તેનાં પાટિયા પર નજર ઢાળી દીધી, કલમ કાઢીને

નકશા પર શાહીની લીટી દોરવા માંડી.

"હા, તમે ઠીક કર્યું હતું. ને પેલા છ માણસોને ય મરાવ્યા ન હોત તો સારું થાત, એ સિપાહીઓ પાછા આવ્યા જ ન હોત તો સારું એમ મને થાય છે."

કોરેલે પોતાના હાથ પસારી કહ્યું, "આવડા ગામને સારુ છ નાં મોત એ કંઈ બહુ નથી. ને વળી અહીં કોલસાની ખાણ પણ છે."

લૅન્સરે જરા સખ્તાઈથી કહ્યું, "જો ત્યાંથી પતી જ જતું હોય તો માણસો મારવાની હું વિરુદ્ધ નથી. પણ કોઈક વાર એ ન કરવું બહેતર છે."

કોરેલ અફસરોને જોયા કરતો હતો. આંખના ખૂણામાંથી લેફ્ટેનન્ટો સામે જોઈ તેણે પૂછ્યું, "આપણે—બને તો—એકલા વાત કરી શકીએ, કર્નલ સાહેબ?"

"હા. તમારી ઇચ્છા હોય તો. લેફ્ટેનન્ટ પ્રૅકલ, લેફ્ટેનન્ટ ટૉંડર, તમારા ઓરડામાં જશો?" કર્નલે કોરેલને કહ્યું, "મેજર હંટર તો કામમાં છે ને એ કામમાં હોય ત્યારે કંઈ સાંભળતા નથી." હંટરે પાટિયા પરથી નજર ફેરવી, આસ્તેથી હસી દીધું ને પાછું નીચે જોયું. લેફ્ટેનન્ટો ગયા એટલે લૅન્સરે કહ્યું, "બોલો, હવે, પણ બેસો તો ખરા."

"મહેરબાની સાહેબ," કહી કોરેલ ટેબલ પાછળ બેઠો.

લૅન્સરે તેના માથાપરની પટ્ટી જોઈને સ્પષ્ટતાથી પૂછ્યું, "એ લોકોએ તમને મારી નાખવાની કોશિષ શરૂ યે કરી

દીધી કે શું ?"

કોરેલે પટ્ટીને અડી પૂછ્યું, "આ ? અરે એ તો ટેકરી પરથી આજ સવારે એક પથ્થર પડ્યો તેની ચોટ લાગી છે."

"કોઈએ ફેંક્યો તો નહોતો ને ?" કર્નલે પૂછ્યું.

"એટલે ?" કોરેલે પૂછ્યું. "આ કંઈ ઝનૂની લોકો નથી. સો વરસથી તો અહીં લડાઈ થઈ નથી. લડવું શું એ પણ તેઓ ભૂલી ગયા છે."

"હશે તમે એમની સાથે રહ્યા છો. તમે જાણો." કહી કર્નલે કોરેલની વધારે નજીક જઈ કહ્યું, "પણ જો તમને સલામત રહેવા દે તો આખી દુનિયા કરતાં આ જુદી જ જાતના લોકો હોવા જોઈએ. બીજા દેશો કબજે કરવામાં મેં પણ આગાઉ મદદ કરી છે. વીસ વરસ પહેલાં હું બેલ્જિયમમાં હતો ને ફ્રાન્સમાં પણ." તેણે જરા માથું ધુણાવ્યું ને પછી જરા કડકાઈથી ઉમેર્યું, "તમે અચ્છું કામ કરી બતાવ્યું છે. તમારો પાડ. તમારા કામની નોંધ, મેં મારા હેવાલમાં મોકલી છે."

"ઉપકાર સાહેબ, મેં મારાથી બનતું કર્યું."

જરા કંટાળાથી લૅન્સરે કહ્યું, "પણ હવે આપણે શું કરીશું ? તમારે દેશ પાછા જવું છે ? ઉતાવળ હોય તો કોલસાના વહાણમાં તમને બેસાડી દઈએ. ને રજા જોતી હોય તો વિનાશિકાની સગવડ કરાવું."

"પણ મારે પાછા જવું જ નથી. મારે તો અહીં રહેવું

છે." કોરેલે કહ્યું.

ક્ષણભર તેની સામે જોઈ લૅન્સરે કહ્યું: 'તમે જાણો છો ને મારી પાસે બહુ માણસો નથી. તમને જોઈએ તેટલા રક્ષકો નહિ અપાય."

"પણ મારે રક્ષકોની યે જરૂર નથી. કહું છું ને કે આ હિંસાત્મક લોકો નથી."

લૅન્સરે તેના પાટા પર નજર કરી. હંટરે તેના પાટિયા પરથી ઊંચું જોયું ને 'તમે હેલ્મેટ પહેરવા માંડો તો સારું'" કહી નીચે વળી પાછું કામ શરૂ કરી દીધું.

ખુરસીમાં જરા આગળ આવી કોરેલે કહ્યું: "કર્નલ સાહેબ, આપની સાથે મારે ખાસ વાત કરવી હતી. અહીંના દીવાની વહીવટમાં હું મદદ કરી શકું એમ મને લાગ્યું."

લૅન્સરે પીઠ ફેરવી બારી સુધી ચાલી જઈ બહાર જોયું, ને પછી એકદમ તેના તરફ ફરી પૂછ્યું: "તમારા મનમાં શું છે?"

"જુઓ ને, તમે વિશ્વાસ રાખી શકો તેવો દીવાની વહીવટ તમારે જોઈશે. મને લાગ્યું કે મેયર ઑર્ડનને હવે રાખવાની જરૂર નથી...અને...અને....જો મને તેનો હોદ્દો મળે તો એ રીતે લશ્કર સાથે સહકારથી કામ થાય."

લૅન્સરની આંખો જરા વિકસતી ને ચમકતી લાગી. કૉરેલની પાસે આવી તેણે તીક્ષ્ણ અવાજે પૂછ્યું: "તમારા હેવાલમાં તમે આ વાત લખી છે?"

"હં. હા. કુદરતી રીતે જ; પરિસ્થિતિનું પૃથક્કરણ કરતાં."

લેન્સરે વચ્ચે જ કહ્યું, "અમારા આવ્યા પછી કોઈ ગામ-લોકો જોડે તમારે વાત થઈ?—એટલે કે મેયર સિવાય કોઈ બીજા જોડે?"

"ના. એ તો બધા હજી જરા ડઘાયેલા છે, એમને આવું કંઈ થશે એવો ખ્યાલ જ ન હતો." જરા હસીને ફરી કહ્યું: "ના સાહેબ, એમને બિલકુલ ખ્યાલ જ નહોતો."

પરંતુ લેન્સરે પોતાના મુદ્દાને પકડી રાખ્યો: "એટલે લોકો અત્યારે શું ધારે છે એની તમને ખબર નથી એમ જ ને?"

"કેમ, એ તો ડઘાયેલા જ છે—જાણે સ્વપ્નાવસ્થામાં છે."

"તમારે માટે એમનો શો મત છે એ જાણો છો?" લેન્સરે પૂછ્યું.

"મારે અહીં ઘણા દોસ્તો છે. હું દરેકને ઓળખું છું."

"તમારી દુકાનમાંથી આજે કોઈએ કંઈ ખરીદી કરી?"

"બધો ધંધો તો બંધ જ છે ને કોઈ કંઈ લેતું નથી."

લેન્સરે ઓચિન્તી ઢીલ છોડી ખુરસી પર બેસી જઈ તેણે શાન્તિથી કહ્યું: "તમારી સેવાની શાખા મુશ્કેલ પણ બહાદુરી ભરેલી છે. તેનો સુંદર બદલો મળવો જોઈએ."

"આભાર, સાહેબ."

"ધીમે ધીમે લોકો તમને ધિક્કારતા થશે."

"એ હું જીરવી શકીશ, સાહેબ. એઓ તો દુશ્મનો છે."

એક લાંબી પળ સુધી થોભી આસ્તેથી લેન્સરે કહ્યું, "ને

અમારું માન પણ તમે ખોશો."

ઉશ્કેરાટમાં કૉરેલ ખુરસી પરથી ઊભો થઈ ગયો. "નાયકના વચનથી આ વિરુદ્ધ છે." તેણે કહ્યું. "નાયક કહે છે કે સેવાની બધી શાખાઓ સરખી માનાસ્પદ છે."

લૅન્સરે શાન્તિથી ચાલુ રાખ્યું: "નાયકની જાણમાં આવે તો સારું. હું ઇચ્છું છું કે એઓ સિપાહીઓનાં મન વાંચી શકે." ને જાણે દયા ખાતો હોય તેમ ફરી તેણે કહ્યું, "તમને પૂરેપૂરો બદલો મળવો જોઈએ." ક્ષણેક શાન્ત રહી જરા તંગ બની તેણે કહ્યું, "અને હવે આપણે નક્કી વાત પર આવીએ. આ બધું મારા હાથ નીચે છે. મારું કામ કોલસો મેળવવાનું છે. તે માટે વ્યવસ્થા અને નિયમન જાળવવાં જોઈએ અને એ માટે લોકોના મનમાં શું છે તે મારે જાણવું જોઈએ. બંડની મારે અપેક્ષા રાખવી જોઈએ. તમને એ સમજાય છે?"

"આપને જોઈતી બાતમી હું લાવી આપી શકું, સાહેબ. મેયર તરીકે હું હોઈશ તો ફેર પડશે." કૉરેલે કહ્યું.

લૅન્સરે માથું ધુણાવ્યું. "મને એ બાબત કંઈ હુકમ નથી. મને ઠીક લાગે તે મારે કરવાનું છે. મને થાય છે કે અહીં શું ચાલે છે તેની તમને હવે કદી ખબર નહિ પડે. તમારી સાથે કોઈ વાત નહિ કરે: અને માત્ર પૈસા ખાતર જીવતા, જીવી શકતા, લોકો સિવાય કોઈ તમારી પાસે નહિ આવે. રક્ષણ વિના ફરવું તમારે માટે સલામત નહિ રહે. એના કરતાં દેશ પાછા ફરો તો અમે ઘણા ખુશી થઈશું ને તમારી સુંદર

સેવાનો તમને બદલો મળશે."

"પણ મારું સ્થાન તો અહીં છે." કોરેલે કહ્યું. "મેં મારે માટે જગ્યા બનાવી છે. મારા હેવાલમાં એ બધું છે."

સાંભળ્યું ન હોય તેમ લેન્સરે ચલાવ્યું, "મેયર ઑર્ડન એક મેયર કરતાં વિશેષ છે. એ એટલે લોકો. લોકો શું કરે છે, વિચારે છે, પૂછે છે તે બધું એ જાણે છે: કેમકે લોકોની જે ભાવના છે તે તેની છે. જોયા કરીને હું લોકોને ઓળખી શકીશ. એણે જ રહેવું પડશે. એ મારો નિર્ણય છે."

"આમ વિદાયગીરી કરતાં સારો બદલો મારા કામને ઘટે છે."

"હા, તે ખરું." લેન્સરે આસ્તેથી કહ્યું. "પણ જે મુખ્ય કામ હવે બાકી છે એમાં તમે અંતરાય થઈ પડશો. લોકો હજી તમને ધિક્કારતા નહિ હોય તો ધિક્કારશે. કોઈ પણ નાના છમકલાંના તમે પહેલા ભોગ થઈ પડશો. તમે પાછા જાઓ એવું જ હું તો સૂચવવાનો છું."

"મારા મોકલેલા હેવાલનો જવાબ દેશથી આવે એટલી તો રાહ જોવા દેશો ને?" કોરેલે અક્કડ થઈ પૂછ્યું.

"હા. અલબત. પણ તમારી પોતાની સલામતી ખાતર પાછા જવાની હું ભલામણ કરીશ. ખરું કહું તો હવે તમારું અહીં કંઈ જ કામ નથી. પણ—ને બીજી યોજનાઓ ને બીજા દેશો હશે. કોઈ નવા દેશના નવા ગામમાં કદાચ તમારે જવાનું થશે. નવા ક્ષેત્રમાં નવો વિશ્વાસ મેળવશો. કદાચ તમને મોટું

ગામ કે શહેર આપવામાં આવશે. તેટલી જવાબદારી વધારે. અહીંના તમારા કામ માટે તો હું ખૂબ જ ભલામણ કરીશ."

સંતોષથી કૉરેલની આંખો ચમકવા લાગી. "આભાર, સાહેબ" તેણે કહ્યું. "મેં ખૂબ મહેનત કરી છે. તમારું કહેવું ઠીક છે. પણ દેશથી જવાબ આવે એટલી રાહ જોવા દેવી પડશે."

લૅન્સરે તંગ અવાજે કહ્યું, "હેલ્મેટ પહેરો, ઘરમાં રહો, રાતના તો બહાર જશો જ નહિ ને ખાસ તો દારૂ ના પીશો. કોઈ સ્ત્રી કે પુરુષનો વિશ્વાસ કરશો નહિ. ગળે ઊતરે છે?"

લાચારીથી કૉરેલે કર્નલ સામે જોયું. "આપ સમજ્યા નહિ. મારે નાનું શું ઘર છે. એક ગ્રામ્ય ગોરી મારી સેવા ચાકરી કરે છે. મારા પણ તેને થોડું હેત પર છે. આ તો સાદા ને શાન્ત લોકો છે. હું તેમને ઓળખું છું."

લૅન્સરે કહ્યું, "દુનિયામાં શાન્ત લોકો છે જ નહિ, એ તમે ક્યારે શીખશો? મૈત્રી રાખતા લોકો પણ નથી, એ ક્યારે સમજશો? આપણે આ દેશ પર આક્રમણ કર્યું છે. તમે, આ લોકો જેને દગો કહે છે તેનાથી તે માટે તૈયારી કરી હતી." તેનું મો લાલ થઈ ગયું ને મોટે અવાજે તેણે કહ્યું, "તમને ખ્યાલ નથી કે આપણી ને આ લોકોની વચ્ચે લડાઈ ચાલે છે?"

કૉરેલે ઠંડે કલેજે જવાબ આપ્યો: "આપણે એમને હરાવ્યા છે."

કર્નલે ઊભા થઈ જઈ લાચારીથી આમતેમ હાથ વીંઝયા એટલે હંટરે ઊંચું જોઈ પાટિયાનું રક્ષણ કરવા પોતાનો હાથ આગળ ધરી દીધો. "જોજો, સાહેબ. હું શાહીથી દોરું છું. એ બધું ફરીને કરવું આકરું થઈ પડશે."

લૅન્સરે તેની સામે જોઈ દિલગીરી બતાવી ને કોઈ વર્ગને શીખવતો હોય તેમ ચલાવ્યું, "હાર એ ક્ષણિક વસ્તુ છે. હાર બહુ લાંબી ચાલતી નથી. આપણે ય હાર્યા હતા ને હવે પાછા હલ્લો કરીએ છીએ. હારનો કંઈ અર્થ નથી. તમને એટલું સમજાતું નથી? બારણાં પાછળ એઓ શું કહે છે તે જાણો છો?"

"આપ જાણો છો?" કોરેલે પૂછયું.

"ના. પણ મને વહેમ છે કે શું."

કોરેલે અર્થસૂચકતાથી પૂછયું, "કર્નલ સાહેબ, આપને બીક લાગે છે? આ તાબે કરનાર લશ્કરના સેનાપતિને ભય લાગવો જોઈએ?"

લૅન્સર બેસી પડ્યો ને તેણે કહ્યું, "કદાચ એ હશે." ને પછી કંટાળેલે અવાજે કહ્યું, "લડાઈમાં કદી ગયા ન હોય પણ લડાઈ વિષે બધું જાણતા હોય એવા લોકોથી તો તોબા." હાથ પર પોતાની દાઢી ટેકવી તેણે આગળ કહ્યું, "બ્રસેલ્સની એક નાજુક ડોસી મને યાદ આવે છે—મીઠું મોં, સફેદ વાળ, બહુ ઊંચી નહિ, ને કોમળ કરચલિયાળ હાથ. ચામડી નીચેની નસો લગભગ આરપાર દેખાતી હતી. તેના માથા પર તે

કાળી શાલ ઓઢતી ને મીઠા ગૂંજતા અવાજે તે અમારાં રાષ્ટ્રગીતો ગાતી. સિગારેટો ને કુંવારિકાઓનો તે પત્તો મેળવી દેતી." દાઢી પરથી તેનો હાથ જાણે પડી ગયો હોય, ઊંઘમાંથી ઝબકી ગયો હોય તેમ તેણે ચલાવ્યું, "અમને ખબર નહિ કે એના દીકરાને ઠાર કરવામાં આવ્યો હતો. અને આખરે અમે જ્યારે તેને પણ ઠાર કરી ત્યાં સુધીમાં તો તેણે એક કાળા સોયાથી બાર જણને મારી નાખ્યા હતા. હજી ઘેર પડ્યો છે. તેના ઉપર લાલ-ભૂરા પક્ષીના ચિત્રવાળું એક બટન છે."

"પણ તેના પર તમે ગોળી ચલાવી હતી ને?" કોરેલે પૂછ્યું.

"હા, અમે ઠાર કરી હતી."

"ને પછી ખૂનો અટકી ગયાં ને?" કોરેલે પૂછ્યું.

"ના. ખૂનો અટક્યાં નહિ. અને છેવટ અમારે પાછા હઠવું પડ્યું ત્યારે લોકોએ પાછળ રહી ગયેલા સિપાહીઓને રહેંસી નાખ્યા, કેટલાકને થાંભલા પર ખીલા ઠોકી જડી દીધા."

"આ બધી વાતો અત્યારે કરવા જેવી નથી." કોરેલે કહ્યું.

"એ બધી યાદ કરવા જેવી યે નથી."

"તમને બીક લાગતી હોય તો તમારે સેનાપતિ રહેવું ન જોઈએ."

"મને કેમ લડવું તે આવડે છે, સમજ્યા?" આસ્તેથી લૅન્સરે કહ્યું.

"એ આવડતું હોય તો તમે બેવકૂફ ભૂલો તો ન કરો."

"તરુણ અફસરો સાથે પણ તમે આ રીતે વાતો કરો છો?"

"ના. તેઓ તો એ માને જ નહિ." લેન્સરે માથું ધુણાવી કહ્યું.

"ત્યારે મને કેમ કહો છો?"

"કેમકે તમારું કામ પતી ગયું છે, મિ. કોરેલ. મને યાદ છે એક વાર"—ને એ વાક્ય પૂરું કરે તે પહેલાં દાદર પર પગનો ધડધડ અવાજ આવ્યો ને બારણું એકદમ ખૂલી ગયું. પહેરેગીરે અંદર જોયું ને કેપ્ટન લોફ્ટ તેને બાજુ પર હટાવી અંદર આવ્યો. તે ઠીંગણો, અક્કડ, લશ્કરી હતો "સાહેબ, ધમાલ ચાલે છે." તેણે કહ્યું.

"ધમાલ?"

"કેપ્ટન બેંટિકનું ખૂન થયું છે, સાહેબ." લશ્કરી હેવાલ દેવાની રીતથી લોફ્ટે ઉચ્ચાર્યું.

"ઓ—હા—બેંટિક." લેન્સરે કહ્યું.

દાદર પર ઘણાં પગલાંના અવાજો આવ્યા ને ડોળી લઇ બે માણસો અંદર આવ્યાં: કામળાથી છવાયેલી આકૃતિને તેઓ ઊંચકી લાવ્યા હતા.

"તમારી ખાતરી છે કે એનું મોત થઇ ગયું છે?"

"ચોક્કસ." લોફ્ટે કડકાઈથી કહ્યું.

શયનગૃહમાંથી લેફ્ટેનંટો અંદર આવ્યા: તેમનાં મોં વિકસી ગયાં હતાં ને ભયભીત લાગતાં હતાં. લેન્સરે ડોળીવાળાને કહ્યું, "એને અહીં મૂકો," ને બારી પાસેની દીવાલ બતાવી. એ ગયા

ત્યારે લેન્સરે ઘૂંટણ પર પડી કામળાનો છેડો ઊંચકી જોયું ને છેડો તરત પાછો મૂકી દીધો. એ જ સ્થિતિમાં રહ્યાં તેણે લોફ્ટને પૂછ્યું, "આ કોણે કર્યું?"

"ખાણના કામગારે."

"શા વાસ્તે?"

"હું ત્યાં જ હતો, સાહેબ."

"ત્યારે ખબર કરો. તમારો હેવાલ આપો. જુઓ છો શું?"

લોફ્ટ ટટ્ટાર થઈ ગયો ને બરાબર અદાથી તેણે કહ્યું, "કર્નલ સાહેબના ફરમાન મુજબ મેં કૅપ્ટન બેંટિકને છૂટા કર્યા. એ અહીં આવવા ઊપડતા હતા ત્યાં મારે એક ખાણના કામગાર જોડે બોલાચાલી થઈ. તેને કામ છોડી ચાલી જવું હતું. માણસ આઝાદ છે એ મતલબની એ કંઈ બૂમો પાડતો હતો. મેં એને કામ પર જવાનો હુકમ કર્યો ત્યારે તે કોદાળી લઈ મારા તરફ ધસી આવ્યો. કૅપ્ટન બેંટિકે વચ્ચે પડવા પ્રયત્ન કર્યો." કહી તેણે તેના મૃતદેહને બતાવ્યો.

ઘૂંટણ પર રહ્યાં જ લેન્સરે માથું ધુણાવ્યું. "બેંટિક વિચિત્ર માણસ હતો. તે અંગ્રેજોનો આશક હતો. એ લોકોનું બધું તેને ગમતું. તેને લડવાનો બહુ શોખ નહોતો એમ મને લાગે છે...એ માણસને તમે પકડયો છે?"

"જી, હા." લોફ્ટે કહ્યું.

લેન્સરે આસ્તેથી ઊભા થઈ મનમાં જ બોલતો હોય એમ કહ્યું, "ફરીને પાછું એ જ શરૂ થાય છે. આપણે આ એકને

મારીશું ને બીજા વીસ દુશ્મન ઊભા થશે. આપણને એ જ આવડે છે. ફક્ત એ જ આવડે છે."

"આપે શું કહ્યું, જી?" પ્રેકલે પૂછયું.

"કંઈ નહિ, કંઈ નહિ." લેન્સરે કહ્યું. "હું તો માત્ર વિચાર કરતો હતો." ને લોફ્ટ તરફ ફરીને કહ્યું, "મેજર ઓર્ડનને મારા સલામ જાહેર કરો ને કહો કે મારે તેને તરત મળવું છે. બહુ જ અગત્યનું છે."

મેજર હંટરે ઊંચું જોયું, શાહીવાળી કલમ ધ્યાનથી લૂછી ને મખમલની એક પેટીમાં તેને મૂકી દીધી.

પ્રકરણ ત્રીજું

ગામમાં લોકો ચડેલે મોંએ ફરતા હતા. તેમની આંખમાંથી અજાયબીની ચમક દૂર થઈ હતી પણ હજી તેમાં રોષ ભરાયો ન હતો. કોલસાની ખાણમાં મજૂરો માલગાડીને રીસમાં ધક્કેલતા. નાના દુકાનદારો લોકોને માલ આપતા પણ કોઈ કંઈ બોલતુ નહિ. વાતો થતી તો એક બે શબ્દોમાં. દરેક લડાઈનો વિચાર કરતું, પોતાનો વિચાર કરતું, ભૂતકાળનો વિચાર કરતું ને બધું કેવું સદંતર બદલાઈ ગયું હતું તેનો.

મેયર ઑર્ડનની હવેલીના દીવાનખાનામાં આતશ જળી રહ્યો હતો ને દીવા બળતા હતા; કેમકે દિવસ ધુમ્મસવાળો હતો ને ઠંડી પુષ્કળ હતી. એ ઓરડામાં પણ ફેરફાર શરૂ થઈ ગયો હતો. ભરતકામવાળી ખુરસીઓને પાછળ હઠાવી દીધી હતી; નાનાં ટેબલો દૂર થઈ ગયાં હતાં અને બારણામાંથી એક મોટું ચોરસ જમવા માટેનું ટેબલ જોસફ અને ઍની અંદર લાવવા મથતાં હતાં. તેને એક બાજુ પર વાળી લીધું હતું. જોસફ દીવાનખાનાની અંદર આવી ગયો હતો ને ઍનીનો રતુમડો ચહેરો બારણામાંથી દેખાતો હતો. જોસફે

ટેબલના પાયાને સિફતથી અંદર લીધા ને કહ્યું, "ધક્કો ‥
મા ને ઍની ? હં. આવવા દે હવે."

"લે હવે મૂઆ." લાલ આંખવાળી, લાલ નાકવાળી, રીસભરી ઍનીએ કહ્યું. તે થોડીઘણી તો હંમેશાં ગુસ્સે રહેતી જ; અને આ સિપાહીઓ ને તેમણે લીધેલા કબજાથી તેનો સ્વભાવ સુધર્યો ન હતો. ખરું જોતાં તો ઘણાં વરસથી જેને ખરાબ મિજાજ ગણવામાં આવતો હતો તે હવે દેશભક્તિની લાગણી બની ગયો હતો. સિપાહીઓ પર ધગધગતું પાણી છાંટીને સ્વાતંત્ર્યની હિમાયતી તરીકે તેણે નામના મેળવી હતી. તેણે તો જે કોઈ તે પરસાળ પાસે આવ્યું હોત તેના પર છાંટયું હોત પણ બનવા કાળ એવો હતો કે એ વીરાંગના ગણાઈ ગઈ અને ક્યારથી તેની સફળતાની શરૂઆત થઈ હતી એટલે તે વધુ ને સતત રજોગુણ દાખવતી હતી.

"નીચે ભટકાય નહિ." જોસફે કહ્યું. ટેબલ બારણામાં સલવાઈ ગયું. "આસ્તે, સમાલ."

"મેં તો સમાલ્યું જ છે." ઍનીએ કહ્યું.

જોસફે જરા દૂર ખસી ટેબલને નિહાળ્યું ને ઍનીએ અદબ વાળી તેની સામે જોઈ રાખ્યું. જોસફે એક પાયાને ચકાસી જોયો. "અંહં, ધક્કો ના માર, આં જોરથી નહિ." જોસફે કહ્યું. ને પછી એકલે જ હાથે ટેબલ અંદર આણ્યું ને ઍની અદબ વાળી તેની પાછળ આવી. "હવે કરી દો ઊભું." જોસફે કહ્યું. ને ઍનીએ કહ્યું. "નામદારે કહ્યું ન

હોત તો હું કંઈ લાવત બાવત નહિ, હોં. ટેબલો ખસેડયા કરવાનો તેમને વળી શો હક્ક છે?"

"અરે, પહેલાં તો અહીં આવવાનો જ શો હક્ક છે!" જોસફે પૂછ્યું.

"જરા યે નહિ." એનીએ કહ્યું.

"જરા યે નહિ." જોસફે ફરી ઉચ્ચાર્યું. "મને લાગે છે કે હક્ક તો નથી, પણ એમ કરે છે. કારણ શું? એમની કને બંદૂક છે ને છત્રીધારીઓ છે એટલે સ્તો આમ કરે છે."

"એમને હક્ક જ નથી" એનીએ કહ્યું. "ને વળી ટેબલને અહીં લાવીને શું કામ છે? આ કંઈ જમવાનો ઓરડો નથી."

જોસફે એક ખુરસી ટેબલ પાસે ખસેડી ને પછી તેને ધ્યાનથી બરાબર જોઈએ તેટલા અંતરે ગોઠવી. "એઓ તો અહીં કામ ચલાવવાના છે." તેણે કહ્યું. "એલેક્ઝાંડર મૉર્ડન પર કામ ચલાવવાનો છે."

"મૉલી મૉર્ડનના વર પર?"

"મૉલી મૉર્ડનના વર પર."

"પેલાની કુહાડીથી કાશ કાઢવા સારુ?"

"હા, એમ જ." જોસફે કહ્યું.

"પણ એ તો સરસ માણસ છે. એના પર કામ ચલાવવાનો એ લોકોને હક્ક જ શું છે? મૉલીની વરસગાંઠ ઉપર તેને એણે સરસ લાલ પોશાક આપ્યો. એના પર કામ ચલાવવાનો એ લોકોને હક્ક શો છે?"

"પણ એણે પેલાને મારી નાખ્યો ને!" જોસફે સમજાવ્યું.

"ધારો કે માર્યો; પણ એણે એને હુકમ કર્યો. મેં એ વાત સાંભળી હતી. પણ ઍલેકસને કોઈ હુકમ કરે તે નથી ગમતું: એ તો એક વાર મુખી હતો ને તેનો બાપ પણ હતો. ને મૉલી મૉર્ડન કેવી સરસ મીઠાઈ બનાવે છે?" ઍનીએ જરા ઉદારતાથી કહ્યું, "પણ તેની ચાસણી જરા કડક થઈ જાય છે. ઍલેકસને એ લોકો શું કરશે?"

"ગોળીએ દેશે." જોસફે દુઃખી અવાજે કહ્યું.

"એ તે એ લોકોથી કેમ કરી શકાય?"

"ખુરસીઓ લાવ, ઍની...હા. બધું યે એ તો કરી શકે. અને ધરાર કરશે જ."

ઍનીએ તેના મોં આગળ આંગળી ધરી ગુસ્સામાં કહ્યું, "જોજે, મારું કહ્યું યાદ રાખજે. ઍલેકસને આંચ પણ આવી તો આપણા લોકોને ઠીક નથી લાગવાનું. લોકોને ઍલેકસ ગમે છે. એણે કોઈને કદી કંઈ કર્યું છે? એ કહો."

"ના." જોસફે કહ્યું.

"હ્યો, ત્યારે પછી એઓ ઍલેકસને કંઈ કરશે તો લોકો કંઈનું કંઈ કરી બેસશે, ને હું યે. મારાથી એ ખમાવાનું નથી."

"તું શું કરશે?" જોસફે પૂછ્યું.

"લે, હું જ થોડાકના જાન લઈશ." ઍનીએ કહ્યું.

"ને પછી એઓ તને ગોળીએ દેશે."

"ભલે ને. હું ખરું કહું છું જોસફ, બહુ કરવામાં માલ

નહિ. આખો દી આવજા કર્યાં કરવી ને લોકો પર ગોળી ચલાવવી."

ટેબલ આગળ જોસફે એક ખુરસી ગોઠવી ને જાણે કાવતરામાં ભળતો હોય એમ તેણે ધીમેથી કહ્યું, "ઍની."

તે અટકી પડી ને તેનો અવાજ સમજી તેની પાસે ગઈ. જોસફે કહ્યું, "એક ખાનગી વાત છે. કોઈને કહીશ નહિ ને?"

પ્રશંસાથી ઍનીએ તેની સામે જોયું, કેમકે જોસફ પાસે કદી ખાનગી વાતો ન હતી. "ના, ના. શું છે?"

"વિલિયમ ડીલ ને વૉલ્ટર ડોબલ કાલ રાત્રે છટકી ગયા."

"છટકી ગયા? ક્યાં?"

"દરિયાપાર એક હોડીમાં."

ઍની તો ખુશખુશ થઈ ગઈ. "બધાને આની ખબર છે?"

"બધાને તો નહિ...એટલે કે"—ને છત તરફ આંગળી બતાવી. "એ સિવાય બધાને."

"ક્યારે ગયા એ? મને કેમ ખબર ન પડી?"

"તું બહુ કામમાં હતી." ઠંડે અવાજે જોસફે ઉમેર્યું. "પેલા કોરેલો ઓળખે છે ને?"

"હા."

"એની આવરદા યે લાંબી નથી." વધારે નજીક આવી જોસફે કહ્યું.

"એટલે શું?" ઍનીએ પૂછ્યું.

"લોકોમાં વાત થાય છે."

"આ—આ—હ." એક નિઃશ્વાસ એનીએ મૂકયો.

જોસફને પણ પોતાનો મત હતો ખરો. "લોકો ભેગા થાય છે." તેણે કહ્યું. "તેમને તાબે થવું ગમતું નથી. જરૂર કંઈક થવાનું છે. આંખો ખોલી રાખજે એની, તારે પણ કંઈક કરવું પડશે."

"ને નામદારનું શું ત્યારે? એ શું કરશે?" એનીએ પૂછયું.

"કોઈને ખબર નથી." જોસફે કહ્યું. "કંઈ કહેતા નથી."

"આપણી સામે તો ન જ હોય." એનીએ કહ્યું.

"એ કંઈ બોલતા નથી." જોસફે ફરીને કહ્યું.

ડાબી તરફનું બારણું ઊઘડયું ને મેયર ઓર્ડને આસ્તેથી પ્રવેશ કર્યો. તે થાકેલા ને ઘરડા થઈ ગયેલા લાગતા. તેની પાછળ ડૉ. વિંટર અંદર આવ્યા. ઓર્ડને કહ્યું, "એ બરાબર છે, જોસફ. ઠીક કર્યું, એની. આ સારું લાગે છે."

એ બન્ને ચાલી નીકળ્યાં ને બારણું બંધ કરતાં પહેલાં જોસફે અંદર જરા નજર કરી લીધી.

મેયર ઓર્ડને આતશ પાસે જઈ ને શેક કરવા માટે પીઠ ફેરવી. ડૉકટર વિંટરે ટેબલ પાસેથી એક ખુરસી ખેંચી કાઢી ને તે પર જમાવ્યું. ઓર્ડને કહ્યું: "કોણ જાણે કેટલો વખત આ જગ્યા હું નિભાવી શકીશ. નથી લોકો મારામાં પૂરો વિશ્વાસ મૂકતા કે નથી તો દુશ્મનો મૂકતા. એ શું સારું કહેવાય?"

"શી ખબર!" ડૉ. વિંટરે કહ્યું, "પણ તમને તમારા

પોતામાં તો વિશ્વાસ છે ને? એ બાબત તો શક નથી ને?"

"શક? ના. હું મેયર છું પણ મને ઘણી ચીજોની ગમ નથી પડતી." ટેબલ તરફ આંગળી બતાવી આગળ ચલાવ્યું. "આ કામ અહીં શા વાસ્તે એ લોકો ચલાવવા માગે છે તે મને ખબર નથી. એઓ અહીં ઍલેક્સ મૉર્ડન પર ખૂનને માટે કામ ચલાવવાના છે. તમને ઍલેક્સ યાદ છે ને? એને એક સુન્દર સ્ત્રી છે—મૉલી."

"મને યાદ છે." વિંટરે કહ્યું. "નિશાળમાં એ શીખવવા જતી. મને બરાબર યાદ છે. એ એટલી સુન્દર છે કે જરૂર પડી ત્યારે ચશ્મા પહેરવાં તેને નહોતાં ગમતાં. પણ એ તો ખરું કે ઍલેક્સે અફસરનું ખૂન કર્યું. કોઈએ એની ના નથી પાડી."

ઑર્ડને કડવાશથી કહ્યું, "ના નથી પાડતાં. પણ એ લોકો જ કામ શા વાસ્તે નથી ચલાવતા? એને ગોળીથી મારી કેમ નથી નાખતા? આ કંઈ સંદેહ કે ખાતરીનો, ન્યાયાન્યાયનો સવાલ નથી. એ તો કંઈ છે જ નહિ. તો પછી તેના પર શા સારુ કામ ચલાવે છે—ને તે ય મારા જ ઘરમાં?"

વિંટરે કહ્યું, "મને લાગે છે કે તે બહારના દેખાવ સારુ છે. એ પાછળ એક ભાવના રહેલી છે. તમે કોઈ ચીજને ધોરણસર કરો તો એ ચીજ તમને માન્ય લાગે છે ને કોઈવાર લોકોને વસ્તુઓના બાહ્ય રૂપથી સંતોષ થાય છે. આપણે ય લશ્કર હતું—બંદુકવાળા સિપાહીઓ હતા—પણ એ કંઈ લશ્કર

હતું ખરું ? ચઢાઈ કરનારા કામ ચલાવશે જ ને લોકોને સમજાવશે કે એ ન્યાયપુરઃસર છે. એલેકસે કેપ્ટનને સાચે જ માર્યો હતો. પછી ?"

"હા. એ સમજાય તેવું છે." ઓર્ડને કહ્યું.

"ને તમારા ઘરમાં એ થાય તો લોકો ન્યાયની આશા રાખે"—ડૉ. વિંટર વાકય પૂરું કરે તે પહેલાં જમણી બાજુનું બારણું ઊઘડયું ને એક જુવાન સ્ત્રી અંદર આવી. ત્રીસેક વરસની તે એક સુન્દર સ્ત્રી હતી. તેનાં ચશ્મા તેણે હાથમાં રાખ્યાં હતાં. સાદી છતાં છટાદાર રીતે તેણે કપડાં પહેર્યાં હતાં ને જરા ઉશ્કેરાયેલી હતી. "એનીએ મને અંદર આવવા કહ્યું, જી." તેણે ઝટઝટ બોલી નાખ્યું.

"ભલે, ભલે, તમે મોલી મોર્ડન કે ?" મેયરે પૂછયું.

"જી, હા. લોકો વાત કરે છે કે એલેકસ પર કામ ચલાવી તેને ગોળીએ દેશે."

ઓર્ડને ઘડીભર જમીન સામે જોયું. મોલીએ ચલાવ્યું : "લોકો તો કહે છે કે તમે તેને સજા કરશો. તમારે કહ્યે એને જવાનું થશે !"

ઓર્ડને ચમકીને ઊંચું જોયું. "એટલે ? કોણ એમ કહે છે ?"

"ગામનાં લોકો." ટટ્ટાર થઇને અર્ધ વિનીત અર્ધ ઉન્નત ભાવે મોલીએ પૂછયું: "આપ એમ નહિ કરો ને ?...ખરુ ને, સાહેબ ?"

"જે હું નથી જાણતો તેની લોકોને ક્યાંથી ખબર ?" તેણે કહ્યું.

"એ જ એક મોટો ભેદ છે ને." ડૉ. વિંટરે કહ્યું. "દુનિયાભરના શાસક વર્ગને એ જ ભેદે મૂંઝવ્યા છે કે લોકોને ખબર કેમ પડે છે. કહે છે કે આ ચઢાઈ કરનારા અત્યારે મૂંઝાય છે કે આટલા જાપ્તા છતાં વાતો કેમ બહાર આવે છે. કોઈ બાબતની સત્યતા કેમ છટકી જવા પામે છે, એ મોટો ભેદ છે."

પેલી સ્ત્રીએ ઊંચું જોયું, કેમકે ઓરડામાં એકદમ અંધારું થતું લાગ્યું ને તે ભયભીત થઈ "વાદળું આવ્યું." તેણે કહ્યું. "કહે છે કે બરફ પડવાની તૈયારી છે, આટલો વહેલો આ ફેરે." ડૉ. વિંટરે બારી સુધી જઈ બહાર જોયું. "હા, મોટું વાદળું છે. પણ પસાર થઈ જશે."

મેયર ઑર્ડને બત્તી પેટાવી ને પ્રકાશનું એક નાનું વર્તુલ માત્ર નીચે થયું. તેણે પાછી બત્તી બંધ કરી. "દિવસના બત્તીથી અડવાયું લાગે છે."

મૉલી તેની નજદીક આવી. "ઍલેક્સ કંઈ ખૂનો કરે તેવો માણસ નથી." તેણે કહ્યું. "જરા ગરમ મગજનો છે પણ તેણે આપણા કાયદાનું કદી ઉલ્લંઘન કર્યું નથી. લોકો તેને માન આપે છે."

ઑર્ડને તેના ખભા પર હાથ મૂકી કહ્યું, "એ નાનો છોકરો હતો ત્યારથી હું ઍલેક્સને ઓળખું છું. તેના બાપને

ને દાદાને ય હું ઓળખતો હતો. તેનો દાદો જૂના વખતમાં રીંછનો સારો શિકારી હતો, એ ખબર છે?"

સવાલનો જવાબ ઉડાવતાં મોલીએ પૂછ્યું, "આપ તેને દંડશો નહિ ને?"

"ના, હું તેને કેમ દંડી શકું?"

"લોકો કહેતા'તા કે તમે દંડશો. વ્યવસ્થા ખાતર."

મેયર ઑર્ડને ખુરસીને પાછળથી મજબૂત પકડી કહ્યું, "લોકોને વ્યવસ્થા જોઈએ છે, મોલી?"

"ખબર નથી. જી, એમને તો આઝાદ થવું છે." મોલીએ કહ્યું.

"એ કેમ થવાય તેની એમને ખબર છે? સશસ્ત્ર દુશ્મન સામે શી રીત વાપરવી એ તેઓ જાણે છે?"

"ના, એ તો નથી લાગતું." મોલીએ કહ્યું.

"તું ચબરાક છે, મોલી. તને ખબર છે?'

"જી, ના. પણ લોકોને લાગે છે કે જો નરમ રહ્યા તો મરાયા. લોકો આ સિપાહીઓને બતાવવા માગે છે કે અમે હાર્યા નથી."

"લડવાનો વારો જ એમને આવ્યો નથી તે. મશીનગન સામે જવું એ કંઈ જંગ ન કહેવાય." ડૉ. વિંટરે કહ્યું.

"લોકો શું કરવા માગે છે એ જો ખબર પડે, મોલી, તો મને કહેશે?" મેયરે પૂછ્યું.

જરા સંદેહથી તેની સામે જોતાં તેણે કહ્યું, "હા—"

"તારે કહેવી છે ના. તને મારા પર વિશ્વાસ નથી."

"પણ ઍલેકસનું શું ?" મોલીએ પૂછ્યું.

"હું એને નહિ દંડું. આપણા લોકોનો તેણે કંઈ ગુનો કર્યો નથી." મેયરે કહ્યું.

મોલીએ અચકાતાં પૂછ્યું, "એ લોકો શું ઍલેકસને મારી નાખશે ?"

ઑર્ડને તેની સામે જોઈ કહ્યું. "બેટા, મારા વહાલા બેટા.."

ને મોલીએ ટટ્ટાર થઈ ઉપકાર માન્યો.

ઑર્ડનને તેની નજીક આવતાં જોઈ તેણે ધીમેથી કહ્યું, "મને અડકશો નહિ. ભલા થઈ અડતા નહિ." મેયરનો હાથ નીચે પડી ગયો. ઘડીભર સ્થિર રહી મોલી પાછી ફરીને બારણા બહાર ચાલી ગઈ.

તેણે બારણું બંધ કર્યું કે તરત જોસેફ અંદર આવ્યો. "માફ કરજો સાહેબ, પણ કર્નલ આપને મળવા માગે છે. મેં કહ્યું કે આપ કામમાં છો. મોલી અહીં હતી તે મને ખબર હતી. ને બાઈસાહેબ પણ આપને મળવા માગે છે."

"બાઈસાહેબને અહીં આવવાનું કહે."

જોસફ બહાર ગયો કે તરત બાઈસાહેબ અંદર આવ્યાં. "આમાં ઘર કેમ ચલાવવું એ હું સમજતી નથી." તેણે કહ્યું. "અહીં માય તેના કરતાં વધારે માણસો છે. ઍની બધો વખત ચિડાયેલી રહે છે."

"શૂ શૂ શૂ." ઑર્ડને કહ્યું.

બાઇસાહેબ તાજુબ થઈ જોઈ રહ્યાં. "કોણ જાણે આ"—

"શ્ચૂપ !" મેયરે કહ્યું. "સેરા, તું એલેક્સ મોર્ડનને ઘેર જા. સમજી. ને મોલી મોર્ડનની પાસે રહે, એને તારી જરૂર છે. વાત બાત ન કરતી, માત્ર ત્યાં રહે."

"મારે હજુ હજાર ચીજ"—બાઇસાહેબે કહેવા કર્યું પણ મેયરે ફરી કહ્યું,

"સેરા, મોલી મોર્ડન પાસે તું જાય એમ હું ચાહું છું. એને એકલી ન રહેવા દેતી. હમણાં જ જા."

ધીરે ધીરે તેને ગળે ઊતર્યું. "હા, હા. જાઉં છું. બધું ક્યારે પતી જશે ?"

"કેમ કહેવાય ? વખત થશે ત્યારે હું એનીને મોકલીશ." મેયરે કહ્યું.

મેયરને ગાલ પર આસ્તેથી બચ્ચી કરી તે બહાર ગઈ. ઑર્ડને બારણાં સુધી જઈને કહ્યું, "જોસફ, હવે કર્નલ સાહેબને કહે."

લેન્સર અંદર આવ્યો. તેણે નવાં, ઇસ્ત્રીબંધ કપડાં પહેર્યાં હતાં. ને તેના પટ્ટામાં એક શોભાની બરછી હતી. તેણે મેયરને સલામ કરીને કહ્યું, "તમારી સાથે થોડી વાત કરવી છે." ને ડૉ. વિંટર સામે જોઈ ઉમેર્યું, "એકલાં વાત કરવી છે."

ડૉ. વિંટરે બહાર જવા માંડ્યું: તેના બારણા સુધી પહોંચતામાં ઑર્ડને પુકાર્યું,

"ડૉક્ટર !"

"હં." પાછું વળી વિંટરે કહ્યું.

"તમે સાંજે પાછા આવશો ને ?"

"મારે સારુ કંઈ કામ છે ?" ડૉક્ટરે પૂછ્યું.

"ના, ખાસ નહિ. પણ મને એકલાં ગમશે નહિ."

"હું આવીશ ત્યારે." ડૉક્ટરે કહ્યું.

"ને ડૉક્ટર, મોલીની તબિયત તમને બરાબર લાગી ?"

"હા, હા. જો કે જરા "હિસ્ટીરિયા" જેવું લાગ્યું ખરું. પણ તે અચ્છા કુટુંબમાંથી આવે છે, સારા મજબૂત કુટુંબમાંથી. એ કેંડલી છે તે ખબર છે ને ?"

"અરે એ તો ભૂલ્યો." ઑર્ડને કહ્યું. "હા, કેંડલી છે, ખરું."

ડૉ. વિંટરે બહાર જઈ બારણું આસ્તેથી બંધ કર્યું.

લૅન્સરે વિવેકપુરઃસર રાહ જોઈ હતી. બારણું બંધ થતું તેણે જોયું. ટેબલ ને આસપાસની ખુરસીઓ તેણે જોઈ. "આ બધાં માટે હું કેટલો દિલગીર છું એ આપને નહિ કહું. એ કંઈ ન બન્યું હોત તો સારું."

મેયર ઑર્ડને નમન કર્યું ને લૅન્સરે આગળ ચલાવ્યું, "આપનાથી અમે ખુશી છીએ ને હું આપને માન આપું છું. પરન્તુ અમારે અમારું કામ કરવાનું છે. એ તો આપ કબૂલ કરો છો ને ?"

ઑર્ડને જવાબ ન આપ્યો. તેણે લૅન્સર સામે સીધું જોઈ રાખ્યું.

"અમારે એકલા કે અમને યોગ્ય લાગે તેમ વર્તવાનું નથી."

બોલતાં વચ્ચે વચ્ચે તે જવાબની રાહ જોતો પણ એ આવ્યો નહિ.

"અમારે સારુ નિયમો ઘડાયેલા છે, દેશમાં ઘડાયેલા છે. આ માણસે એક અફસરને મારી નાખ્યો છે."

આખરે ઑર્ડને ઉચ્ચાર્યું, "ત્યારે તમે ઠાર કેમ ન કર્યો? એ જ વખતે કરવો જોઈતો'તો."

લૅન્સરે માથું ધુણાવ્યું. "હું તમારા મતનો હોઉં તો યે તેમાં ફેર ન પડત. તમને ને મને ખબર છે કે સજા કરવાનો મુખ્ય ઉદ્દેશ ભાવિ ગુનેગારને અટકાવવા છે. એટલે જ જેને સજા થાય છે તેને સારુ નહિ પણ બીજાને સારુ છે ને તેને પૂરતી જાહેરાત અપાવી જોઈએ. તેમાં રંગભૂમિના અંશો પણ આણવા જોઈએ." પટ્ટાની અંદર તેણે આંગળી નાખીને પોતાનું ખંજર બહાર કાઢ્યું.

ઑર્ડને બીજી બાજુ ફરી બારીમાંથી આકાશ તરફ નજર કરી. "આજ રાત્રે બરફ પડશે." તેણે કહ્યું.

"મેયર ઑર્ડન, તમે જાણો છો કે અમારા હુકમો આકરા છે. કોઈપણ રીતે અમારે કોલસો મેળવવો જ જોઈએ. તમારા લોકો જો શાંત નહિ રહે તો બળજબરીથી અમારે વ્યવસ્થા રેમાઢી પડશે." કહેતાં કહેતાં તેના અવાજમાં સખ્તાઈ આવી. "જરૂર જણાય તો અમારે લોકો પર ગોળીઓ ચલાવવી પડે. એ નુકસાનમાંથી તમારે લોકોને બચાવવા હોય તો અમારી

સાથે સહકાર કરો. અમારે ત્યાંની સરકાર એમ માને છે કે પ્રજા દેશની સ્થાનિક સત્તા મારફતે ચવાવી જોઈએ. એથી બધું ત્યારે વ્યવસ્થિત થાય છે."

"ત્યારે લોકો જાણતા હતા, કોણ જાણે કેમ." આરતેથી ઓર્ડને કહ્યું ને પછી મોટેથી કહ્યું, "તમારી ઇચ્છા એવી છે કે અલેકસ મોર્ડન પર અહીં કામ ચલાવી મારે તેને મોતની સજા કરવી?"

"હા. ને એમ કરશો તો પછી થનારી ઘણી ખૂનામરકી અટકાવી શકશો."

ઓર્ડને ટેબલ પાસે જઈ તેના નાકા પરની મોટી ખુરસી ખેંચી કાઢી ને તે પર બેસી કહ્યું—ઓચિંતું તેને લાગ્યું કે એ ન્યાયાધીશ છે ને લેન્ઝર ગુનેગાર છે. ટેબલ પર આંગળાથી તાલ દેતાં તેણે કહ્યું. "તમને ને તમારી સરકારને ખબર નથી. આખી દુનિયામાં તમારા લોકો ને તમારી સરકાર કંઈ સૈકાઓથી હાર પર હાર ખાતાં આવ્યાં છે. અને દર વખતે એક જ કારણસર: તમે લોકોને સમજી શકયા નહિ" જરા અટકી તેણે ઉમેર્યું, "આ તમારો નિયમ ચાલશે નહિ. પહેલાં તો હું મેયર છું. દેહાંત દંડ આપવાની મને સત્તા નથી. અમારે ત્યાં કોઈને એ સત્તા નથી. હું એ કરું તો તમે કાયદાનો ભંગ કરો છો તેટલો જ મેં કર્યો કહેવાય."

"કાયદાનો ભંગ?" લેન્ઝરે પૂછ્યું.

"તમે આવ્યા ત્યારે ૭ માણસોને તમે મારી નાખ્યા. અમારા કાયદા પ્રમાણે, તમે, તમે બધા ખૂનના તહોમતદાર

છો. તો પછી આ કાયદાનું ધતીંગ શા સારુ ભજવો છો? અમારી ને તમારી વચ્ચે કાયદો જ નથી. આ તો લડાઇ છે. તમને નથી લાગતું કે કાં તો તમારે અમને બધાને મારી નાખવા પડશે અથવા વખત જતાં અમે તમને ઠાર કરીશું. તમે આવ્યા ત્યારે જ કાયદાનો તો નાશ થયો, ને એક નવો કાયદો તેને સ્થળે આવ્યો એ નથી જાણતા?"

"હું બેસી શકું?" લૅન્સરે કહ્યું.

"મને શું કામ પૂછો છો? એ બીજું અસત્ય છે. ચાહો તો તમે મને ઊભો રાખી શકો છો."

"ના. તમે માનો કે ન માનો. એ સત્ય છે. મને પોતાને તમારે માટે ને તમારા હોદ્દા માટે માન છે અને"— ક્ષણભર કપાળને હાથમાં પકડી તેણે આગળ કહ્યું, "હું, અમુક ઉમ્મરનો ને અમુક સ્મરણવાળો માણસ, શું માનું છું એ મહત્ત્વનું નથી. તમારા મતને હું મળતો થાઉં તો પણ કશો ફેર નહિ પડે. પરંતુ લશ્કરી ને રાજકીય પદ્ધતિમાં હું કામ કરું છું. એના કેટલાક આચાર વિચાર અફર છે."

"ને દુનિયાના આરંભથી દરેક કિસ્સામાં એ આચાર ખોટા ઠર્યા છે."

લૅન્સરે કડવાશથી હસીને કહ્યું, "અમુક સ્મૃતિવાળી એક વ્યક્તિ તરીકે હું તમારા મતને મળતો થાઉં એટલું જ નહિ પણ આગળ ઉમેરું કે લશ્કરી માનસનું એક લક્ષણ એ છે કે તેનામાં નવું શીખવાની અશક્તિ છે—માત્ર મારવાનું જ જે

તેનું કામ છે તેથી આગળ જોવાની અશક્તિ છે. પણ સ્મરણોને વશ રહ્યા કરું એવો હું માણસ નથી. ખાણના કામગારને જાહેરમાં ગોળીએ દેવો પડશે કારણ કે માન્યતા એવી છે કે તો પછી બીજાઓ અમારાં માણસોને મારતા અટકશે."

"તો પછી વધારે વાત કરવાનો અર્થ નથી." ઑર્ડને કહ્યું.

"હા, છે. અમારે તમારી મદદ જોઇએ છે."

પળવાર શાન્ત રહી ઑર્ડને કહ્યું, "હું શું કરીશ તે કહું. અમારા સિપાહીઓને મારવામાં તમારી મશીનગન પર કેટલાં માણસો હતાં?"

"ઓહ! હું ધારું છું ત્યાં સુધી વીસથી વધારે નહિ હોય." લૅન્સરે કહ્યું.

"ભલે ત્યારે. તમે જો એ વીસ માણસોને ગોળીએ દેશો તો હું મૉર્ડનને સજા કરીશ."

"તમે મજાક કરો છો." કર્નલે કહ્યું.

"ના, ના. હું ખરું કહું છું."

"પણ તમે જાણો છો, એ બની જ ન શકે."

"હા. જાણું છું. ને તમે કહો છો તે પણ બની નહિ શકે." ઑર્ડને કહ્યું.

લૅન્સરે કહ્યું, "મને લાગતું જ હતું. આખરે કૉરેલને મેયર બનવું પડશે." ને જલદી ઑર્ડન સામે જોઈ પૂછ્યું, "કામ ચાલે ત્યારે તમે હાજર રહેશો?"

"હા, રહીશ. તો એલેક્સને બહુ એકલું નહિ લાગે."

લેન્સરે તેની સામે જોયું ને જરા હસીને અફસોસથી કહ્યું, "અમેય કામ વડેરાનું છે ને!"

"હારનો. દુનિયાનાં બધાં કામોમાં અશક્ય બની ન જ શકે એવું."

"એ કયું?"

"મનુષ્યના જુસ્સાને સદાને માટે તોડી પાડવાનું."

ઓર્ડનનું માથું ટેબલ તરફ જરા ઢળ્યું ને ઉપર જોયા વિના તેણે કહ્યું, "બરફ પડવા માંડ્યો છે. રાત પડવાની યે તેણે રાહ ન જોઈ. બરફની મીઠી ઠંડી ખુશબો મને ગમે છે."

પ્રકરણ ચોથું.

અગિયાર વાગતા સુધીમાં તો મોટાં, પોચાં રૂનાં પોલ જેવો બરફ જોરમાં પડતો હતો ને આકાશ તો દેખાતું યે ન હતું. લાગટ પડતા બરફમાં લોકો જલદી જલદી ચાલતાં હતાં. ઘરઆંગણે બરફ જમા થયે જતો હતો, ગામના ચોકમાંનાં પૂતળાં આગળ જમા થતો હતો; ને પાણીથી બંદર સુધીના પાટા પર જમા થતો હતો. બરફ જમા થતો ને ગાડાનાં પૈડાં તે પરથી સરી જતાં. આખા ગામ પર મેઘ ડરનાં યે ઘેરી એવી શ્યામછાયા છવાઈ ગઈ હતી ને ગામ ભરમાં શોકની લાગણી વ્યાપી ગઈ હતી: ને એક જાતનો છુપો ધિક્કાર પ્રસરતો જતો હતો. લાંબો વખત લોકો રસ્તામાં ઊભાં રહેતાં નહિ પણ એઓ બારણામાં પેસી જતાં ને બારણાં બંધ થઈ જતાં; ને જાણે પડદા પાછળથી આંખો જોઈ રહેતી; ને જ્યારે શેરીમાંથી લશ્કર પસાર થતું કે ચોકી ચાલી નીકળતી ત્યારે તે આંખો જાણે હિમ જેવી ને રોષભરી તે પર ઠરી રહેતી. દુકાનોમાં લોકો નાસ્તાની નાની ચીજો બેઠા જતા, વસ્તુઓ માગતા, લેતા,

પૈસા આપતા ને દુકાનદાર જોડે સલામીનો શબ્દે ય ન ઉચ્ચારતા.

મેયરના નાના બંગલામાં દીવાનખાનામાં દીવા બળતા હતા ને બારી બહાર વરસતા બરફ પર તેનો પ્રકાશ પડતો હતો. અદાલત ચાલી રહી હતી. ટેબલને મોખરે લૅન્સર, ને તેની જમણી બાજુએ હંટર બેઠા હતા. તે પછી ટૉંડર અને છેડા તરફ કાગળિયાંનો થોકડો સામે રાખી કૅપ્ટન લોફ્ટ. સામી બાજુએ, કર્નલના ડાબા હાથ પર, મેયર ઑર્ડન અને તેની બાજુમાં પ્રેકલ બેઠા હતા. પ્રેકલ કાગળ પર કંઈ લખ્યા કરતો હતો. ટેબલની બાજુમાં સંગીન લગાવેલી બંદૂક સાથે બે રક્ષકો ઊભા હતા; તેમને માથે હેલ્મેટ હતી ને કાષ્ટમૂર્તિઓ જેવા એ લાગતા હતા. એ બેની વચ્ચે ઍલેક્સ મોર્ડન હતો. તે એક પડછંદ જુવાનિયો હતો. તેનું કપાળ નીચું પણ વિશાળ, આંખો ઊંડી બેસાડેલી તથા નાક લાંબું ને તીક્ષ્ણ હતાં. તેની દાઢી નિશ્ચયાત્મક હતી ને મોં પહોળું ને રસિક હતું. તે ખભેથી ભરાવદાર હતો પણ તેની કટિ સાંકડી હતી ને આગળ રાખેલા બેડીવાળા હાથ તે ઉઘાડબંધ કરતો હતો. તેણે કાળું પાટલૂન પહેર્યું હતું, તે પર ગળેથી ઉઘાડું ભૂરું ખમીસ ને પહેરી પહેરીને ચકચકિત થઈ ગયેલો ઘેરો કોટ.

કૅપ્ટન લોફ્ટે તેની આગળના કાગળમાંથી વાંચ્યું, "પાછા જઈ કામ પર ચડવાનો હુકમ અપાયો ત્યારે તેણે જવાની ના પાડી ને ફરીને હુકમ થયો ત્યારે બંધવાએ કૅપ્ટન લોફ્ટ પર હાથમાંની કોદાળીથી હલ્લો કર્યો. કૅપ્ટન બૅંટિકે પોતાનું

શરીર વચ્ચે ધરી દીધું.—"

મેયર ઑર્ડને ખોંખારો ખાધો અને લોફ્ટે વાંચવાનું બંધ કર્યું ત્યારે કહ્યું, "બેસી જા ઍલેક્સ. તમે ચોકીદારમાંના એક તેને માટે ખુરસી લઈ આવો." રક્ષકે ફરીને એક ખુરસી ખેંચી આપી.

"બંદીવાને ઊભા રહેવું એવો શિરસ્તો છે." લોફ્ટે કહ્યું.

"એને બેસવા દો." ઑર્ડને કહ્યું. "આપણે જ જાણીએ છીએ. તે ઊભો હતો એમ તમે તમારે લખજો."

"જુઠ્ઠી નોંધો લખવી એવો કંઈ શિરસ્તો નથી." લોફ્ટે કહ્યું.

"બેસી જા, એકલેસ." ઑર્ડને ફરીને કહ્યું.

એ પડછંદ જુવાન નીચે બેઠો પણ તેના ખોળામાંના બેડીવાળા હાથ અસ્વસ્થ હતા.

"આ તો સઘળા શિરસ્તા વિરુદ્ધ"—લોફ્ટે શરૂ કર્યું. ત્યાં કર્નલે જ કહ્યું, "એ ભલે બેસે."

કૅપ્ટન લૉફ્ટે ગળું ખંખારી વાંચવા માંડયું. "કૅપ્ટન ઍંટિકે પોતાનું શરીર વચ્ચે ધરી દીધું, ઘા તેના માથા પર પડયો ને તેનું તાળવું ફાટી ગયું. દાક્તરી નોંધ એની સાથે છે. એ વાંચું?"

"કંઈ જરૂર નથી." લૅન્સરે કહ્યું. "અને તેટલું જલદી કરો."

"આ હકીકતના સાક્ષી આપણામાંના કેટલાક સિપાહીઓ

છે ને તેમની રજુઆતો આ સાથે સામેલ છે. આ લશ્કરી અદાલતને ખાતરી થઈ છે કે આ બંદીવાન મનુષ્યવધનો ગુનેગાર છે ને તેને તે દેહાંતદંડની સજા ફરમાવે છે. સિપાહીઓની રજુઆત વાંચું?"

"ના." લેન્સરે નિઃશ્વાસ મૂકી કહ્યું, ને એલેક્સ તરફ જોઈ પૂછ્યું, "તમે કૅપ્ટનને મારી નાખવાનો ઈન્કાર નથી કરતા, ખરું ને?"

"કોણ જાણે." એલેક્સે કહ્યું. "મેં તેને માત્ર માર્યો હતો. મારી નાખવાની મને ખબર નથી."

"શાબાશ, એલેક્સ" ઓાર્ડને કહ્યું ને મિત્રભાવે બેઉએ એક બીજા સામે જોયું.

લોફ્ટે પૂછ્યું, "તમે એમ કહેવા માગો છો કે કોઈ બીજાએ તેને મારી નાખ્યો?"

"શી ખબર? હું તો એટલું જાણું છું કે મેં તેને માત્ર માર્યો ને કોઈએ પછી મને માર્યો."

કર્નલ લેન્સરે કહ્યું, "તમારે કંઈ ખુલાસો કરવો છે? જો કે સજામાં ફેર પડે એવું તો મને કંઈ સૂઝતું નથી પણ સાંભળીએ તો ખરા."

લોફ્ટે કહ્યું, "અદબ સાથે મારે કહેવું પડે છે કે કર્નલ સાહેબે આવા શબ્દો ઉચ્ચારવા નહોતા જોઈતા. એનો એવો અર્થ થાય કે આ ન્યાયસભા પક્ષપાતથી પર નથી."

ઓાર્ડને જરા સુક્કું હાસ્ય કર્યું. કર્નલે તેની સામે જોયું

અને "તમારે કંઈ ખુલાસો કરવો છે ?" એમ એલેકસને ફરી પૂછ્યું. કંઈ ઈશારો કરવા એલેકસે એક હાથ ઊંચો કર્યો ને બીજો તેની સાથે જ ઊંચકાયો. મૂંઝવણમાં તેણે બન્નેને ખોળામાં મૂકી દીધા ને કહ્યું, "હું ગાંડા જેવો થઈ ગયો હતો. મારો મિજાજ બહુ ખરાબ છે. તેણે મને કહ્યું કે મારે કામ પર ચઢવું જ પડશે. હું આઝાદ આદમી છું. હું પાગલ બની ગયો ને તેને ફટકા માર્યો. તેને વધારે વાગી ગયું હશે, પણ મારે તેને નહોતો મારવો." લૅફટને બતાવી તેણે ઉમેર્યું, "મારે તો આ પેલાને ઠોકવો'તો."

લૅન્સરે કહ્યું, "તમારે કોને મારવો હતો એની પરવા નથી. ગમે તે હોય તેથી શું ? પણ એ માટે તમને ખેદ થાય છે ?" ને ટેબલની એક બાજુ પર આસ્તેથી ઉમેર્યું 'નોંધમાં એમ આવે કે એ દિલગીર હતો તો ઠીક લાગે."

એલેકસે પૂછ્યું, "ખેદ ? ખેદ મને લેશ પણ નથી થતો. તેણે મને કામ કરવા હુકમ કર્યો, મને એક સ્વતંત્ર માણસને ! ને હું એક વાર ગામપટેલ હતો ! મારે કામ કરવું જ પડશે, એમ તેણે કહ્યું "

"પણ તમને મોતની સજા થાય તો દિલગીરી નહિ દર્શાવો ?"

એલેકસે માથું ઝુકાવી દીધું ને વિચારમાં પડ્યો. "નહિ." તેણે કહ્યું ને પાછું પૂછ્યું, "એટલે કે હું ફરીને એમ કરું ખરો ?

"હા. હું એમ પૂછવા માગું છું."

"ના." વિચાર કરી એલેકસે કહ્યું. "મને નથી લાગતું કે મને ખેદ થાય."

લેન્સરે કહ્યું, "નોંધમાં લખો કે બંદીવાનને પુછતાં પશ્ચાત્તાપ થયો હતો. સજા તો નિશ્ચિત જ છે, સમજ્યા! અદાલતને બીજો માર્ગ નથી. તમે ગુનેગાર ઠર્યા છો ને તાત્કાલિક મોતની સજા ફરમાવવામાં આવે છે. આ લાંબું ચલાવી ત્રાસ આપવાનો કંઈ અર્થ નથી. કેપ્ટન લોફ્ટ, હું કંઈ ભૂલી ગયો છું?"

"તમે મને ભૂલી ગયા છો." ઓર્ડને કહ્યું ઊભા થઈ, ખુરશી ખસેડી, એલેકસ પાસે જઈ કહ્યું, "એલેકઝાંડર, હું ચૂંટાયેલો નગરપતિ છું."

"હું જાણું છું, સાહેબ."

"એલેકસ, આ માણસો ચડાઈ કરનારા છે. એમણે આપણા દેશને અચાનક, છળથી ને બળથી લઈ લીધો છે."

કેપ્ટન લોફ્ટે પુકાર્યું, "સાહેબ, આ ન ચાલવા દેવું જોઈએ."

લેન્સરે કહ્યું, "ચુપ! એ સાંભળવું એ બહેતર છે કે લોકો ખાનગીમાં કહે તે?"

જાણે કંઈ વિક્ષેપ પડ્યો ન હોય તેમ ઓર્ડને ચાલુ રાખ્યું. "એ આવ્યા ત્યારે લોકો ગભરાઈ ગયા હતા ને હું ગભરાઈ ગયો હતો. શું કરવું, શું વિચારવું એ આપણને ખબર ન હતી. તેમાં પહેલું સ્પષ્ટ કામ તારું હતું. તારા અંગત રોષે જાહેર રોષનો આરંભ કર્યો. મને ખબર છે કે

ગામમાં એવી વાતો ચાલે છે કે હું આ લોકો સાથે મળી ગયો છું. ગામને તો હું બતાવી શકીશ, પણ તને—તારે તો મોત દૂર નથી. તને મારે ખબર આપવા હતા."

લૅન્સરે પૂછ્યું, "ટુકડી તૈયાર છે?"

"બહાર છે, જી."

"કોની નીચે છે?"

"લેફ્ટેનંટ ટૉંડર, સાહેબ."

ટૉંડરે માથું ઊંચક્યું. તેની દાઢી દઢ હતી ને તેણે શ્વાસ રૂંધી રાખ્યો હતો.

ઑર્ડને માર્દવથી પૂછ્યું. "બીક લાગે છે, ઍલેક્સ?"

ને ઍલેક્સે કહ્યું, "હા, જી."

"બીવું નહિ એમ મારાથી ન કહેવાય. મને પણ લાગે અને આ—આ તરુણ યુદ્ધ-દેવતાઓને પણ લાગે."

લૅન્સરે હુકમ આપ્યો, "ટુકડીને બોલાવો." ટૉંડર ઝટ ઊઠી દરવાજે ગયો. "આ રહી સાહેબ." કહી તેણે બારણું વધારે ખોલ્યું ને બહાર હેલ્મેટધારી સૈનિકો દેખાતા હતા.

ઑર્ડને કહ્યું, "ઍલેક્સ, જા, પણ જાણજે કે આ માણસો અહીંથી જશે નહિ અથવા મરશે નહિ ત્યાં સુધી જરા જંપી બેસી શકશે નહિ. તારે લીધે લોકો એક થશે. એ જાણવામાં દુ:ખ છે ને તારે માટે બહુ નાની ભેટ છે. પણ હકીકત એ છે, એ જંપી શકશે નહિ."

ઍલેક્સે જોસથી આંખો મીંચી. મેયરે તેના ગાલ પર

ચૂમી ભરી ને તેને વિદાય કીધી.

રક્ષકે તેને હાથથી પકડ્યો ને એ પડછંદ જુવાને આંખો જોરથી બંધ રાખીને તેઓ એને બારણામાંથી દોરી ગયા. સૈનિક ટુકડી પાછળ ફરી ને ઘરની બહાર તેમણે કૂચ કરી ને બરફમાં તેમનાં પગલાંનો અવાજ ઢંકાઈ ગયો.

ટેબલ પરનાં માણસો શાન્ત હતાં. ઑર્ડને બારી તરફ જોયું ને જમીન એક નાનાં કૂંડાળાં પરથી ઝટ ઝટ બરફ ખસેડાતો હતો. એની નજર તે સામે જાણે ચોંટી ગઈ ને પછી તરત તેણે દૃષ્ટિ ફેરવી નાખી. કર્નલને તેણે કહ્યું, "મને આશા છે કે શું કરો છો તેનું તમને ભાન હોય."

કૅપ્ટન લૉફ્ટે કાગળિયાં એકઠાં કર્યાં ને લૅન્સરે પૂછ્યું, "ક્યાં, ચોગાનમાં, કૅપ્ટન?"

"જી, ચોકમાં. એ જાહેરમાં જ જોઈએ." લૉફ્ટે કહ્યું.

"તમને ભાન હોય એવી મને આશા છે." ઑર્ડને ફરી ઉચ્ચાર્યું.

"એ અમને ભાન હોય કે ન હોય, એ કર્યે જ છૂટકો છે." કર્નલે કહ્યું.

ઓરડામાં પાછી શાન્તિ પ્રસરી ને દરેક જણે કાન માંડ્યા. બહુ વાર ન લાગી. દૂરથી બંદૂકના બારનો અવાજ આવ્યો. લૅન્સરે ઊંડો નિશ્વાસ મૂક્યો. ઑર્ડને પોતાનો હાથ કપાળ પર મૂક્યો ને ઊંડો શ્વાસ લીધો. ને બહારથી કંઈ બૂમ સંભળાઈ. બારીનો કાચ અંદર તૂટી પડ્યો ને લેફ્ટેનંટ પ્રૅકલ

ત્યાંથી ખસી ગયો. પોતાનો હાથ તેણે ખભા પર દાબ્યો ને જોઈ રહ્યો.

લૅન્સરે ખુરસી પરથી ઊઠીને કહ્યું, "એમ, શરૂ થઈ ચૂક્યું ? લેફ્ટેનંટ બહુ વાગ્યું તો નથી ને ?"

"મારો ખભો, સાહેબ."

લૅન્સરે સરદારી લીધી. "કૅપ્ટન લોફ્ટ, હજી બરફમાં પગલાં હશે, અને હવે દરેક ઘરમાં બંદૂક માટે તપાસ કરવી પડશે. ને જેની જેની પાસે હશે તેને બાન લેવા પડશે. ને તમને" કહી તેણે મેયર સામે જોયું. "અમારા રક્ષણ નીચે લેવામાં આવે છે. ને એટલો ખ્યાલ રાખજો કે અમે પાંચ, દસ, સૌને એકને સારુ ઠાર કરીશું."

ઑર્ડને આસ્તેથી ઉચ્ચાર્યું, "અમુક ચોક્કસ સ્મરણોવાળી વ્યક્તિ."

હુકમ આપતાં વચ્ચે લૅન્સર અટકી ગયો. મેયર સામે તેણે આસ્તેથી જોયું, ને એક પળ તો બેઉ એકબીજાને સમજી ગયા. ને પછી લૅન્સરે પોતાના ખભા સીધા કર્યા. "કશાં સ્મરણ વિનાનો માણસ" તેણે તીણે અવાજે કહ્યું. ને પછી હુકમ છોડ્યો. "ગામમાંના દરેકે દરેક શખ્સને એકઠાં કરો. જે કોઈ સામે થાય તેને પકડી લાવો. ને જલદી કરો, બરફમાંનાં પગલાં પુરાઈ જશે."

રસાલાએ પોતાની હેલ્મેટો લીધી, પિસ્તોલોના પટ્ટા ઢીલા કર્યા ને પ્રયાણ કર્યું. ને ઑર્ડને દૂરેલી બારી પાસે જઈ ગ્લાનિભર્યા સ્વરે ઉચ્ચાર્યું, "બરફની માફી ઠંડી ખુશબો."

પ્રકરણ પાંચમું

દિવસો ને અઠવાડિયાં ને મહિના ધીમીધીમે પસાર થયા. બરફ પડ્યો ને પીગળી ગયો. પડ્યો ને પીગળ્યો ને છેવટે પડ્યો તે પડી રહ્યો. ગામનાં ઘેરા રંગનાં મકાનો પર સફેદરંગી બરફની અવનવી આકૃતિઓ થઈ ગઈ ને રસ્તામાં ઘરનાં બારણાં સુધી બરફ વચ્ચે ખાઈઓ બની રહી. બંદર પર કોલસાના મછવા ખાલી આવતા ને ભરાઈને પાછા ફરતા પણ ખાણમાંથી કોલસો સહેલાઈથી નહોતો નીકળતો. ભલા કામગારોની ભૂલો થઈ જતી. એમનું કામ બેહૂદું ને ઢીલું હતું. યંત્રો ભાંગી જતાં ને સરખાં કરતાં વાર લાગતી. જિતાયેલા દેશના લોકોએ એક ધીમી ને શાંત વેરની વસૂલાત શરૂ કરી દીધી. જે લોકો દેશદ્રોહી હતા, જેણે પરદેશી ચડાઈ કરનારાઓને સહાય કરી હતી—અને ઘણા તો એમ માનતાં કે એમની રાજ્યપદ્ધતિ ઘણી ઉમદા છે—એમને લાગ્યું કે એમની સત્તા સલામત ન હતી. જે લોકો તેમને ઓળખતા તે પણ તેમની સામે લાગણી વિના જોઈ રહેતા ને કદી વાત સુદ્ધાં કરતા નહિ.

ને મોતની હવા સારા દેશ પર આવરતી, રાહ જોતી, પ્રસરતી રહી. પર્વત પરથી પથરાયેલી રેલવે પર અકસ્માતો થતા, પાટા પર બરફના પહાડ ગબડી પડતા ને પાટા પહોળા થઇ જતા. પાટાની પહેલી તપાસ થયા પહેલાં ગાડીઓ જઇ શકતી નહિ. એના બદલામાં લોકોને મારી નાખવામાં આવતાં પણ તો યે કશો ફેર પડતો નહિ. થોડે થોડે વખતે કોઈ જુવાનિયાઓની ટોળી નાસી છૂટતી ને દરિયાપારના દેશમાં પહોંચી જતી. ને એ દેશનાં વિમાનો કોઇ વાર કોલસાની ખાણ પર બોંબ વરસાવતાં, થોડુંક નુકસાન કરતાં ને શત્રુને મિત્ર, બેઉને મારતાં. ને એનો કંઇ સાર ન હતો. શિયાળા ભરમાં એ ઠંડો ધિક્કાર, એ શાન્ત, રોષવાળો, રાહ જોતો ધિક્કાર વધતો રહ્યો. ખાધાખોરાકી પર અંકુશો હતા. જે તાબે થાય તેને મળે, ને સામે થાય તેને નહિ—એટલે આખી પ્રજા દબાયેલી તાબેદારીમાં પલટાઈ. પણ અમુક મર્યાદા પછી ખોરાકની ના પડાય તેમ ન હતું કેમકે ભૂખે મરતો માણસ કંઇ ખાણમાંથી કોલસા કાઢી શકે નહિ, કંઇ બોજો ઊંચકી શકે નહિ, કંઈ લઇ જઈ શકે નહિ. ને અંદરખાનેથી લોકોની આંખમાં ઊંડો તિરસ્કાર વ્યાપી ગયો.

અને હવે જીતનારા ઘેરાઇ ગયા હતા. શાંત શત્રુસમૂહ વચ્ચે સૈનિકોની ટુકડીઓ એકલી પડી ગઇ હતી, ને પળ વાર પણ કોઇને નિરાંત મળતી નહિ. જરાક કોઇ જંપ્યો તો ગુમ થઇ જતો ને બરફમાં ક્યાંયે દટાઈ જતો. એકલો કોઈ સ્ત્રી પાસે જતો તો એ ગુમ થઇ

જતો ને બરફમાં ક્યાં યે દટાઈ જતો. દારૂ પીવા કોઈ જતો તો ગુમ થઈ જતો બંધા સાથે હોય ત્યારે જ ટુકડીના માણસો ગાઈ શકતા, નાચી શકતા; ને નાચવાનું ધીમે ધીમે બંધ થઈ ગયું ને ગીતોના ભાવ ઘરની ઝંખનાના બની ગયા. એમની વાતો તેમની પર મમતા રાખતા મિત્રો ને સગાંવહાલાંની હતી ને તેમને સ્નેહ અને ઉષ્માની ઝંખના થતી હતી. કારણ કે વરસના અમુક માસ જ, ને દિવસના અમુક કલાક જ માણસ સૈનિક થઈ શકે ને બાકી તો તેને પાછું માણસ થવું પડે, સ્ત્રી, સ્વાસ્થ્ય, સંગીત, સુરા ને સુહાસ્યની જરૂર પડે, ને એ ન મળે ત્યારે તે માટેની લાલસા ઓર વધી જાય.

અને માણસોને હમેશાં ઘરનો જ વિચાર આવતો. તેમણે જીતેલી જગ્યાને લશ્કરનાં માણસો તિરસ્કારવા લાગ્યાં: લોકો તરફ એઓ તોછડાઈ દાખવતા ને લોકો એમની પ્રત્યે તોછડું વર્તન રાખતા. અને ધીમે ધીમે એ વિજેતાઓના મનમાં થોડાશા ભયનો સંચાર થવા લાગ્યો; એમને બીક હતી કે આનો કદી અંત નહિ આવે; ને પોતાને ઘેર જવા કે જંપવા નહિ મળે. તેમને દહેશત પેઠી કે એક દિવસ તેમનું આવી બનશે ને સસલાંની માફક પહાડોમાં ભાગવું પડશે; કેમકે જિતાયેલાઓનો ધિક્કાર જરા યે મોળો પડતો નહોતો. પહેરેગીરો રોશની જોઈને કે વિનોદ સાંભળીને આગ તરફ ખેંચાય તેમ પાસે જતા ને તરત હસવાનું બંધ થઈ જતું, ઉષ્મા ઓસરી જતી, ને લોકો ભાવહીન ને તાબેદાર બની જતા. સિપાહીઓને ભોજનાલયોનાં ગરમાગરમ પકવાનોની સોડમ

આવતી ને તેઓ ત્યાં જઈ એ વાનીઓ મંગાવતા તો તેમાં મીઠું વધારે પડેલું હોય અથવા મરીમરચાં પુષ્કળ નાખ્યાં હોય.

ને પછી સિપાહીઓ તેમના દેશના ને બીજા જિતાયેલા પ્રદેશના ખબરો વાંચતા ને સમાચાર હંમેશાં સારા જ આવતા: ને થોડો વખત તો તેઓએ સાચા માન્યા ને પછી એ માનવાનું સાવ મૂકી દીધું. ને દરેકના અંતરમાં એક ધ્રાસ્તી ભરી રહેતી; "આપણા દેશમાં બધું પડી ભાંગશે તો પણ અમને ખબર નહિ આપે ને પછી નાસાબારી નહિ રહે. આ લોક કંઇ આપણને છોડશે નહિ. દરેકને તેઓ રહેંસી નાખશે." રશિયા અને બેલ્જિયમમાંથી પાછા હઠવા વખતની વાતો તેમને યાદ આવવા લાગી. ને વધારે ભણેલાને મોરંકા પાસેની ભયંકર ને કરુણ પીછેહઠની યાદ આવી; ત્યારે દરેક ખેડૂતનાં ઓજાર દુશ્મનનાં લોહી ચૂસતાં, ને મૂડદાંથી બરફ પણ બગડી ગયો હતો.

ને એમને લાગતું હતું કે જો ઘર ભાગ્યું કે નિરાંત રાખી કે વધારે પડતી નીંદર લીધી તો એમનાયે એ જ હાલ થવાના: ને રાતે ઊંઘમાં તે તરફડતા રહેતા, ને દિવસે જાગતાં બેચેન બનતા. અફસરોને તેઓ જે સવાલો પૂછતા તેના જવાબ ન મળતા કેમકે અફસરોને ય ખબર ન હતી ને બીજા ખબરે ય મળતા નહિ. ને દેશથી આવતા હેવાલો ય તેઓ માનતા નહિ.

એટલે એવુ બન્યું કે જીતનારાઓ જિતાયેલાઓથી બીવા લાગ્યા; તે તંગ દશામાં રહેવા લાગ્યા ને ઓળા પર પણ

ગોળા છોડવા લાગ્યા. તેમની ચેગમ પેલી શીતળ, રીસભરી શાન્તિ છાઈ રહી હતી. ને પછી ત્રણ સિપાહીઓ એક અઠવાડિયામાં ગાંડા થઇ ગયા ને દિવસ રાત તેમણે બૂમરાણ મચાવી મૂક્યું. ને છેવટ તેમને દેશ મોકલી આપવા પડયા. ને દેશમાં માયાળુ મૃત્યુ રાહ જુએ છે એમ સાંભળ્યું ન હોત તો બીજા યે દીવાના બની ગયા હોત. ને માયાળુ મૃત્યુનો વિચાર માત્ર કંપારી છોડાવે એવો હતો. તેમનાં રહેઠાણોમાં યે સિપાહીઓને બીક પેસવા માંડી ને તેથી તે ક્રૂર બનતા.

વરસ બદલાયું ને રાત્રિઓ લાંબી થવા લાગી. બપોરના ત્રણ વાગે તો અંધારું થઈ જતું ને બીજે દિવસ સવારના નવ સુધી પ્રકાશનો પત્તો ન હતો. દિલ ખુશ કરે તેવી રોશની બરફ પર ચમકતી ન હતી કેમકે કાયદા પ્રમાણે બૉંબધારી વિમાનો સામે દરેક બારીને અંધારપટ લાગી ગયો હતો. ને જ્યારે વિદેશી વિમાનો આવતાં ત્યારે કોલસાની આગળ તો અચૂક થોડા દીવા તો દેખાયા વિના રહેતા નહિ. કોઈ વાર પહેરેગીરો ફાનસ લઈ જતા, માણસને ઠાર કરતા ને એક વાર તો વીજળીની હાથબત્તીવાળી એક છોકરીને તેમણે મારી નાખી. પણ મારી નાખવાથી કશું સુધર્યું નહિ.

ને અફસરો તેમનાં માણસોનાં પ્રતિબિંબ રૂપ હતા; તેમની પૂરેપૂરી તાલીમને લઈને તેમનામાં સંયમ વધારે હતો; તેમની જવાબદારીને લીધે તે તહોમીરો શોધી કાઢતા; પણ અંતરમાં ઊંડે ઊંડે એમને પણ એ જ બીક વ્યાપી હતી.

હિમને છેડે એ જ ઝંખનાઓ પુરાઈ રહી હતી. ને તેમના પર તો બમણો બોજો હતો કેમકે પરાજિત લોકો તેઓ ભૂલ કરે છે કે નહિ તે જોઈ રહ્યા હતા ને તેમના સિપાહીઓ તેમની નબળાઈઓ નિહાળી રહ્યા હતા; એટલે એમની દશા તો વૂટે તેટલી તંગ બની ગઈ હતી.

મેયરના મકાનના ઉપલા મજલામાંથી આસાની ઊડી ગઈ લાગતી હતી. બારી આગળ કાળા કામળ લટકાવી રાખ્યા હતા ને ઓરડામાં કિંમતી સરંજામ પથરાયેલો પડ્યો હતો—જોખમમાં ન નખાય તેવાં યંત્રો, લશ્કરી સામાન, દૂરબીનો, ઝેરી વાયુ સામેના તોબરા ને હેલ્મેટ વગેરે. ને અહીંનું નિયમન જરા-તરા ઢીલું હતું, કેમ જાણે અફસરોને ખબર હોય કે ક્યાંક તો ઢીલ જોઈએ જ, નહિ તો તંત્ર આખું તૂટી પડે. ટેબલ પર પેટ્રોલના બે દીવા પડ્યા હતા. તેમાંથી સખ્ત ને ઉજ્જવળ પ્રકાશ નીકળતો હતો ને દીવાલો પર રાક્ષસી પડછાયા પડતા ને દીવાની અંદરથી આંતરિક સેર રૂપે એક સતત સુરસુરાટ ચાલ્યા કરતો હતો.

મેજર હંટરે તેનું કામ ચલાવ્યે રાખ્યું હતું. હવે તેનું નકશાનું પાટિયું હંમેશાં તૈયાર જ પડ્યું રહેતું, કેમકે પાયા જેવા તૈયાર થાય કે તરત બોંબ તેને તોડી પાડતા. ને તેથી તેને ખાસ અફસોસ નહોતો થતો કેમકે નવું ચણતર તેને મન જીવતરરૂપ હતું, ને અહીં તો એ નકશા કરી શકે કે બાંધી શકે એનાં કરતાં ઘણું વધારે કામ હતું. પોતાની

પાછળ પ્રકાશ ગોઠવી તે નકશાના પાટિયા આગળ બેસી રહેતો, તેનો કાટખૂણો ઉપર નીચે ફરતો ને તેની પેન્સિલ ચાલ્યા જ કરતી.

લેફ્ટેનન્ટ ફ્રેકલ ટેબલ પાસે બેસી એક સચિત્ર છાપું વાંચતો હતો. તેનો હાથ હજી બાંધેલો હતો. ટેબલને છેડે લેફ્ટેનન્ટ ટાંડર કાગળ લખતો બેઠો હતો. તેની કલમ તેણે ઊંચેથી પકડી હતી ને થોડે થોડે વખતે તે કાગળ પરથી નજર લઈ, શબ્દની શોધમાં, છત સામે જોઈ રહેતો.

ફ્રેકલે સચિત્ર છાપાનું પાનું ફેરવ્યું અને કહ્યું, "આંખો બંધ કરીને ય આ રસ્તાની એકેએક દુકાન મને દેખાય છે." હંટરે તેનું કામ ચાલું રાખ્યું ને ટાંડરે થોડા શબ્દો લખ્યા. ફ્રેકલે ચલાવ્યું. 'આની બરાબર પાછળ એક રેસ્ટોરાં છે. આ છબીમાં એ દેખાતું નથી. એનુ નામ બર્ડન્સ."

હંટરે ઊંચુ જોયા વિના કહ્યું, "મને એ જગ્યાની ખબર છે. ત્યાં સરસ ખાવાનું મળતું."

"ખરેખર," ફ્રેકલે કહ્યું. 'અત્યારે તો કોણી કે સારું ખાવાનું કંઈ નહિ આપતા હોય."

"એ તો કોણ જાણે," ફ્રેકલે કહ્યું. "પહેલાં આપતા ને હજી આપશે. ને ત્યાં એક પીરસનાર છોકરી હતી." ને હાથની ઇશારતથી તેનો આકાર ફ્રેકલે બતાવ્યો, "એકદમ ગોરવર્ણી, આવી કે આવી" ને પાછું તેણે છાપાનાં ચિત્રમાં માથું નમાવ્યું. "પણ સૌથી તાજુબ

તો તેની આંખો હતી. હંમેશાં જરા ભીની ભીની જ રહેતી, કેમ જાણે થોડી વાર પહેલાં જ હસી કે રડી હોય" છત સામે જોઇ તેણે આસ્તેથી ઉમેર્યું. "મારી સાથે તેને હું ફરવા લઇ ગયો હતો. ફક્કડ હતી. હવે થાય છે કે વધારે વાર કેમ નહિ ગયો હોઉં. હજીયે ત્યાં હશે કે નહિ, શી ખબર ?"

ટૉંડરે દુઃખી અવાજે કહ્યું, "ઘણું ખરું નહિ હોય. કોઇ કારખાનામાં કામ કરતી હશે."

પ્રેકલે હસીને કહ્યું, "દેશમાં ભાગ પ્રમાણે છોકરીઓ વહેંચતા ન હોય તો સારું."

"કેમ નહિ ?" ટૉંડરે પૂછ્યું.

પ્રેકલે રમતમાં જ કહ્યું. 'તને કંઇ છોકરીઓની પરવા નથી, ખરું ? ખાસ નહિ ને ?'

ટૉંડરે કહ્યું, "મનેય ગમે છે પણ રીતસર. હું તેમને મારા બીજા કામમાં માથું મારવા દઉં નહિ."

પ્રેકલે મહેણું માર્યું, "મને તો લાગે છે કે તને બધો વખત એ ઠેર ઠેર માથું માર્યા કરે છે." વાત ફેરવવા ટૉંડરે કહ્યું, "ભલા આ કમબખ્ત કાગળો ! મેજર, પેલો ડાયનેમો તમે ક્યારે ઠીક કરવાના છો ?"

મેજર હંટરે પાટિયાં પરથી ધીરે ધીરે ઊંચું જોયું અને કહ્યું, "હવે તો તૈયાર થઇ જવો જોઇએ એના પર સારા કારીગરો કામ કરવા રાખ્યા છે પણ લાગે છે કે એ પર બંદોબસ્ત રાખવા રક્ષકો બેવડા કરવા પડશે."

"પેલા તોડી પાડનારનો પત્તો લાગ્યો ખરો ?" પ્રેકલે પૂછ્યું.

હંટરે વિચારમાં જ કહ્યું. "એ પાંચમાંનો ગમે તે હોય. કોઈને આવડતું હોય તો ડાયનેમો તોડવામાં કંઈ અઘરું નથી...હવે તો બત્તી થવી જોઈએ."

પ્રેકલે છાપું જોવે રાખ્યું, "આપણો કોણ જાણે ક્યારે છુટકારો થશે. થોડા વખત માટે ય ઘેર જવા ક્યારે મળશે ? મેજર, જરા આરામ માટે ઘેર જવું તમને ના ગમે ?"

હંટરે તેના કામમાંથી ઊંચું જોયું. તેનો ચહેરો ઘડી ભર લાચાર લાગ્યો. "અલબત," તેણે કહ્યું, ને પછી સ્વાસ્થ્ય મેળવી ઉમેર્યું, "આ બાજુના પાટા મેં ચાર વાર બાંધ્યા. કોણ જાણે કેમ બૉમ્બ આવી એને જ તોડી જાય છે. હું તો એનાથી થાકયો હવે, ને ખાડામાં પડે છે એટલે દર વખતે તેનો રસ્તો બદલવો પડે છે. એ ભરી લેવાનો તો વખત જ નથી. ને જમીન પર બરફ ખૂબ જામી ગયો છે. કામ વધારે પડતું થઇ ગયું છે."

અચાનક વીજળીના દીવા પ્રગટ્યા ને ટોંડરે તરત જ હાથ લંબાવી પેટ્રોલનાં ફાનસો ઠારી નાખ્યાં. ઓરડામાંથી સુરસુરાટ વધી ગયો.

ટોંડરે કહ્યું, 'પરમેશ્વરનો પાડ ! આ સરસુરાટથી તો તોબા. કોઇ ઘુસપુસ કરતું હોય એવું લગાડે છે.' લખેલા કાગળની ગડી કરતાં તેણે ઉમેર્યું, "નવાઇ તો એ છે કે કાગળો આટલા થોડા કેમ આવે છે. પખવાડિયામાં મારે

એક જ આવ્યો."

"કોઈ લખતું નહિ હોય." ફ્રેંકને કહ્યું.

"હશે." ટૉંડરે કહ્યું ને મેજર તરફ ફરી પૂછ્યું, "કંઈ બન્યું હોય—આપણે ત્યાં સ્નો—તો આપણને ખબર આવવા દે ખરા? કંઈ અશુભ, કોઈ મરી ગયું હોય કે એવું?"

"મને ખબર નથી." હંટરે કહ્યું.

"આ તો આવી બન્યું. આમાંથી છુટાય તો સારું." ટૉંડરે કહ્યું.

"તું તો લડાઈ પછી અહીં રહી પડવાનો હતો ને!" ફ્રેંકે વચ્ચે ફાચર મારી. ટૉંડરના ચાળા પાડતાં તેણે ચલાવ્યું. "ચાર પાંચ વાડીને ભેગી કરી દઈએ. સરસ ઘર કરી દઈએ. ખરું ને? તળેટીના હાકોર થઈ પડવું હતું, કેમ? ખુશમિજાજ, અચ્છા લોકો, સુંદર ઘાસ, હણો ને બાલબચ્ચાં! એમ જ હતું ને ટૉંડર?"

ફ્રેંકના બોલતો ગયો તેમ ટૉંડરના હાથ નીચે પડતા ગયા ને પછી બન્ને લમણાંને હથેળીમાં જોસથી દબાવી તેણે આવેશથી કહ્યું. "બસ ચુપ કર! એમ ના બોલ! આ લોક, આ ભયંકર લોક! આ ભાવહીન લોકો! એ તો કદી સામું યે જોતાં નથી" તેને ધ્રુજારી છૂટી, "નથી કદી બોલતાં, મરેલાંની જેમ જવાબ આપે છે. ને ત્રાસ તો એવો કે એ તાબે થાય છે! ને છોકરીઓ જાણે ખીજેલી જ છે!"

દરવાજા પર હળવેથી ટકોરા થયા ને સપડીમાં કોલસા

લઈને જોસફ અંદર આવ્યો. ચુપચાપ તે ઓરડામાં ફર્યો ને ચૂપડી એટલી આસ્તેથી મૂકી કે જરા યે અવાજ ન થયો ને કોઈ સામે જોયા વિના પાછો ફરી તે બારણા પાસે પહોંચી ગયો. ફ્રેંકલે બૂમ મારી, "જોસફ!" જવાબ દીધા વિના જોસફ પાછો ફર્યો. તેણે ઊંચું સુદ્ધાં ન જોયું ને જરા નમન કર્યું. વધારે જોરથી ફ્રેંકલે બૂમ પાડી, "જોસફ, ઘરમાં કંઈ દારૂ કે બ્રેંડી કંઈ છે?"

જોસફે માથું ધુણાવ્યું.

ટૉંડર ટેબલ પરથી ઊભો થઈ ગયો. તેના મોં પર અસીમ ક્રોધ હતો. તેણે ત્રાડ નાખી: "જવાબ આપ, સૂવર! મોંએ બોલીને જવાબ દે!"

જોસફે ઊંચું જોયા વિના જ ભાવહીન અવાજે કહ્યું, "ના જી, ના જી, ઘરમાં દારૂ નથી."

ટૉંડરે પાછી બૂમ મારી, "ને બ્રેંડી?"

નીચું જોઈને દૂર દૂર હોય તેવા અવાજે તેણે કહ્યું, "બ્રેંડી નથી, સાહેબ." ને તે તદ્દન ચુપચાપ ઊભો રહ્યો.

"શું માગે છે તું?" ટૉંડરે તેને પૂછ્યું.

"હું જવા માગું છું, જી"

"ત્યારે જા ને, જુએ છે શું?" તેણે ગુસ્સામાં કહ્યું.

જોસફ પાછો ફરી ચુપચાપ બારણા બહાર ચાલી ગયો. ટૉંડરે ખિસ્સામાંથી રૂમાલ કાઢી પોતાનું મોં લૂછ્યું. હંટરે તેની સામે જોઈ કહ્યું, "એટલા સહેલાઈથી તેને હાથે હાર શું કામ

માંડી લીધી? એમ નહોતું કરવું."

ટોંડર ખુરસી પર બેસી ગયો ને લમણા પર હાથ દબાવી ગુસ્સા અવાજે બોલ્યો, "મારે છોકરી જોઇએ છે. મારે ઘેર જવું છે. છોકરીનું કામ છે. આ ગામમાં એક સુંદર છોકરી છે. હું તેને જોયા જ કરું છું. ગૌરવર્ણી સુનેરી વાળવાળી છે ને જરીપુરાણાની દુકાન પાસે રહે છે. મારે એ છોકરી જોઇએ છે."

"સાવધાન! તારા પર જરા કાબુ રાખ, ને ધ્યાન રાખ." પ્રેકરે કહ્યું.

એ જ પળે પાછા દીવા હરી ગયાં ને ઓરડામાં બધે અંધારું થઈ ગયું. દીવાસળીઓ ઘસાતી હતી ને ફાનસ સળગાવવાની કોશિશ થતી હતી, ત્યારે હંટરે કહ્યું, "મને લાગ્યું કે બધા ત્યાં છે. એકાદ રહી ગયો હશે. પણ કંઈ મારાથી દર વખતે નીચે દોડી જવાય છે? ત્યાં સહુ સારા માણસો કામ કરે છે."

ટોંડરે પહેલું ફાનસ ચેતાવ્યું, ને પછી બીજું. હંટરે સખતાઈથી કહ્યું, "લફ્ટેનંટ, તમારે કંઈ કહેવું જ હોય તો અમને સંભળાવો, પણ દુશ્મન તમને આમ બોલતાં સાંભળી ન જાય એનું ધ્યાન રાખો. તમે હિમ્મત હારી બેઠા છો એમ એ જાણશે તો બહુ ખુશ થશે. દુશ્મનને તમારા શબ્દો સાંભળવા ન દો."

ટોંડર પાછો બેસી ગયો. તેના મોં પર સીધો પ્રકાશ પડતો હતો ને દીવાનો ગુસપુસ પાછો શરૂ થઈ ગયો હતો. તેણે કહ્યું, "એ જ છે ને! દુશ્મન બધે જ છે. પુરુષ, સ્ત્રી, બાળક દુશ્મન છે! એ ક્યાં નથી? બારણાંઓમાંથી એ જોઇ રહે

છે. પડદા પાછળથી એ સાંભળ્યા કરે છે. આપણે તેને હરાવ્યા છે, આપણી બધે જીત થઈ છે, ને એઓ ગાઢ જુએ છે, ને આજ્ઞા ઉઠાવે છે, ને રાહ જુએ છે. અર્ધી દુનિયા આપણી છે. મેજર, બધે જ એવું છે શું ?"

"મને ખબર નથી." હંટરે કહ્યું.

"એ જ છે ને. આપણને ખબર નથી. નોંધો, હેવાલો બધું હાથમાં છે. કબજે કરેલા દેશોમાં આપણા સિપાહીઓ સત્કારાય છે; તેઓ નૂતન વ્યવસ્થા[1]નો જય ઇચ્છે છે!"

[1] "ન્યુ ઓર્ડર."

ટેંડરનો અવાજ ખાંસીને ધીરો ને ધીરો થતો ગયો. "આપણે સારું એ અહેવાલો શું કહે છે ? આપણને સર્વત્ર સત્કાર મળે છે, લોકો આપણને ચાહે છે, આપણા માર્ગમાં ફૂલો નાખે છે, એમ ? ઓ ! આ ભયંકર લોકો ! બરફમાં રાહ જોતા લોકો !"

"હવે છાતીમાંનો ઊભરો શમી ગયો એટલે સારું લાગે છે ?" હંટરે પૂછ્યું.

પ્રેકલ મુઠ્ઠીથી ટેબલ પર તાલ દઈ રહ્યો હતો; તેણે કહ્યું, "આમ વાત ન કરવી જોઈએ. એણે મનમાં સમજવું જોઈએ. એ સિપાહી છે ખરું ને ! તો સિપાહી જેમ રહેવું ઘટે."

બારણું આસ્તેથી ઊઘડ્યું ને લૉફ્ટ અંદર આવ્યો; તેની હેલ્મેટ પર ને તેના ખભા પર બરફ હતો. તેનું નાક લાલ ચટક થઈ ગયું હતું ને ઓવરકોટનો કાંઠલો તેના કાન સુધી

ચડાવી દીધેલો હતો. તેણે હેલ્મેટ ઉતારી ને બરફ નીચે પડ્યો; તેણે ખભા ખંખેર્યાં. "આ તે કેવું કામ !" તેણે કહ્યું.

"કેમ કંઈ વધારે ધમાલ થઈ ?" હંટરે પૂછ્યું.

'ધમાલ તો સદાની છે જ ને. એમ, પાછો વીજળીનો ડાયનેમો તોડ્યો ! ઠીક, પણ ખાણનું થોડા વખત માટે ઠીક કરી દીધું."

"ધમાલ શું છે ?" હંટરે પૂછ્યું.

"એ જ, રોજ હોય છે તે, કામમાં ઢીલ ને ભાંગફોડ. તોડનારને મેં જોયો ને તેને ઠાર કર્યો. મને લાગે છે કે તેનો ઇલાજ મને મળી ગયો છે, મેજર. હમણાં જ જડ્યો. દરેક માણસ પાસે થોડા કોલસા કઢાવીશ. માણસોથી ભૂખે તો મરાય નહિ; નહિ તો કામ ન કરે: પણ મને જવાબ મળી ગયો છે. કોલસા બહાર ન નીકળે તો તેના કુટુંબને ખાવાનું યે ન મળે. માણસોને ખાણમાં જ ખવડાવીશું કે ઘેર જઈ વહેંચી ન લે. આ ઇલાજથી એ સીધા થવા જોઈએ કામ કરે નહિ તો છોકરાં મરે. હમણાં જ એમને આ કહી આવ્યો."

"એમણે શું કહ્યું ?'

લોફ્ટની આંખો ઝીણી થઈ. "કહે ? એ કદી ક્યાં કંઈ કહે જ છે ? કશું નહિ, લગીરે નહિ. પણ હવે કોલસો નીકળે છે કે નહિ તે આપણે જોઈશું." તેણે પોતાનો ડગલો ઉતાર્યો ને ખંખેર્યો; ને તેમ કરતાં અંદર આવવાનાં બારણા પર તેની નજર પડી ને એક તડ જેટલું ઉઘાડું દીઠું.

અવાજ કર્યા વિના તે બારણા સુધી ગયો; જોરથી તેને ઉઘાડયું ને પછી બંધ કર્યું. "મેં એને સજ્જડ બંધ કર્યું હતું એવો મને ખ્યાલ હતો." તેણે કહ્યું.

"હા, કર્યું હતું." ટંડરે કહ્યું.

પ્રેકલ હજી ચિત્રોનાં પાનાં ફેરવતો હતો. તેનો અવાજ રોજ જેવો હતો. "પૂર્વની લડાઇમાં જુઓ આપણે કેવી જંગી તોપો વાપરીએ છીએ? મેં તો તે કદી જોઇ નથી. તમે જોઇ છે, કેપ્ટન?"

"હાસ્તો," કેપ્ટન લોફ્ટે કહ્યું. "એ ફૂટતાં યે મેં જોઇ છે. અદ્દભુત છે. એની સામે કંઇ ટકી શકે એવું નથી."

"કેપ્ટન, ઘેરથી તમને ખૂબ ખબરો આવે છે?" ટૉંડરે પૂછ્યું.

"થોડા ઘણા, કેમ?" લોફ્ટે કહ્યું.

"કંઇ નહિ. ત્યાં બધે ખેરિયત છે?"

"અદ્દભુત! લશ્કરો બધે જ આગળ વધે છે." લોફ્ટે કહ્યું.

"દુશ્મનોની હજી હાર નથી થઇ?"

"દરેક મુકાબલામાં તેઓ હારે છે."

"પણ લડયા કરે છે?"

"થોડા હવાઇ હુમલા કરે છે, એટલું જ બસ."

"અને રશિયનો?"

"ખલાસ થઇ ગયા."

"પણ એ લડયા કરે છે?" ટૉંડરે પૂછવાનું ચાલુ રાખ્યું.

"ફૂટીજ્વાય ઝંપાઝંપીથી વધારે નહિ."

"ત્યારે તો આપણે જીતી ગયા જ કહેવાઈએ ને, કૅપ્ટન?" ટૉંડરે પૂછ્યું.

"હાસ્તો."

ટૉંડરે તેની સામે ધ્યાનથી જોયું ને પૂછ્યું, "તમે એ સાચું માનો છો, કૅપ્ટન?"

"એને પાછું શરૂ કરવા ના દેશો." પ્રેકલે વચ્ચે ટાપશી પૂરી.

લોફ્ટે મોં બગાડી કહ્યું, "તમે શું કહેવા માગો છો તે હું સમજતો નથી."

ટૉંડરે કહ્યું, "એ જ કે થોડા વખતમાં આપણે ઘેર જવાનું થશે, ખરું ને?"

"બધું બરાબર બંધ બેસતાં વાર તો લાગે ને!" હંટરે કહ્યું. "એક દિવસમાં તે નૂતન વ્યવસ્થા અમલમાં આવી જતી હશે!"

"ત્યારે શું આખી જિંદગી લાગશે?" ટૉંડરે કહ્યું.

"એને પાછું એ શરૂ કરવા ન દો." પ્રેકલે કહ્યું.

લોફ્ટે ટૉંડરની ખૂબ નજીકમાં આવી કહ્યું, "લેફ્ટેનંટ, તમારા સવાલોનો ધ્વનિ મને ગમતો નથી. શંકાનું સૂચન મને પસંદ નથી."

હંટરે ઊંચું જોયું ને કહ્યું, "લોફ્ટ, એના પર સખત ન થાઓ. એ થાકી ગયો છે. આપણે બધા થાકી ગયા છીએ."

"હું યે થાકી ગયો છું સ્તો." લોફટે કહ્યું. "પણ આવી દેશદ્રોહી શંકાઓને હું પેસવા દેતો નથી."

"પણ એની પાછળ ન પડો." હંટરે કહ્યું, "કર્નલ ક્યાં છે, ખબર છે?"

"એનો હેવાલ લખે છે. વધારે મદદ માગે છે." લોફટે કહ્યું. "ધાર્યા કરતાં વધારે મુશ્કેલ આ કામ નીવડયું છે."

"વધારે માણસો ને સાધનો મળી શકશે ખરાં?" ઉશ્કેરાઇને પ્રેકલે પૂછ્યું.

"મને કેમ ખબર પડે?"

ટૉંડર હસ્યો. "મદદ! કે પછી આપણી જગ્યા લેવાના માણસો! થોડો વખત તો કદાચ ઘેર જવા મળશે." તેણે કહ્યું. ને ફરી હસીને ઉમેર્યું, "કોઇ વાર હું રસ્તે જતો હોઇશ ને કોઈ "કેમ?" કહી બોલાવશે ને લોકો કહેશે 'પેલો સિપાહી ચાલ્યો જાય,' ને બધા ખુશી થશે. ને આસપાસ દોસ્તો હશે. ને દહેશત વિના હું પીઠ ફેરવી શકીશ."

"પાછી એ વાત ન માંડ. ફરીને એને હાથથી જવા દો નહિ." પ્રેકલે કહ્યું.

લોફટે તિરસ્કારથી કહ્યું, "આપણને પૂરેપૂરી ઉપાધિ છે તેમાં વળી માણસો પાગલ થવા માંડયાં."

"પણ આપણી જગા લેનારા ખરેખર આવશે, કૅપ્ટન?" ટૉંડરે ચલાવ્યે રાખ્યું.

"મેં એમ ક્યાં કહ્યું છે?"

"તમે કહ્યું કે કદાચ આવે."

"મેં કહ્યું કે મને ખબર નથી. લેફ્ટેનંટ, આમ જુઓ, આપણે અર્ધી દુનિયા સર કરી છે. એના પર થોડી વાર જાપતો રાખવો જોઇએ, એ તો જાણો છો ને?"

"પણ બીજા અર્ધા ભાગનું શું?" ટોંડરે પૂછ્યું.

"એ થોડો વખત લડી લેશે" લૉફ્ટે કહ્યું.

'ત્યારે તો આપણે બધે પહોંચી વળવું પડશે?"

"હા. થોડા વખત માટે." લૉફ્ટે કહ્યું.

"એને ચુપ કરીને." પ્રેકલે કહ્યું. "કોઇ પણ હિસાબે એને બોલતો બંધ કરો તો સારું."

ટોંડરે રૂમાલ કાઢી નાક સાફ કર્યું. જરા ચસકી ગયેલાની જેમ એ બોલ્યો, "મને એક વિચિત્ર સ્વપ્નું આવ્યું. ખ્વાબ જ હશે કે પછી માત્ર ખ્યાલ." કહેતાં તે મૂંઝવણથી હસી પડયો.

"કેપ્ટન, એને ચુપ કરવા કહો." પ્રેકલે કહ્યું.

"કેપ્ટન, આ પ્રદેશ જિતાયો છે ને?" ટોંડરે પૂછ્યું.

"અલબત." લૉફ્ટે કહ્યું.

પોતા પર કાબૂ ન હોય તેવા અવાજે હસતાં ટોંડરે કહ્યું, "આપણે જીત્યા ને આપણે બીએ છીએ; આપણે સર કર્યું ને આપણે જ ઘેરાઈ ગયા." વધારે તીણા અવાજે તેણે ઉમેર્યું, "મને ખ્વાબ આવ્યો—કે ખ્યાલ—કે દૂર દૂર સફેદ બરફમાં કાળા ઓળાઓ ફરતા હતા ને બારણાંઓ ને પડદાઓ પાછળ

આરકીન ચહેરાઓ છુપાયેલા હતા. ત્યારે મને ખ્વાબ આવ્યો કે ખ્યાલ."

"એને અટકાવો." પ્રેકજે કહ્યું.

ટોંડરે ચાલુ રાખ્યું, "એક વિજય પછી બીજો ને ઊંડા ને ઊંડા કાદવમાં ઊતરવાનું." તેને એટલું હસવું આવ્યું કે તે ગૂંગળાવા લાગ્યો; ને મોંએ રૂમાલ ધરી તેણે ઉમેર્યું, "નાયક પાગલ હશે જ. કબૂતરો જાગને સર કરે છે. માખીઓએ તેમને પકડવાના સોગાઉના કાગળને સર કર્યો !" તે દીવાનાની જેમ હસતો જ ગયો.

પ્રેકશે તેની પાસે જઈ ખભેથી હલાવી બૂમ મારી, "બસ કર, ચુપ કર, આમ બોલવાનો તને શો અધિકાર છે?"

ને ધીમે ધીમે લૉફ્ટને લાગ્યું કે તે પાગલની જેમ હસે છે, એટલે ટોંડરની પાસે જઈ તેના મોં પર થાપટ લગાવી તેણે કહ્યું. "લેફ્ટેનન્ટ, ચુપ !"

ટોંડરે હાસ્યા જ કર્યું; લૉફ્ટે તેને ફરી થાપટ લગાવી ને કહ્યું, "ચુપ, લેફ્ટેનંટ—સંભળાય છે?"

ઓચિંતુ ટોંડનું હસવાનું બંધ થઈ ગયું. ઓરડો તદ્દન શાન્ત થઈ ગયો. માત્ર ફાનસનો સુરસુરાટ સંભળાતો હતો. ટોંડરે આશ્ચર્યથી પોતાના હાથ સામે જોયું ને ઘવાયેલા મોં પર હાથ ફેરવ્યો; ને ફરી હાથ સામે જોયું, ને તેનું માથું ટેબલ પર ઢળી પડ્યું. "મારે ઘેર જવું છે." તેણે આસ્તેથી મુકાર્યું.

પ્રકરણ છઠ્ઠું

ગામના ચોકથી થોડે દૂર એક રસ્તો હતો ને ત્યાં નાનાં કમાનવાળાં છાપરાં ને દુકાન બધું ભળી જતું હતું. રસ્તામાં અવરજવરથી બરફ જામી ગયો હતો પણ છાપરાં પર અને ઘર આસપાસની વાડીમાં તેના ઊંચા ને ઊંચા થર ખડકાતા હતા. એ નાનાં ઘરોની બારી આગળથી આસ્તે આસ્તે નીચે પડતો ને ચાલવાની જગાએ તેને પાવડાથી ખસેડી નાખ્યો હતો. રાત અંધારી ને ઠંડી હતી ને વિમાનો ન આવે તે માટે ક્યાંયથી પ્રકાશ દેખાતો ન હતો રસ્તામાં કોઈ ચાલતું ન હતું, કેમકે "કર્ફ્યુ"નો અમલ બહુ કડક હતો. મકાનો બરફમાં કાળાં ધાબાં જેવાં દેખાતાં હતાં. થોડી થોડી વારે છ સિપાહીઓનો પહેરો રસ્તા પર એકથી બીજે છેડે ફરતો. તેઓ બધે ધ્યાનથી જોતા ને હાથમાં બેટરીની બતીઓ રાખતા. તેમના ચાલવાનો આછો અવાજ રસ્તા પર સંભળાતો ને ટિપાયેલા બરફ પર તેમના જોડા ચમ ચમ બોલતા. જાડા મોટા ડગલામાં એ વીંટળાયેલા હતા; તેમની હેલ્મેટો નીચે ચશેથી કાન સુધી આવતી ટોપીઓ તેમણે પહેરી હતી ને

તેથી તેમનાં દાઢી મોં ઢંકાઈ જતાં હતાં. બરફ આછો આછો પડતો હતો; થોડો થોડો, ચોખા જેવો પડતો હતો.

પહેરેગીરો ચાલતાં ચાલતાં વાતો કરતા હતા. જે ચીજોની તેમને ઝંખના થતી તેની વાતો કરતા; સારો ખોરાક, ગરમ "સૂપ" અને માખણની ઉત્કૃષ્ટતા, છોકરીઓની સુંદરતા, તેમનાં હાસ્ય, તેમના હોઠ ને તેની આંખોની વાતો કરતા: આ બધાની તે વાતો કરતા ને તેમને જે ફરવું પડતું હતું તે પ્રત્યે તિરસ્કારની ક્યારેક વાતો કરતા ને કેટલું એકલું લાગતું હતું તેની.

જરીપુરાણાની દુકાન પાસે એક કમાનવાળા છાપરાનું એક નાનું ઘર હતું. આકારમાં એ બીજાં ઘરો જેવું જ હતુ ને તેની ઉપરની કમાન પર બરફની ટોપી થઇ રહી હતી. તેની બારીમાંથી પ્રકાશ આવતો નહોતો ને તેનાં બારણાં સજ્જડ બંધ રહેતાં. પણ તેની અંદર એક નાના રહેવાના ઓરડામાં દીવો બળતો હતો ને સૂવાના ઓરડા તરફ જવાનું બારણું ખુલ્લું હતું; ને રસોડામાં જવાનું બારણું ઉઘાડું હતું. દીવાલની લગોલગ એક લોખંડની સગડી હતી ને તેમાં આતશ જળી રહ્યો હતો એ ઓરડો ઉષ્માવાળો, ગરીબાઈભર્યો પણ, આરામ આપે તેવો હતો. જમીન પર પાથરેલી જાજમ ઘસાઈ ગયેલી હતી ને દીવાલ પર જૂની ઢબનાં ફૂલોના, ચિતરામણવાળા ભીંતકાગળ ચોંટાડેલા હતા. પાછળની દીવાલ ઉપર બે ચિત્રો ટાંગેલાં હતાં: એકમાં રકાબીમાં પાતરાંની

અંદર મરેલી માછલીનું અને બીજામાં ઝાડની ડાળખી પર મરવા પડેલા તેતરનું ચિત્ર હતું. જમણી બાજુની દીવાલ પર નિરાશ થયેલા માછીમારો તરફ દરિયાનાં મોજાં ઉપર ચાલતા ઈસુ ખ્રિસ્તનું ચિત્ર હતું. ઓરડામાં બે સાદી ખુરશીઓ હતી ને એક લાંબો કોચ હતો ને તેના પર એક ચકચકિત કામળો પાથરેલો હતો. ઓરડાની વચમાં એક નાનું ગોળ ટેબલ હતું, તે ઉપર ઘાસતેલનું એક ફાનસ બળતું હતું. તેના ગોળામાં ફૂલોની આકૃતિઓ હતી; ને તેનો પ્રકાશ મૃદુ ને ઉષ્માવાળો લાગતો હતો.

બહાર જવાની ચાલીમાં જવાનું બારણું સગડીની પાસે આવેલું હતું.

ટેબલ પાસે ગાદીવાળી એક ઝૂલતી ખુરસીમાં મોલી મૉર્ડન એકલી બેઠી હતી. એક જૂના ભૂરા સ્વેટરમાંથી તે ઊન ઉખેળતી હતી ને તેનો દડો બનાવી તે પર વીંટતી હતી. દડો સારો મોટો થઈ ગયો હતો. તેની બાજુએ પડેલા ટેબલ પર તેનું ગૂંથવાનું પડયું હતું, તેમાં તેના સોયા ભરવેલા હતા, ને પાસે એક મોટી કાતર પડી હતી. પડખે તેનાં ચશ્માં હતાં કેમકે ગૂંથતી વખતે તેનો ખપ નહોતો. તે સુન્દર હતી, જુવાન હતી ને સ્વચ્છ હતી. તેના સોનેરી વાળ ઊંચા ઓળેલા હતા; એને એક ભૂરી પટ્ટી બાંધેલી હતી. તેના હાથ જલદી જલદી કામ કરી રહ્યા હતા, ને તેમ કરતાં તેની નજર વારે વારે ચાલીના બારણા તરફ જતી હતી. ધુમાડો જવાના

ભૂંગળામાંથી પવનનો સુસવાટ સંભળાતો હતો. પણ રાત્રિ શાન્ત હતી ને બધા અવાજો બરફમાં દબાઈ જતા હતા.

ઓચિંતું તેનું કામ અટકી ગયું, તેના હાથ થંભી ગયા. તેણે બારણા તરફ જોઈ કાન માંડ્યા. પહેરેગીરોના પગનો અવાજ પસાર થઈ ગયો ને તેમની વાતોનો અવાજ આછો થઈ ગયો. ધીમે ધીમે એ અવાજો લીન થઈ ગયા ને મોલીએ નવું ઊન ઉખેળી કાઢીને દડા પર વીંટવા માંડ્યું. ને ફરી પાછી એ અટકી ગઈ. બારણાં પાસે કંઈ સળવળાટ થયો ને ત્રણ ધીરા ટકોરા સંભળાયા. મોલીએ કામ નીચે મૂકી બારણા પાસે જઈ પૂછ્યું, "કોણ?"

તેણે દરવાજો ખોલ્યો ને પુષ્કળ કપડામાં લપેટાયેલું કોઈ અંદર આવ્યું. એ લાલ આંખવાળી, શાલ દુશાલામાં દબાયેલી એની હતી. એ જલદી અંદર સરકી આવી, કેમ જાણે જલદી દરવાજામાં પેસવાનો ને તેને પાછો બંધ કરવાનો તેને મહાવરો પડી ગયો હોય. તેનું નાક લાલ થઈ ગયું હતું ને આમતેમ ઝટ ઝટ જોતી તે ઊભી રહી.

મોલીએ તેની ખબર પૂછી ને કહ્યું, 'તું આજે આવીશ એમ મને નહોતું લાગતું. આ બધા વાધા ઉતાર ને જરા શેક કર. બહાર બહુ ઠંડી છે."

એનીએ કહ્યું, "સિપાઈઓ વહેલો શિયાળો લઈ આવ્યા. મારા બાપુ કહેતા કે લડાઈ ખરાબ હવા લાવે છે કે પછી ખરાબ હવા લડાઈ લઈ આવે છે, મને બરાબર યાદ નથી."

"તારા વાઘા ઉતારી નાખ ને સગડી પાસે આવ."

"એ નથી થાય એમ." એનીએ કહ્યું. "એ બધા હમણાં આવવાના છે."

"કોણ આવનાર છે?" મોલીએ પૂછ્યું.

"નામદાર, ડૉકટર ને બેઉ ઍંડર્સ છોકરા." એનીએ કહ્યું.

"અહીંયાં? શા વાસ્તે?" મોલીએ પૂછ્યું.

એનીએ હાથ આગળ કરી એક પોટલી ધરી કહ્યું, "આ લે, કર્નલની રકાબીમાંથી મેં ઉડાવ્યું છે. ખાવાનું છે."

મોલીએ પોટલી છોડી ને અંદરનું ખાવાનું મોંમાં મૂક્યું, ને ચાવતાં ચાવતાં પૂછ્યું, "તેં કંઈ ખાધું?"

"હું તો રસોઈ કરું છું ને! મને તો મળી જ રહે." એનીએ કહ્યું.

"એ ક્યારે આવવાના છે?"

"ઍંડર્સ છોકરા દરિયાપાર ચાલ્યા જવાના છે. એમને ભાગવું પડે તેમ છે ને છુપાતા ફરે છે."

"એમ? શું કામ?" મોલીએ પૂછ્યું.

"લે, એમના ભાઇ જેક પેલી ગાડી તોડી હતી ને આજ તેને પેલાએ ઠાર કર્યો. સિપાહીઓ કુટુંબના બીજાં માણસોની તપાસમાં છે. ખબર છે ને આમ કેમ કરે છે?"

"હા, હા, મને ખબર છે, એની. બેસ તો ખરી."

"ના, વખત નથી.", એનીએ કહ્યું. "મારે જઇને નામદારને કહેવાનું છે કે બધું બરાબર છે."

"તને આવતાં કોઇએ જોઈ નથી?" મોલીએ પૂછ્યું.

"ના રે." ગર્વથી હસી એનીએ કહ્યું. "છૂપું સરકવામાં હું પાવરધી થઈ ગઈ છું."

"પણ નામદાર કેમ બહાર નીકળી શકશે?"

એની હસી. "એ લોકો જુઓ તો ફરી જોસફ નામદારની જગ્યામાં સૂશે. એનાં જરાતનાં કપડાં પહેરી. બાઈસાહેબની પાસે!" કહી તે ફરી હસી. "પણ જોસફે તદ્દન શાન્ત રહેવું પડશે."

"સફર કરવા માટે તો આ ભયંકર રાત છે." મોલીએ કહ્યું.

"ગોળીથી ઠાર થવા કરતાં તો સારું ને!"

"હા એ ખરું. પણ નામદાર અહીં શું કામ આવે છે?"

"એ ખબર નથી એંડર્સ છોકરાઓ જોડે તેમને વાત કરવી છે. મારે હવે જવું જોઈએ. હું તો તમને કહેવા આવી'તી."

"કેટલીક વારમાં એઓ આવી લાગશે?" મોલીએ પૂછ્યું.

"બહુ તો અર્ધો કે પોણો કલાક થશે," એનીએ કહ્યું. "પહેલાં હું આવીશ, બુઠ્ઠા રસોઈયાને કંઈ કંઈ કરતું નથી." કહી તે બારણા તરફ ચાલી પણ વચ્ચે અટકી પડી, ને જાણે છેલ્લું વાક્ય મોલીએ કહ્યું હોય ને તેને ઠપકો આપતી હોય એમ તેણે કહ્યું, "હું કંઈ એટલી બુઠ્ઠી નથી હો!" તે બારણા બહાર ઝટ સરકી ગઈ ને બારણું બંધ કરી દીધું.

મોલીએ ગૂંથવાનું થોડી વાર ચાલુ રાખ્યું ને પછી સગડી પાસે જઈ અંદર જોયું. આતશનો પ્રકાશ તેના મો પર પડ્યો. તેણે અંગારા હલાવ્યા ને થોડા કોલસા ઉમેર્યા.

તે ખુરસી પર પાછી જાય એ પહેલાં બહારના દરવાજા પર ટકોરા થયા. તે ઓરડાની બીજી બાજુ ગઈ ને મનમાં બબડી, "કોણ જાણે શું ભૂલ થઈ ગઈ હશે!" બારીમાં જઈ તેને પૂછ્યું,

"શું રહી ગયું?"

જવાબમાં એક મરદનો અવાજ આવ્યો. તેણે દરવાજો ઉઘાડ્યો કે એ માણસે કહ્યું, "હું કંઈ હરકત કરવા નથી આવ્યો, કંઈ હરકત કરવા નહિ."

મોલી ઓરડામાં પાછી હઠી ને તેની પાછળ લેફ્ટેનંટ ટૉંડર આવ્યો. મોલીએ પૂછ્યું, "તમે કોણ છો? તમારે શું જોઈએ છે? તમારાથી અહીં આવી શકાય નહિ. શું કામ છે?"

લેફ્ટેનંટ ટૉંડરે તેનો ભૂખરો મોટો કોટ પહેર્યો હતો. તે ઓરડામાં આવ્યો, ને પોતાની હેલ્મેટ ઉતારી આજીજીથી કહેવા લાગ્યો, 'હું કંઈ હરકત નહિ કરું. મને બસ થઈ અંદર આવવા દો."

"તમારે કામ શું છે?" મોલીએ પૂછ્યું.

તેણે બારણું બંધ કર્યું. ટૉંડરે કહ્યું, "બાઈ, હું માત્ર વાતો કરવા આવ્યો છું. એટલું જ તમને બોલતાં મારે સાંભળવાં છે. મારે એટલું જ જોઈએ છે"

"તમે પરાણે અહીં રહેશો?" મોલીએ પૂછ્યું.

"ના બાઈ; પણ મને થોડી વાર રહેવાં દો: પછી હું ચાલ્યો જઈશ."

"તમારે જોઈએ છે શું?"

ટૉંડરે ખુલાસો કરવા પ્રયત્ન કર્યો. "તમને સમજાશે—તમે

માની શકશો ? થોડી વાર માટે આપણે આ લડાઈ ભૂલી શકીએ ? થોડી જ વાર માટે ! ઘડી ભર આપણે, માણસની જેમ—સાથે—વાત ન કરી શકીએ ?"

મોલી તેની સામે ઘણી વાર લગી જોઈ રહી ને તેના હોઠ પર એક હાસ્ય ફરક્યું. "હું કોણ છું એ તમને ખબર નથી, ખરું ?"

"મેં તમને ગામમાં જોયાં છે. જાણું છું કે તમે સુન્દર છો. તમારી સાથે વાત કરવી છે એટલું હું સમજું છું." ટોંડરે કહ્યું.

ને મોલીએ હજી હસ્યા કર્યું. આસ્તેથી તેણે કહ્યું. "હું કોણ છું એ તમે જાણતા નથી." એ ખુરશીમાં બેસી રહી ને ટોંડર બાળકની જેમ, કંઈ અણઘડ લાગતો. ઊભો રહ્યો. મોલીએ મૃદુતાથી બોલવું ચાલુ રાખ્યું. "ત્યારે તમને એકલું લાગે છે ? બધું આટલું સરળ છે, એમ ?"

ટોંડરે પોતાના હોઠ પર જીભ ફેરવી ને કહ્યું, "બસ એ જ છે. તમે સમજો છો. તમે સમજશો એવી મારી ખાતરી હતી. તમારે સમજવું પડશે જ એમ લાગતું હતું." ઉપરાઉપર તે શબ્દો ઉચ્ચારતો ગયો. "હું માંદો થઈ જાઉં એટલું બધું મને એકલું લાગે છે. આ શાન્તિમાં ને ધિક્કારમાં મને ખૂબ સૂનું લાગે છે." આરજૂભરી રીતે તેણે ઉમેર્યું. "આપણે થોડી વાતો ય ન કરી શકીએ ?"

મોલીએ પોતાનું ગૂંથવાનું લઈ લીધું ને બારણા તરફ નજર કરી. "તમારે રહેવું હોય તો રહો પણ પા કલાકથી વધારે નહિ. લેફ્ટેનંટ, બેસો તો જરા."

મોલીએ પાછું બારણાં તરફ જોયું. છરના પાટિયામાં ચરડ કરતો અવાજ આવ્યો. ટૉડરે તંગ બની કહ્યું, "કોઇ અહીં છે?"

"ના, છાપરા પર બરફ ખૂબ જમા થઇ ગયો છે. મારે ત્યાં હવે કોઇ માણસ નથી કે તેને ધકેલી પાડે."

"એ કોણે કર્યું? અમે તો કંઇ કર્યું નથી!" સલૂકાઇથી ટૉડરે પૂછ્યું.

"હા." મોલીએ માથું નમાવી કહ્યું. ને તેની નજર દૂર દૂર હતી.

ટૉડર બેસી ગયો- "હું દિલગીર છું." કહી જરા થંભી ગયો ને પછી કહ્યું, "હું કંઇ મદદ કરી શકું? છાપરા પરથી હું બરફ કઢાવી નાખીશ."

"ના" મોલીએ કહ્યું. "નહિ."

"કેમ નહિ?"

"કેમકે લોકોને થશે કે હું તમારી સાથે ભળી ગઇ છું. મને એઓ કાઢી મૂકશે. ને મારે એ નથી જોઇતું."

"હા, એ તો ભારે થાય. તમે બધાં અમને ધિક્કારો છો. પણ મને રજા આપો તો હું તમારી સંભાળ રાખીશ." ટૉડરે કહ્યું.

હવે મોલીને લાગ્યું કે તેનો હાથ ઉપર આવ્યો છે. તેની આંખ જરા ઝીણી થઇને નિર્દયતાથી તેણે કહ્યું, "શા સારુ એમ પૂછો છો? તમે વિજેતા છો. તમારે પૂછવાપણું ક્યાં

છે? તમે તો જોઇએ તે લઇ લો છો."

"પણ મારે એ નથી જોઈતું." ટૅાંડરે કહ્યું. "મને એ રીત પસંદ નથી."

ને મોલી વળી નિર્દયતાથી હસી. "હું તમને ચાહું-એમ ઇચ્છો છો ને લેફ્ટેનંટ?"

"હા." ટૅાંડરે સાદો ઉદ્ગાર કાઢયો ને ઊંચું જોઈ ઉમેર્યું, "તમારામાં શી સુન્દરતા, શી ઉષ્મા છે? તમારા કેશ કેવા ચળકે છે! અરે કેટલાય વખતથી સ્ત્રીની આંખમાં દયા મેં જોઈજ નથી;"

"મારી આંખમાં તમને જરા યે દેખાય છે?" મોલીએ પૂછ્યું.

"મારે જોવી છે." તેને ધ્યાનથી નિહાળી ટૅાંડરે કહ્યું.

મોલીએ આંખો નીચે ઢાળી, "મારી સાથે તમે પ્રેમ કરો છો ખરું, લેફ્ટેનંટ?"

ને એકૂદી રીતે તેણે કહ્યું, "મને ચાહો એવી મારી ઇચ્છા છે; હું તમને ગમું એવી ખરે જ ઇચ્છા છે. ને તમારી આંખમાં એ મારે ખસૂસ જોવું છે. મેં તમને રસ્તામાં જોયાં છે. પાસેથી જતાં નિહાળ્યાં છે. તમને કોઇ હેરાન ન કરે એવા મેં હુકમો કાઢયા છે. કોઇએ છેડતી કરી છે?"

શાન્તિથી મોલીએ કહ્યું, "પાડ તમારો; ના, મારી કોઇએ છેડતી નથી કરી."

ટૅાંડરના શબ્દોનો ઊભરો ચાલુ થયો. "ખબર છે? તમારે

માટે મેં એક કવિતા બનાવી છે. એ કવિતા જોવી છે?"

મોલીએ વક્રતાથી કહ્યું, "લાંબી કવિતા છે? તમારે ઝટ જવું પડશે."

"ના, તદ્દન નાની છે; એક ટુકડા જેવીજ છે." કહી તેણે ડગલાની અંદરથી ગડી કરેલો એક કાગળ કાઢયો ને તેને આપ્યો. દીવા તરફ નમી ચશ્માં પહેરી તેણે ધીમેથી વાંચ્યું,

"ચક્ષુ તારાં ગહન દીસતાં, ગ્રાહમાં શાં વિદારે.
ભાવો કેરો ઉદધિ ઊલટે, ને ભરે હાર્દ ભારે."

વાંચી કાગળની ગડી કરીને તેણે તેને ખોળામાં મૂકયો. "આ તમે લખી, લેફ્ટેનંટ?"

"હા."

"મને ઉદ્દેશીને?" જરા ઉપાલંભમાં મોલીએ પૂછયું.

"હા." અસ્વસ્થ થતાં ટૉંડરે જવાબ આપ્યો.

તેની સામે તાકી રાખી, જરા હસીને મોલીએ કહ્યું, "લેફ્ટેનંટ, તમે નથી લખી, ખરું?"

જૂઠું કહેતાં પકડાયેલા બાળકની જેમ હસી ટૉંડરે કહ્યું, "ના"

"કોણે લખી છે તે જાણો છો?" મોલીએ પૂછયું.

ટૉંડરે કહ્યું, "હા, 'હાઇને' * લખી છે. "નીલસાગર"ના તેના સંગ્રહમાં છે. મને એ ખૂબ જ ગમે છે." મૂંઝવણમાં તેણે હસી દીધું ને મોલી પણ હસીને ઓચિંતાં બેઉ સાથે હસવા લાગ્યાં. એટલો જ ઓચિંતો એ હસતાં અટકી ગયો ને

* એક વિખ્યાત જર્મન કવિ.

તેની આંખમાં પાછી શુષ્કતા આવી લાગી. "કોણ જાણે ક્યારનો હું આમ હસ્યો જ નથી." તેણે કહ્યું. "અમને કહેવામાં આવતું કે લોકો અમને ચાહશે, અમને વખાણશે પણ એ કશું કરતા નથી. ફક્ત અમને ધિક્કારે છે." કહી તેણે સમયનો લાભ લેવા જાણે પાછો વિષય બદલ્યો. "તમે શું સુંદર છો. એક સ્મિત જેટલાં સુંદર છો."

"તમે તો પ્રેમ કરવા માંડયા, લેફ્ટેનંટ. ઘડીમાં તો તમારે જવું પડશે." મૉલીએ કહ્યું.

ટૉંડરે કહ્યું, 'હશે. પ્રેમ કરવા હું માગતો હોઇશ. માણસને પ્રેમની જરૂર છે. પ્રેમ વિના માણસ મરી જાય. તેનું અંતર કોકડું થઈ જાય ને સૂકાં છોડિયાં જેવું તેનું દિલ થઈ જાય. મને બહુ સૂનું લાગે છે."

મૉલી ખુરસી પરથી ઊભી થઈ ગઈ. બારણાં તરફ તેણે આતુરતાથી નજર કરી ને પછી સગડી તરફ ગઈ ને પાછી આવી. તેનું મોં સખ્ત બન્યું ને તેની આંખમાં સજા હતી. તેણે પૂછ્યું, "મારી સાથે તમે શયન કરવા માગો છો લૅફ્ટેનંટ?"

"મેં એમ ક્યાં કહ્યું? એ રીતે કેમ વાત કરો છો?"

મૉલીએ નિર્દયતાથી કહ્યું, "તમને મારા પર તિરસ્કાર આવે માટે એમ કહેતી હોઇશ. હું પરણેલી હતી. મારા ધણીનું મોત થયું છે. હું કુમારિકા નથી, સમજ્યા?" તેના અવાજમાં કટુતા ભારોભાર હતી.

"મારા પર તમે ખુશ રહો એટલું જ ચાહું છું."

ટૉંડરે કહ્યું.

ને મૉલીએ કહ્યું, "હું જાણું છું. તમે સંસ્કારી માણસ છો. સાથે ચાહના હોય તો દિલ્લગી વધારે સન્તોષકારક ને સંપૂર્ણ બને એ તમે જાણો છો?"

"એવી વાત ના કરો. મહેરબાની કરી એમ ના બોલો." ટૉંડરે કહ્યું.

મૉલીએ ઝડપથી બારણા તરફ જોયું ને કહ્યું, "અમે તો પરાજિત પ્રજા છીએ, લેફ્ટેનંટ. તમે અમારો ખોરાક લઈ ગયા છો. મને ભૂખ લાગી છે. ખાવાનું લાવશો તો હું તમારા પર વધારે ખુશ થઈશ."

"એ શું કહો છો?" ટૉંડરે પૂછ્યું.

"તમને તિરસ્કાર છૂટે છે? હું કદાચ એ માટે મથતી હોઈશ. મારી કિંમત એ "સૉસેજ"* છે."

"આમ તે તમારાથી બોલાય?"

"ગઇ લડાઈ પછી ખુદ તમારે ત્યાંની છોકરીઓના શા હાલ હતા, લેફ્ટેનંટ? રોટીનો ટુકડો કે એક ઈંડું આપી માણસ ગમે તે છોકરી પસંદ કરી શકતો. મફતમાં મને મેળવવી છે? મેં માગેલી કિંમત બહુ મોટી છે?

ટૉંડરે કહ્યું, "ઘડી ભર તેમ મને બનાવ્યો. તમે પણ મને ધિક્કારો છો ખરું? મને હતું કે તમે કદાચ તેમ નહિ કરો."

"ના. હું ખાસ તમને ધિક્કારતી નથી." તેણે કહ્યું. "હું

* ખાવાની ચીજનું નામ.

ભૂખી છું ને તમને લોકોને તિરસ્કારું છું.

ડોંડરે કહ્યું, "તમને જે જોઇએ તે હું આપીશ, પણ"—

મોલીએ વચ્ચે જ કહ્યું, તમારે માત્ર બીજું નામ આપવું છે. તમારે વેશ્યા નથી જોઈતી, એ જ કહેવા માગો છો ને?

ટોંડરે કહ્યું: "હું શું કહેવા માગું છું તે જાણતો નથી. પણ તમારા શબ્દોમાં તો પૂરેપૂરો ધિક્કાર ભર્યો લાગે છે."

મોલી હસીઃ "ભૂખમાં સુખ નથી. બે "સોસેજ," સરસ, જાડા સોસેજ જગતમાં મહા મૂલ્યવાન બની શકે છે."

"એમ ના કહો. મહેરબાની કરી ના કહો." ટોંડરે કહ્યું.

"કેમ નહિ? એ સાચું છે."

"સાચું નથી, સાચું હોઈ શકે જ નહિ."

ઘડી ભર મોલી તેની સામે જોઇ રહી ને પછી નીચે બેસી પોતાના ખોળા પર નજર માંડી તે બોલી, "ના સાચું નથી. હું તમને તિરસ્કારતી નથી. મને ય સૂનું લાગે છે, ને છાપરા પર બરફ ખૂબ જામી ગયો છે."

ટોંડર ઊભો થયો ને મોલી નજીક ગયો. તેનો એક હાથ પોતાના બેઉ હાથ વચ્ચે દબાવી તેણે કોમળતાથી કહ્યું, "મહેરબાની કરી મને તિરસ્કારશો નહિ. હું તો એક માત્ર લેફ્ટેનંટ છું. મેં કંઈ અહીં આવવાની માગણી નહોતી. કરી. તમે કંઈ મારાં દુશ્મન થવાનું માગ્યું નહોતું. હું એક સાદો માણસ છું, વિજય કરતો માનવ નહિ."

ક્ષણભર તેના હાથ પર મોલીની આંગળીઓ દબાઈ ને તેણે મૃદુતાથી કહ્યું,

"જાણું છું, હા, હું જાણું છું."

ને ટૉંડરે કહ્યું, "સર્વત્ર મોત પ્રસર્યું છે તેમાં જીવનનો આપણને થોડોક તો અધિકાર છે."

તેના ગાલ પર ઘડી ભર હાથ મૂકી મોલીએ કહ્યું, "હા."

"હું તમારું ધ્યાન રાખીશ." તેણે કહ્યું. "આ બધી ખૂનામરકીમાં આપણને જીવવાનો થોડો તો હક્ક છે." તેનો હાથ મોલીના ખભા પર જરા વાર થંભી ગયો. ઓચિંતી તે કડક બની ગઈ ને કોઇ સ્વપ્ન જોતી હોય તેમ તેની આંખો વિકસી રહી, ને તે ટગર ટગર જોઈ રહી. ટૉંડરે હાથ લઇ લીધો ને પૂછ્યું, "શું થઈ ગયું? શું છે?" મોલીએ સીધું જોયા જ કર્યું ને ટૉંડરે પાછું પૂછ્યું, "પણ છે શું?"

સૂકા અવાજે મોલીએ કહ્યું, "પહેલી વાર નિશાળે જતાં છોકરાની જેમ મેં તેને કપડાં પહેરાવ્યાં ને તેને બીક લાગતી હતી. તેના ખમીસનાં બટન મેં બંધ કરી આપ્યાં ને તેને સાન્ત્વન આપવા કોશિશ કરી, પણ તે શાન્ત થાય તેમ નહોતું. ને તેને બીક લાગતી હતી."

"તમે શું કહો છો?" ટૉંડરે પૂછ્યું.

મોલીને જાણે તાદૃશ દેખાતું હોય તેમ તે બોલી, "તેને ઘેર શું કામ આવવા દીધો એ હું સમજતી નથી. એ મૂંઝાયેલો હતો. શું બનતું હતું તેની તેને ખબર નહોતી. જતી

વખતે તેણે મને ચૂમી સુદ્ધાં ન કરી. એને બીક લાગતી હતી ને પહેલી વાર નિશાળે ગયેલા છોકરાની જેમ તે બહાદુર હતો."

ટૉંડર ઊભો થઈ ગયો. "તમે તમારા ધણીની વાત કરો છો?"

મોલીએ કહ્યું, "હા, મારા ધણીની. હું મેયર પાસે ગઈ પણ તેણે પોતાની લાચારી બતાવી; તે પછી એને લઈ ગયા ને એની ચાલ બહુ સ્થિર તો ન હતી. પછી તમે તેને બહાર લઈ ગયા ને તેના પર ગોળી છોડી. ત્યારે એ ભયંકર કરતાં વિચિત્ર વધારે લાગ્યું, ને પૂરેપૂરું માન્યામાં એ ન આવ્યું."

ટૉંડરે પૂછ્યું, "તમારા વર ને?"

'હા, ને આ શાન્ત ઘરમાં હવે માન્યામાં આવે છે. છાપરા પર બરફના થર જામ્યા છે ત્યારે માન્યામાં આવે છે. સવારની સૂનકાર વખતે ને રાત્રે અર્ધ ઉષ્ણ પથારીમાં એનું મને ભાન થાય છે"

ટૉંડર મોલીની સામે ઊભો હતો. તેના મોં પર કષ્ટની છાયા હતી. તેણે મોલીને વિદાયની સલામ કરીને કહ્યું, "ખુદા તમને સલામત રાખો. હું પાછો આવી શકું?"

ને મોલીએ દીવાલ તરફ જોયું; ને સ્મૃતિ તરફ જોયું ને કહ્યું, "હું ન જાણું."

"હું તો પાછો આવીશ."

"હું ન જાણું." મોલીએ ફરીને કહ્યું.

ટૉંડર મોલી સામે જોઇને બારણા બહાર શાન્તિથી પસાર થઈ ગયો; ને મોલીએ દીવાલ સામે જોઈ કહ્યું, "ભગવાન

મારી રક્ષા કરે!" ઘડી ભર તેણે દીવાલ સામે જોયા કર્યું. બારણું ઊઘડ્યું ને ઍની ગુપચુપ અંદર આવી. મૉલીએ તેને જોઇ સુદ્ધાં નહિ.

નાખુશીથી ઍનીએ કહ્યું, "દરવાજો તો ખુલ્લો હતો."

મૉલીએ તેની સામે જોયું, તેની આંખ હજી વિકસિત જ હતી. "હા, અરે હા, ઍની."

"દરવાજો ખુલ્લો હતો, ને એક માણસ બહાર આવ્યો. મેં તેને જોયો. સિપાહી જેવો દેખાયો."

અને મૉલા બોલી, "હા, ઍની."

"અહીં આવ્યો હતો એ સિપાહી હતો?"

"હા, સિપાહી હતો."

ઍનીએ સાશંક પૂછ્યું, "એ વળી અહીં શું કરતો'તો?"

"મારી સાથે પ્રેમ કરવા આવ્યો હતો."

ઍનીએ કહ્યું, "અરે બાઇ તું શું કહે છે! તું એમની સાથે ભળી તો નથી ગઇ ને? પેલા કૉરેલની જેમ એ લોકોની સાથે નથી ને?"

"ના, ઍની. એ લોકપક્ષે હું નથી."

ઍનીએ કહ્યું, "નામદાર મેયર અહીં હોય ને એ પાછો આવે તો જે થાય તે તમારો વાંક ગણાશે. વાંક તમારો હોં."

"એ પાછો નહિ આવે. હું આવવા જ નહિ દઉં."

પણ ઍનીને હજી સંદેહ રહ્યો. તેણે પૂછ્યું, "એમને હવે અંદર આવવા કહું? બધું હવે સલામત છે એમ તમે

કહો છો ?"

"હા, હા, બધું સલામત છે. એઓ ક્યાં છે ?"

"વાડીની પાછળ ઝાડીમાં." ઍનીએ કહ્યું.

"અંદર આવવા કહે, ત્યારે."

ને ઍની બહાર ગઈ ત્યારે મૉલીએ ઊઠી પોતાના વાળ સમાર્યા ને માથું ધુણાવ્યું. જાગ્રત, સજીવ બનવા મથતી હોય તેમ. ચાલીમાં થોડો અવાજ થયો. એ ઊંચા, ગૌર જુવાનિયા દાખલ થયા. એ લોકોએ અંદરના ડગલા પર ગળા સુધી આવતાં ગરમ "સ્વેટરો" પહેરેલાં હતાં ને ઉપર કાન ઢાંકતી ટોપી પહેરી હતી બહારના જીવનથી એ ઘડાયેલા લાગતા હતા, કદાવર હતા, ને વિલ ઍંડર્સ ને ટોમ ઍંડર્સ બેઉ માછીમારો, જોડકાભાઇ જેવા દેખાતા હતા.

મૉલીને સલામ કરી તેમણે પૂછ્યું, "ખબર પડી ને ?"

"ઍનીએ મને કહ્યું, પણ જવા માટે આજની રાત બહુ ખરાબ છે."

ટોમે કહ્યું, "વાદળાં વિનાની રાત કરતાં આ બહેતર છે. ચોખ્ખી રાતે તો વિમાનો જોઈ જાય. મેયરને શું કામ છે, મૉલી ?"

"મને ખબર નથી, મે તમારા ભાઇનું સાંભળ્યું. બહુ ખોટું થયું."

બેઉ ભાઇઓ ચુપ થઈ ગયા ને મૂંઝવણમાં પડ્યા. ટોમે કહ્યું, "તમે તો જાણો છો શી દશા છે. પણ ઘણા ખરા

કરતાં સારી."

"હા, હા. હું જાણું છું."

એની પાછી અંદર આવી ને ઘોઘરા અવાજે બોલી, "આ આવ્યા." ને મેયર ઓર્ડન ને ડોકટર વિંટર અંદર આવ્યા. ઉપરના મોટા ડગલા ને ટોપી ઉતારી તેમણે કોચ પર મૂકયાં. ઓર્ડને મોલી પાસે જઇ તેના કપાળ પર ચુંબન કર્યું, ને સાંજની સલામ કરી.

એની તરફ ફરી તેણે કહ્યું, "ચાલમાં ઊભી રહે, એની. પહેરેગીરો આવે ત્યારે એક ટકોરો કરજે. જાય ત્યારે પાછો એક ને જોખમના બે. બહારનો દરવાજો જરાક ખુલ્લો રહેવા દેજે કે કોઈ આવે તો તને સંભળાય."

એનીએ કહ્યું, "હાજી, સાહેબ." ચાલમાં જઇ તેણે ઓરડાનું બારણું પોતાની પાછળ બંધ કર્યું.

ડોકટર વિંટરે સગડી પાસે જઈ હાથ શેકવા માંડયા હતા. તેણે કહ્યું, "અમને ખબર પડી કે તમે ભાઇઓ આજ રાત્રે જવાના છો."

"અમારે જવું જ પડે તેમ છે." ટોમે કહ્યું.

ઓર્ડને માથું નમાવી હા પાડી. "હા, ખબર છે. મિ. કોરેલને તમે સાથે લઈ જવાના છો એમ અમે સાંભળ્યું."

ટોમ કટુતાથી હસ્યો. "એમ કરીએ તો ઠીક એમ મને લાગ્યું. અમે એની હોડી તો લઇ જઇએ છીએ. એને કંઇ છૂટો મુકાય? એ રસ્તામાં ફરે તો સારું લાગતું નથી."

ઓડ'ને દિલગીર અવાજે કહ્યું, "એ ચાલ્યો ગયો હોત તો સારું હતું. પણ એને લઈ જવામાં તમારે માટે જોખમ વધારે છે."

"એને રસ્તામાં ફરતો જોવો એ ઠીક નથી;" પોતાના ભાઇના શબ્દોનો પડઘો પાડતાં વિલે કહ્યું, "એને અહીં જોવો એ લોકો માટે સારું નથી."

વિંટરે પૂછ્યું, "તમે એને લઇ જઇ શકશો? એ ચેતીને ચાલતો નથી."

"હા, એક રીતે તો એ ચેતેલો જ રહે છે. પણ ઘણું ખરું બાર વાગે તેને ઘેર એ ચાલ્યો જાય છે. અમે દીવાલ પાછળ હોઇશું. તેના બગીચાના પાણી તરફના નીચલા છેડા આગળ અમે એને પકડી લઇશું એમ હું ધારું છું. તેની હોડી ત્યાં બાંધેલી રહે છે. આજે એમાં જઈ અમે એને તૈયાર કરી રાખી છે."

ઓડ'ને ફરી કહ્યું. "એ કરવું ન પડે તો સારું. એમાં જોખમ વધારે છે. એ કંઈ ગડબડ કરે તો પહેરેગીરો આવી લાગે."

ટોમે કહ્યું, "એ ચૂં કે ચાં નહિ કરે ને એ દરિયામાં ગુમ થાય એ જ સારું છે. ગામના લોકો એને આંટી દે તો વળી વધારે ગોળીબારો થાય. ના, એ જલસમાધિ લે એ જ સારું છે."

મોલીએ ગૂંથણના સોયા હાથમાં લઇ પૂછ્યું, "તમે એને હોડીમાંથી ફેંકી દેશો?"

વિલ જરા શરમાયો. "એ દરિયાનો સ્વાદ ચાખશે એટલું જ." ને મેયર તરફથી ફરી તેણે પૂછ્યું, "આપે અમને મળવા બોલાવ્યા હતા?"

"હા, મારે થોડી વાત કરવી છે. ડૉ. વિંટર ને હું એમ વિચાર કરતા હતા કે—ન્યાય, અન્યાય, વિજયની આટલી બધી વાતો થાય છે. આપણા દેશ પર આક્રમણ થયું છે એ ખરું પણ આપણે પરાજિત થયા છીએ એમ હું નથી માનતો. આપણા પર ચડાઇ થઇ છે પણ જીત થઇ નથી."

દરવાજા પર એક સ્પષ્ટ ટકોરો થયો ને ઓરડો શાન્ત બની ગયો. મોલીના સોયા અટકી પડયા, ને મેયરનો લંબાવેલો હાથ હવામાં જ રહ્યો. ટોમ કાન ખંજવાળતો હતો ને તેનો હાથ ખંજવાળ્યા કરતો ત્યાં જ રહી ગયો. ઓરડામાંનાં દરેક જણનું હલનચલન અટકી ગયું ને દરેકની નજર બારણા પર સ્થિર બની રહી. ને પહેલાં આસ્તે ને પછી મોટો થતો જતો પહેરેગીરોનો પગરવ, બરફમાં તેમનાં બુટનાં ચમચમ ને પાસેથી પસાર થતાં ચાલતી વાતચીતનો અવાજ આવ્યો. તેમણે દરવાજો વટાવ્યો ને પગરવ અંતરમાં વિલીન થઇ ગયો. દરવાજા પર બીજો ટકોરો થયો ને ઓરડાની તંગ દશા છૂટી.

ઓર્ડને કહ્યું, "બહાર એનીને બહુ ઠંડી લાગતી હશે." કોચ પરથી તેણે પોતાનો ડગલો લીધો ને વચ્ચેનું બારણું ઉઘાડી તેણે એ લંબાવ્યો ને કહ્યું, "એની, ખભા પર વીંટી લે." કહી બારણું બંધ કર્યું.

"એના વિના હું શું કરત તે મને સમજાતું નથી." તેણે ઉમેર્યું. "એ બધે પહોંચી જાય છે, બધું જુએ છે ને બધું સાંભળે છે."

ટૉમે કહ્યું, "અમારે હમણાં જ ઊપડવું પડશે, સાહેબ."

ને વિંટરે કહ્યું, "તમે કોરેલનું માંડી વાળો તો સારું એમ મને લાગે છે."

"નહિ માંડી વળાય. રસ્તામાં એને જોવો એ સારું નથી." ટૉમે ફરીને કહ્યું, ને મેયર તરફ પ્રશ્ન પૂછતો હોય તેમ તેણે જોયું.

ઑર્ડને આસ્તેથી શરૂ કર્યું, "મારે સીધી સાદી જ વાત કરવાની છે. આ એક નાનું ગામ છે ને ન્યાયાન્યાય નાની બાબતોને હિસાબે હોય છે. તમારા ભાઈને ઠાર કરવામાં આવ્યો છે ને ઍલેકસ મૉર્ડન ઠાર થયો છે. દ્રોહ કરનારનું વેર લેવાયું. લોકોને રોષ ચડ્યો છે પણ સામે લઢવાનો તેમની પાસે માર્ગ નથી. પણ એ બધું નાની બાબતોને હિસાબે છે. લોક સામે લોક લડે છે, ભાવના સામે ભાવના નહિ."

વિંટરે કહ્યું, "એક દાક્તર વિનાશની વાત કરે એ વિચિત્ર છે પણ મને લાગે છે કે જે જે દેશ પણ આક્રમણ થયું છે ત્યાંના લોકો ચડાઇ કરનારાઓ સામે થવા ચાહે છે. આપણી કને શસ્ત્રો નથી; આપણો જુસ્સો કે આપણાં શરીર પૂરતાં નથી. હથિયાર વિનાના માણસનો જુસ્સો હેઠો પડે છે."

વિલ ઍંડર્સે પૂછ્યું, "આ બધું શાને સારું કહો છો

જી? અમારે શું કરવાનું છે?"

"આપણે ચડાઈ કરનારાઓ સામે લડવું છે પણ લડી શકતા નથી." ઓર્ડને કહ્યું. "લોકોના ભૂખમરાનો એ અત્યારે ઉપયોગ કરે છે. ભૂખથી નિર્બળતા આવે છે. તમે જુવાનિયા દરિયાપારને દેશ જાઓ છો. તમારું કદાચ કોઈ સાંભળશે નહિ પણ અમારા તરફથી—એક નાના ગામ તરફથી—ત્યાંના લોકોને કહેજો કે અમને હથિયાર આપે."

ટોમે પૂછ્યું, "આપને હથિયાર જોઈએ છે?"

વળી દરવાજા પર એક જલદી ટકોરો થયો ને હતાં ત્યાં ને ત્યાં જ લોકો થીજી ગયા; ને બહારથી પહેરેગીરોનાં પગલાંનો અવાજ આવ્યો, પણ એવડી ગતિથી એ દોડતા હોય તેવો. વિલ જલદી દરવાજા પાસે પહોંચી ગયો. દોડતાં પગલાં ઘર નજીક આવી લાગ્યાં. હુકમો છૂટયા તે આછા આછા સંભળાયા ને પહેરેગીરો પાછા દોડવા લાગ્યા ને દરવાજા પર બીજો ટકોરો થયો.

મૉલીએ કહ્યું, "એઓ કોઈની પાછળ પડ્યા લાગે છે. આ ફેરે કોણ જાણે કોણ હશે."

"અમારે હવે જવું જોઈએ." ટોમે અસ્વસ્થ થતાં કહ્યું. "ને સાહેબ તમારે બંદૂકો જોઈએ છે? અમે એ માગીએ?"

"ના, એમને અહીંની પૂરી હાલત કહેજો. આપણા પર સખ્ત જાપતો છે. આપણે કંઈ પણ કરીએ કે સોગણી સજા થાય છે. આપણને જો સાદાં છૂપાં રહે તેવાં શસ્ત્રો મળી શકે

તો સારું, રેલવે ઉડાવી દે તેવો દારૂગોળો, કે ફેંકવાના "ગ્રેનેડ" કે છેવટ ઝેર પણ." ગુસ્સામાં મેયરે ચલાવ્યે રાખ્યું. "આ કંઇ ધર્મયુદ્ધ નથી. આ તો દગલબાજી ને ખૂનની લડાઇ છે. આપણી સામે જે આયુધો વપરાય છે એ જ આપણે વાપરવાં પડશે. દેશ પરનાં વિમાનો ભલે મોટા બોંબ ખાણો ને બંદર પર નાખે પણ જો નાના નાના બોંબ પણ નાખે તો તેને આપણે વાપરી શકીએ, છુપાવી શકીએ ને ટેંક ને રેલવે નીચે નાખી શકીએ. ત્યારે જ આપણે શાસ્ત્રસજ્જ થઇશું, ને છૂપી રીતે. ને પછી ચડાઇ કરનારને ખબર નહિ પડે કે કોની પાસે શાસ્ત્ર છે. વિમાનો નાનાં, સાદાં શસ્ત્રો ફેંકી જાય એમ કહેજો. એને કેમ વાપરવાં એ આપણે જોઇશું."

વિંટરે કહ્યું, "એમને ખબર નહિ પડે કે ફટકો ક્યાં ને ક્યાંથી આવવાનો છે. સિપાહીઓ ને પહેરેગીરોને ભાન નહિ હોય કે કોની પાસે હથિયારો છે."

ટોમે કપાળ લૂછતાં કહ્યું, "અમે છટકી જવા પામીશું તો તેમને કહીશું—પણ સંભળાય છે કે દરિયાપરના લોકોમાં સત્તાવાળા હજી એવા લોકો છે જેઓ સામાન્ય માણસોના હાથમાં હથિયાર મૂકવા માગતા નથી."

ઑર્ડને તેની સામે જોઇ રહી કહ્યું, "એ મારા ખ્યાલ બહાર ગયું. પણ જોઇએ. એવા માણસો એ દેશોમાં શાસન કરતાં હોય તો દુનિયાનું આવી બન્યું સમજવું. એઓ સાંભળવા તૈયાર હોય તો આપણે જે કહીએ છીએ તેની

તેમને વાત કરજો. આપણને મદદ જોઈશે જ. ને એ મળી ....” એ કહેતાં કહેતાં તેનો ચહેરો સખત બન્યો, ‘ને એ મળી તો પછી જોઈ લઈશું, એ છે ને આપણે છીએ.”

વિંટરે કહ્યું, “અરે સંતાડી શકાય કે, ને વખત પડે વાપરવા જમીનમાં દાટી શકાય તેવા સુરંગો એ આપે ને તો ચડાઈ કરનારને કદી નિરાંત નહિ વળે. તેના માલબાલ બધું ઉડાવી દઈશું.”

ઓરડામાં ઉશ્કેરાટ વ્યાપી ગયો. મોલીએ ઝનૂનથી કહ્યું, “પછી એના આરામ સામે ટક્કર ઝીલીશું. તેની ઊંઘ સામે, તેની નિશ્ચિતતા સામે, તેની શાન્તિ સામે બાથ ભીડીશું.”

વિલે આસ્તેથી પૂછ્યું. “એટલું જ કે સાહેબ?”

“હા.” ઓર્ડને કહ્યું. “એમાં ગર્ભ આવી ગયો.”

“તે અમારું ન સાંભળે તો?”

“અજમાવી જોશું, આજે જેમ દરિયો અજમાવો છો તેમ.”

“બીજું કંઈ, સાહેબ?”

બારણું ઊઘડયું ને એની ચુપકીદીથી અંદર આવી. ઓર્ડને કહ્યું, “બસ એટલું જ. ને હવે તમારે જવું હોય તો એનીને જઈને રસ્તો સલામત છે કે કેમ તે જોઈ આવવા દો.”

તેણે ઊંચું જોયું ને એનીને અંદર આવેલી દીઠી. એનીએ કહ્યું, “કોઈ સિપાહી અંદર આવતો લાગે છે. પહેલાં અહીં હતો એના જેવો દેખાય છે. મોલી સાથે પહેલાં એક સિપાહી અંદર હતો.”

બીજાઓએ મોલી સામે જોયું એનીએ કહ્યું, “મેં દરવાજાને અંદરથી ઉલાળો મારી બંધ કરી દીધો છે.”

"એને શું જોઇએ છે?" મોલીએ પૂછ્યું, "એ પાછો શું કામ આવે છે?"

બહારના દરવાજા પર આસ્તેથી ટકોરા થયા. ઓર્ડને મોલી પાસે જઈ પૂછ્યું, "આ શું છે, મોલી? કંઇ આફતમાં છે?"

"ના, ના, પાછલે બારણેથી બહાર નીકળો. ત્યાંથી બહાર નીકળી જવાશે. ઝટ કરો, ઝટ."

દરવાજા પર ટકોરા ચાલુ રહ્યા. કોઈ પુરુષના અવાજે આસ્તેથી પુકાર્યું. મોલીએ રસોડાનું બારણું ઉઘાડયું ને કહ્યું, "જલદી કરો."

મેયરે તેની સામે જઈ પૂછ્યું, "કંઇ આફતમાં છે, મોલી? કંઈ કરી બેઠી નથી ને?

એનીએ ઠંડકથી કહ્યું, "એ જ સિપાહી લાગે, છે, પહેલાં અહીં એક હતો."

"હા." મોલીએ કહ્યું. "પહેલાં અહીં એક સિપાહી હતો."

મેયરે પૂછ્યું, "એને શું જોઇતું હતું?"

"મારી સાથે તેને પ્રેમ કરવો હતો."

"પણ કર્યો નહિ ને?" ઓર્ડને કહ્યું.

"ના," મોલીએ કહ્યું. "પણ હવે ભલા થઇને જાઓ, હું ધ્યાન રાખીશ."

ઓર્ડને કહ્યું, "મોલી, મુસીબતમાં હોય તો અમને મદદ કરવા દે."

"મારે સાથે જે મુસીબત છે તેમાં કોઇ મદદ કરી શકે તેમ નથી, આવજો." કહી તેણે તેમને બહાર મોકલ્યા.

એની પાછળ રહી. મોલી સામે જોઈ તેણે પૂછ્યું, "મોલી,

આ સિપાઇને શું કામ છે?"

"એને શું કામ છે તેની મને ખબર નથી."

"એને કંઈ કહેશો?"

"ના." અજાયબીમાં મોલીએ ફરી ઉચ્ચાર્યું. "ના." ને પછી પાછું તીણે અવાજે ઉમેર્યું, "ના એની, ના."

એનીએ ધ્રુજતા અવાજે કહ્યું, "એને કંઈ કહેવું સારું નથી." ને બહાર જઇ પોતાની પાછળ બારણું બંધ કર્યું.

મુખ્ય દરવાજા પર ટકોરા ચાલુ જ રહ્યા ને ત્યાંથી એક માણસનો અવાજ આવતો હતો.

મોલી વચ્ચેના દીવા પાસે ગઈ ને તેના પર બોજો ભારે હતો. દીવા સામે તેણે જોયું, ને ત્યાંથી પછી ટેબલ સામે; ને તેના ગૂંથણની પાસે પડેલી મોટી કાતર પર તેની નજર ઠરી. વિચારમાં ને વિચારમાં તેનાં પાનાં આગળથી તેણે એ ઊંચકી. આંગળામાંથી તેનાં પાનાં નીચે સર્યાં ને છરીના જેમ તેને એ પકડી રહી; ને તેની આંખો ત્રાસ વર્તાવતી હતી. દીવા સામે તેણે જોયું ને તેનો પ્રકાશ તેના મોં પર ફરી વળ્યો. ધીમેથી તેણે કાતરને પોતાના પોશાકની અંદર મૂકી દીધી.

દરવાજા પર ટકોરા ચાલુ જ હતા. તેને બોલાવવાનો અવાજ તેણે સાંભળ્યો. દીવા પર પળભર નમી તેણે તે હારી નાખ્યો. ઓરડામાં અંધારું થઈ ગયું. માત્ર સગડીના અંગારાની લાલ જ્યોત જળી રહી હતી. તેણે બારણું ઉઘાડ્યું. તેનો અવાજ તંગ પણ મધુર હતો. "આ આવી, લેફ્ટેનંટ, આ આવી."

પ્રકરણ સાતમું

અંધારી, સ્વચ્છ રાત્રિમાં સફેદ, અર્ધક્ષીણ ચન્દ્રનું તેજ થોડું જ પડતું હતું. સૂકો વાયુ બરફ પર સરસરાટ પસાર થઈ જતો અથવા ધ્રુવનાં બિન્દુથી ઠંડો પવન આસ્તેથી ને સતત ફૂંકાતો. જમીન પર રેતી જેવા સૂકા બરફના ઢગ ચઢ્યા હતા. બાજુ પર ચડાવી દીધેલા બરફની વચ્ચે ઘરો સંતાતાં હતાં ને ઠંડી સામે બારીઓ બંધ રહેતી હતી; ને અંદરના આતશમાંથી આછો આછો ધુમાડો ઉપર ચડતો હતો.

શહેરમાં પગથારો પર બરફ સખત જામી ગયો હતો. રસ્તા છેક જ શાન્ત હતા; માત્ર બિચારા ધ્રૂજતા પહેરેગીરો જતા તેનો અવાજ આવતો. રાતમાં મકાનો કાળાં દેખાતાં ને સવારમાં તેની અંદર થોડી ઉષ્મા રહેલી લાગતી. ખાણમાં જવાના દ્વાર આગળ ચોકીદારો આકાશ પર નજર રાખતા, ને તે તરફ પોતાનાં યંત્રો ફેરવતા, સાંભળવાનાં યંત્રો પણ તે જ દિશામાં ફેરવતા કેમકે બોંબ–વરસાદ સારુ રાત ચોખ્ખી હતી. આવી રીતે એ પીંછાવાળા પોલાદી ગોળા સુસવાટ કરતા નીચે આવતા ને જંગી અવાજ સાથે ટુકડા થઈ ઊડી રહેતા.

આજે આકાશમાંથી જમીન બરાબર દેખાશે, જો કે ચંદ્રનો પ્રકાશ તો ઘણો ક્ષીણ હતો.

ગામના એક છેડા આગળ, નાનાં ઘરોમાં એક કૂતરો ઠંડી માટે ને એકલા પડવા માટે જાણે ફરિયાદ કરતો હતો. પોતાના દેવતા તરફ નાક ઊંચું કરી તે પોતાને લાગતાવળગતા જગતની વાતનો લાંબોચોડો હિસાબ આપતો હતો. ગળા પર તેને પ્રખર કાબૂ હતો ને બુલંદ સ્વરે ગાન ગજાવવાનો તેને સારો મહાવરો હતો. પહેરાના છ માણસોએ એ શ્વાન-સંગીત દુઃખી દિલે ચાલતાં ચાલતાં સાંભળ્યું ને એક સિપાઈએ કહ્યું, "દર રાતે એની હાલત વધારે ને વધારે ખરાબ થતી લાગે છે. એને ઠાર મારવો જોઈએ એમ મને લાગે છે."

ને બીજાએ પૂછ્યું, "શા વાસ્તે? એને ભસવા દો ને. એથી મને તો સારું લાગે છે. મારે ઘેર એક કૂતરો હતો તે ખૂબ જ ભસતો. હું એને સીધો કરી ન જ શક્યો. પીળો રેડ હતો. એના ભસવા સામે મને વાંધો ન હતો. બીજા કૂતરાઓને લઈ ગયા ત્યારે મારાને ય લઈ ગયા." નિશ્ચેષ્ટ અવાજે તેણે પૂરું કર્યું.

કૉરપોરલે કહ્યું, "ખોરાકની જરૂર હોય તે કૂતરા ખાઈ જાય તે કેમ પરવડે?"

"લે, હું કંઈ ફરિયાદ નથી કરતો. એ જરૂરનું જ હશે. નેતાઓની જેમ હું કંઈ યોજના કરી જાણતો નથી. તો યે નવાઈ તો એ છે કે આપણે છે એટલું ખાવાનું યે લોકો કને

નથી છતાં કેટલાક પાસે કૂતરા છે. જો કે કેટલા સુકાઈ ગયા છે; માણુસો ને કૂતરા સહુ !"

"એઓ મૂરખ છે." કોરપોરલે કહ્યું. "એટલે તો એટલા જલદી હારી બેઠા. આપણી જેમ તેમને યોજના ઘડતાં આવડતું નથી."

"આ પતી જશે પછી આપણે ત્યાં કૂતરાઓ હશે કે કેમ એમ મને થાય છે." સિપાહીએ કહ્યું, અમેરિકા કે ક્યાંકથી મંગાવી પાછી એની ઓલાદ શરૂ કરવી પડશે. અમેરિકામાં કેવાક કૂતરા હશે ?"

"એ ખબર નથી," કોરપોરલે કહ્યું, "બીજા બધાની જેમ ત્યાંના કૂતરા યે દીવાના હશે...ને કદાચ કૂતરા રાખવા તે સારું નહિ હોય. થોડાં તપાસણીનાં કામ માટે રાખ્યા સિવાય એની ખટખટ ન કરીએ એ જ સારું."

"અથવા એમ હોય." સિપાહીએ કહ્યું. "સાંભળ્યું છે કે નાયકને કૂતરા ગમતા નથી. એનાથી એને ખરજ ને છીંક ઉપડી આવે છે એમ સાંભળ્યું છે."

"બધી જાતની વાતો થાય." કોરપોરલે કહ્યું. "શ્ શ સાંભળો." પહેરો અટકી પડ્યો, ને દૂરથી વિમાનોનો ગુંજારવ સંભળાયો. એ આવ્યાં. ક્યાંય દીવા તો નથી, એ પહેલાં આવ્યાંને પખવાડિયું થયું ખરું ને ?"

"બાર દિવસ," સિપાહીએ કહ્યું.

ખાણ આગળના રક્ષકોએ વિમાનોનો ઊંચેથી આવતો

અવાજ સાંભળ્યો. "ઊંચે ઊડે છે." સાર્જંટે કહ્યું. ને કેપ્ટન લોફ્ટે પોતાની હેલ્મેટને ઊંચી કરી કે તેની કિનાર નીચેથી પોતે જોઈ શકે. "વીસ હજાર ફૂટથી વધારે હશે." તેણે કહ્યું. "આગળ જતાં લાગે છે."

"બહુ નથી તો." સાર્જંટે ધ્યાનથી સાંભળ્યું. "ત્રણથી વધારે નથી લાગતાં. ગોલંદાજોને બોલાવું ?"

"હોશિયાર છે કે નહિ તે જુઓ ને પછી કર્નલ લેન્સરને બો—ના, બોલાવશો નહિ. કદાચ અહીં નહિ આવતાં હોય. ઉપર તો આવી લાગ્યાં ને હજી ઘૂમરી તો ખાવા માંડયા નથી,"

"ચક્કર ચક્કર ફરતાં મને તો લાગે છે. બેથી વધુ નહિ હોય." સાર્જંટ કહ્યું.

બિછાનામાં લોકોએ વિમાનોના અવાજ સાંભળ્યા ને ધ્યાનથી કાન માંડયા. મેયરના મહેલમાં એના અવાજથી કર્નલ લેન્સરની ઊંઘ ઊડી ગઈ ને પડખું ફરી તેણે છત સામે જોયું; શ્વાસ થંભાવી દીધો કે વધારે ધ્યાનથી સંભળાય ને પછી તેના છાતીના ધબકારા એવા જોરથી થવા લાગ્યા કે શ્વાસ લેતાં સંભળાતું એટલું યે કાને ન પડયું. મેયર ઓર્ડને ઊંઘમાં જ વિમાન સાંભળ્યાં; તેનું એક સ્વપ્નું રચાયું: તેણે પાસું બદલ્યું ને ઊંઘમાં જ કંઈ ઉદ્‌ગારો કાઢયા.

હવામાં ઊંચે ઊંચે બેઉ વિમાનોએ ચકરી ખાધી ને યંત્રનો અવાજ બંધ કરી ગોળ ગોળ ફર્યા કર્યું; ને તે દરેકના પેકટમાંથી એક પછી એક સેંકડો નાની વસ્તુઓ પડી. થોડા ફૂટ સુધી એ

જોરથી પડતી રહી ને પછી નાની નાની છત્રીઓ ઊઘડી ને જમીન તરફ શાન્તિથી ને આસ્તે આસ્તે નાનાં પડીકાં ઊતરવા લાગ્યાં. વિમાનોએ યંત્રો ચાલુ કર્યાં ને વધુ ઊંચે ચઢ્યાં; ને પાછાં તે બંધ કરી ચક્કર લીધાં ને વળી વધારે વસ્તુઓ સરી પડી; ને પછી વિમાનોએ દિશા બદલી ને જ્યાંથી આવ્યાં હતાં તે તરફ એ ચાલ્યાં ગયાં.

ફૂલની પાંદડીઓની જેમ એ નાની છત્રીઓ લટકતી, અટકતી ઊતરતી હતી ને હવાથી એ બધી આજુબાજુ પથરાઇ ગઇ; ને બિયાંની જેમ છૂટી છવાઇ પથરાઇ જેમ તેમ એ વીખરાઇ ગઇ. એટલી આસ્તે એ ઊતરતી હતી ને એટલી શાન્તિથી નીચે પડી કે કોઇવાર સુરંગના દસ તસુનાં પાકીટો બરફમાં ઊભાં રહી જતાં ને તેની ઉપર નાની છત્રીઓ સંકેલાઇ પડતી. બરફની સામે એ શ્યામલ લાગતાં હતાં. સફેદ ખેતરોમાં ને ટેકરીઓની ઝાડીમાં ને ઝાડો ઉપર ને ડાળી ઉપર તે ઊતરી પડ્યાં. ગામના ઘરોનાં છાપરાં પર કેટલાંક ઊતર્યાં ને તે ઉપર શિરપેચની જેમ શોભી રહ્યાં.

એક છત્રી તો રસ્તામાં પહેરાવાળાની આગળ જ ઊતરી, ને સાર્જન્ટે કહ્યું, "હોશિયાર, વખત પર ફૂટે એવો બૉંબ છે."

"એટલો મોટો નથી." એક સિપાહીએ કહ્યું.

"તો ય એની પાસે જશો નહિ." સાર્જન્ટે ખિસ્સામાંથી બૅટરીની બત્તી કાઢી ને પહેલી વસ્તુ પર પ્રકાશ નાખ્યો. રૂમાલથી મોટી નહિ એવી આછા ભૂરા રંગની એક છત્રી

હતી ને તેની નીચે ભૂરા કાગળમાં વીંટેલું એક પડીકું હતું.

"કોઈ અડકશો નહિ એને." સાર્જંટે કહ્યું. "હેરી, ખાણ પર જા ને કેપ્ટનને બોલાવી લાવ; ત્યાંસુધી આ કમબખ્ત ચીજની અમે નજર રાખીશું."

મોડી મોડી ઉષા આવી ને લોકો ઘર બહાર નીકળવા લાગ્યાં ત્યારે બરફ ઉપરના ભૂરાં છાંટણાં તેમણે જોયાં. લોકોએ જઇ એને ઊંચકી લીધાં. ઉપરનો કાગળ ઉખેડી છાપેલા શબ્દો વાંચ્યા. એ બક્ષિસ જોઇને જેને જડેલાં તે સહુ માણસો છૂપું કામ કરવા લાગી ગયાં. ડગલાની અંદર એ ટેટા છુપાવવા લાગ્યાં ને છૂપી જગાએ જઈ તે સંતાડવા લાગી ગયાં.

ને એ આકાશી બક્ષિસની વાત બાળકોને કાને પડી ને તે ઢૂંઢવાની રમતમાં ઠેરઠેર ફરી વળ્યાં; ને કોઈ નસીબદાર બાળકને એ ભૂરો રંગ દેખાતો તો તરત દોડી, કાગળ છોડી, ટેટાને સંતાડતું માબાપને ખબર આપતું. કેટલાક લોકોને ધાસ્તી લાગતી, ને તેઓ લશ્કરને એ આપી દેતા. પણ એવા બહુ ન હતા; ને સિપાહીઓ તેની શોધમાં બધે ફરી વળતા પણ છોકરાઓ જેટલા એ ઢૂંઢવામાં કાબેલ ન હતા.

મેયરના મહેલના દીવાનખાનામાં એલેક્સ મોર્ડન મરાયો ત્યારે હતી તેમ જ ખુરસીઓ ટેબલની આસપાસ વેરાયલી પડી હતી. મેયરનો મહેલ હતો ને ઓરડાની જે રોનક હતી તે હવે ન હતી. ભીંતે અડાડેલી ખુરસી વિનાની દીવાલો અડવી લાગતી હતી. ટેબલ પર વેરવિખેર કાગળિયાં પડેલાં હતાં તેથી ઓરડો

કોઈ ધંધાની ઑફિસ જેવો લાગતો હતો. અગ્નિસ્થાન ઉપરની ઘડિયાળમાં નવ વાગ્યા. દિવસ અંધારિયો હતો ને વાદળાં ઘેરાયેલાં હતાં કેમકે ઉષાની સાથે હિમનાં વાદળ ખેંચાઈ આવ્યાં હતાં.

મેયરના ઓરડામાંથી ઍની બહાર આવી: ટેબલ પાસેથી પસાર થતાં તેણે ત્યાં પડેલાં કાગળિયાં પર નજર કરી. કૅપ્ટન અંદર આવ્યો ને ઍનીને જોઈ બારણાં આગળ થંભી ગયો.

"અહીં શું કરે છે?" તેણે પૂછ્યું.

ઍનીએ ચીડમાં કહ્યું, "હા જી."

"અરે મેં કહ્યું કે અહીં શું કરે છે?"

"જરા સાફસૂફ કરતી'તી, સાહેબ."

"રહેવા દે બધું ને અહીંથી જા."

અને ઍની "જી, હા." કહી, માર્ગ મળે તેની રાહ જોઈ, બહાર નીકળી ગઈ.

કૅપ્ટન લૉફ્ટે બારણામાં પાછળ ફરી કહ્યું, "બરાબર છે, અંદર લાવ." તેની પાછળ એક સિપાહી અંદર આવ્યો: ખભા પર તેની બંદૂક ટીંગાડેલી હતી ને તેના હાથમાં કેટલાંય ભૂરાં પાર્સલો હતાં; ને તેને છેડેથી નાની દોરીઓ અને ભૂરા વસ્ત્રના ટુકડા લટકતા હતા.

"એને ટેબલ પર રાખ." લૉફ્ટે કહ્યું ને ક્રમને સિપાહીએ એ નીચે મૂક્યાં. "હવે ઉપર જા ને કર્નલ લેન્સરને જાહેર કર કે હું આવી ગયો છું—ને પેલી ચીજો પણ." સિપાહી લશ્કરી

ઢબમાં પાછો ફર્યો ને ઓરડાની બહાર ગયો.

લૉફટે ટેબલ પાસે જઈ એક પડીકું ઉપાડયું ને તેના મોં પર અરુચિનો ભાવ હતો. કપડાંની નાની છત્રીને તેણે ઊંચકી જોઈ, માથા પર ધરી રાખી ને તેને નીચે પડવા દીધી. છત્રી ઊઘડી ને પાર્શટ જમીન પર નીચે સરી આવ્યું. તેણે એને પાછું ઊંચું કર્યું ને ફરી તપાસી જોયું.

પાછળ મેજર હંટર ને હંટર આગળ કર્નલ લૅન્સર ઓરડામાં એકદમ દાખલ થયા. પીળા કાગળનો એક ટુકડો હંટરના હાથમાં હતો. લૅન્સરે કૅપ્ટન પ્રત્યે શુભેચ્છા બતાવી, ને ટેબલને મથાળે જઈ ખુરસી લીધી. ટેટાની નાની હાર તરફ પળવાર જોઈ, એકને હાથમાં લઈ તેણે કહ્યું, "આને ચકાસી જોયું છે? બેસો ને, હંટર."

હંટરે ખુરસી ખેંચી ને હાથમાંના પીળા કાગળ તરફ જોયું ને કહ્યું, "બહુ ધ્યાનથી નહિ. પાંચ ગાઉની અંદર ત્રણ જગ્યાએ પાટા તૂટેલા છે."

"હવે આને જુઓ, ને શું ધારો છો તે કહો."

હંટરે એક ટેટાને લઈ ઉપરનું ઢાંકણુ ખેંચી જોયું તો અંદર એક નળી પાસે એક બીજું પડીકું હતું. હંટરે છરી લઈ નળીને અંદરથી તોડી. કૅપ્ટન લૉફટે તેના ખભા ઉપરથી જોયા કર્યું. પછી હંટરે કાપેલી જગ્યાએ સૂંઘી જોયું; આંગળાંને ઘસી જોયાં ને કહ્યું, "રમત જેવું છે. સુરંગનો દારૂ છે." "નાઇટ્રોગ્લીસરીન"ના કેટલા ટકા છે તે ચકાસ્યા વિના ખબર

ન પડે." છેડાને બરાબર તપાસી તેણે ઉમેર્યું, "એની ટેટા જેવી ટોપી તો બરાબર છે. પારો, ફોડવાની વાટ* બધું છે. એક મિનિટવાળો લાગે છે." ટેબલ પર નળીને ફેંકતાં તેણે કહ્યું, "બહુ સસ્તો ને સાદો માલ છે."

કર્નલે લોફ્ટ સામે જોયું. "કેટલાંક પડ્યાં હશે એમ તમને લાગે છે?"

"ખ્યાલ નથી, સાહેબ." લોફ્ટે કહ્યું. "અમને પચાસેક મળ્યાં, ને નેવું જેટલાં છત્રીમાં ઊતર્યાં. કોણ જાણે કેમ લોકો નળીઓ લઈ લે છે ને છત્રી રહેવા દે છે ને ઘણાં તો હજી આપણને મળ્યાં નહિ હોય."

લૅન્સરે હવામાં હાથ ફેરવી કહ્યું, "એની ફિકર કરવા નહિ. એમને ફેંકવા હોય તેટલાં ફેંકે. આપણે ફેંકી એ અટકાવી નહિ શકીએ, ને એની સામે એ વાપરી નહિ શકીએ. એમણે કોઈ પર વિજય મેળવ્યો ક્યાં છે?"

"આપણે તેમને દુનિયાની સપાટી પરથી ઝાંકી કાઢી શકીએ તેમ છીએ." લોફ્ટે જુસ્સાથી કહ્યું.

હંટરે હજી નળીની તાંબાની ટોપીની તપાસ ચાલુ રાખી હતી ને લૅન્સરે કહ્યું, "હા, આપણે કાઢી શકીએ તો ખરા. હંટર, આ ઉપરનું વીંટાળેલું તમે જોયું?"

"ના, હજી મને વખત નથી મળ્યો."

"આ તો એક જાતની શયતાનિયત છે." કર્નલ લૅન્સરે

* "ફ્યુઝ."

કહ્યું. "ઉપરનું આ ભૂરું છે એટલે બરાબર દેખાય. બહારનો કાગળ ઉખેડો કે આ" ને તેણે એક ટુકડો હાથમાં લીધો. "આ ચૉકલેટ છે. બધાય તેની શોધ કરશે. અરે આપણા જ સિપાહીઓ ચૉકલેટ ઉડાવતા હશે; ને છોકરાં તો તેને રમત સમજી ખૂબ જ ખોળશે."

એક સિપાહી અંદર આવ્યો ને કર્નલ આગળ એક પીળા કાગળનો ટુકડો મૂકી ચાલતો થયો. લૅન્સરે એની સામે જોઈ સખતાઈથી હાસ્ય કર્યું. "લો, આ તમારું કંઈ આવ્યું, હંટર. તમારા પાટામાં પાછું બે જગ્યાએ ભંગાણ પડ્યું."

તાંબાની ટોપી તપાસતાં ઊંચું જોઈ હંટરે પૂછ્યું, "આ તે ક્યાં ક્યાં છે? શું બધે જ ફેંક્યા છે?"

લૅન્સરને ગૂંચવણ થઇ. "હા, એ વિચિત્ર તો છે. મેં દેશમાં વાત કરી. એ લોકોએ ફક્ત આ ઠેકાણે જ નાખ્યાં છે."

"તમને શું લાગે છે?" હંટરે પૂછ્યું.

"એ કહેવું મુશ્કેલ છે. અહીં જાણે અખતરો થતો લાગે છે: જો અહીં એ ફાવશે તો પછી બીજે બધે વાપરશે ને નહિ ફાવે તો પંચાત નહિ કરે."

"તમે શું કરવાના છો?" હંટરે પૂછ્યું.

"દેશમાંથી તો એવો હુકમ છે કે આને કોઈ પણ ઉપાયે અહીં જ દાબી દેવું કે બીજે ક્યાંય એ લોક ફેંકે નહિ."

હંટરે કરુણ અવાજે કહ્યું. "રેલવેનાં પાંચ ભંગાણ તે હું કેમ કરી સરખાં કરીશ? પાંચ ભંગાણ સાંધવાના પાટા જ

મારી પાસે હાલ નથી."

"થોડાં જૂનાં સાઈડીંગ તમારે ઉખેડી નાખવાં પડશે એમ લાગે છે." લેન્સરે કહ્યું.

"બહુ બેહૂદો રસ્તો થશે એ તો." હંટરે કહ્યું.

"ગમે તેમ તો યે રસ્તો તો થશે ને."

પોતે છુટ્ટી પાડેલી નળીને હંટરે બીજી સાથે ફેંકી ને લોફ્ટે વચ્ચે કહ્યું, "સાહેબ, આ પ્રમાણે તરત જ અટકાવી દેવું જોઈએ. લોકો એ વાપરે તે પહેલાં તેના ઊંચકનારાઓને આપણે પકડી સજા કરવી જોઈએ. આપણે એ પર ખૂબ મચી કહેવું જોઈએ કે આપણી નબળાઈ છે એમ એ લોકો ન માને."

લેન્સરે તેની સામે સ્મિત કર્યું ને કહ્યું, "જરા આસ્તે કેપ્ટન. પહેલાં એ શું છે એ તો જોઈએ ને પછી તેના ઉપાયનો વિચાર કરીશું."

ઢગલામાંથી તેણે એક પડીકું ઉપાડયું ને તે ખોલી જોયું, ચોકલેટનો નાનો ટુકડો લઈ તેણે ચાખી જોયો ને કહ્યું, "આ શયતાની કામ છે ને ચોકલેટ પણ સારી છે. હું પોતે તે ખાધા વગર રહી શકતો નથી. શોધખોળનું એ ઇનામ છે." ને પછી સુરંગનો ટેટો લઈ તેણે પૂછ્યું, "ખરેખર, આ માટે શું ધારો છો, હંટર?"

"મે કહ્યું એ જ. બહુ સસ્તો માલ છે ને નાના કામ માટે બહુ ઉપયોગી છે. ટોપીવાળો ટેટો ને એક મિનિટની ફોડવાની

વાટ, કેમ વાપરવાં એ ખબર હોય તો સારી ચીજ છે. ખબર ન હોય તો નકકામી."

લેન્સરે વીંટવાના કાગળ પરનું લખાણ તપાસ્યું. "આ વાંચ્યું છે?"

"ઉપર ઉપરથી જોયું છે."

"મેં તો વાંચ્યું છે ને ધ્યાન દઇને સાંભળો એમ ચાહું છું." લેન્સરે કહ્યું. ને કાગળમાંથી વાંચવા માંડયું, "અજિત પ્રજાને; આ સંતાડી દો, છતાં ન થાઓ. આની તમને અગાઉ ઉપર જરૂર પડશે. તમારા દોસ્તો તરફથી આ તમને ભેટ છે ને તમારા તરફથી ચડાઈ કરનારાઓને ભેટ થશે. એનાથી બહુ મોટાં કામ કરવા નહિ મથતા." થોડું થોડું છોડતા કર્નલે આગળ વાંચ્યું, આ સાંભળો. 'દેશમાંના પાટા અને 'રાતે કામ કરો' ને 'વાહન વ્યવહારને થોભાવી દો.' ને આ સૂચનાઃ "પાટા. સાંધાની નજીક પાટા નીચે ટેટાને મૂકો ને એને જોરથી બાંધી દો. એની બાજુએ કાદવ કે બરફ દાબી દો કે ચસે નહિ. સળગવ.ની વાટ ચેત્યા પછી આસ્તેથી સાઠ ગણાય તેટલામાં ધડાકો થશે."

એણે હંટર સામે જોયું ને હંટરે ફક્ત કહ્યું. "એ બરાબર છે." ને લેન્સરે પાછું કાગળમાં જોઈ, થોડું છોડી વાંચ્યું, 'પૂલો પોચા કરી દો, ઉડાવી ન દો,' ને અહીં 'વીજળીના થાંભલા' 'ને ગરનાળાં' 'ગાડીઓ." ભૂરા કાગળને તેણે નીચે મૂકયો. "લો, આમ બાબત છે."

લોફ્ટે ગુસ્સામાં કહ્યું, "આપણે કંઈક કરવું જ જોઈએ. આને દબાવવાનો રસ્તો હોવો જ જોઈએ. થાણાવાળા શું કહે છે?"

લૅન્સરે હોઠ બીડયા ને આંગળાથી નળીને પસવારતાં કહ્યું, "કહે તે પહેલાં જ શું કહેશે તે મેં જણાવ્યું હોત. આ રહ્યા હુકમો—"પકડવાની જાળ રાખો ને ચોકલેટમાં ઝેર નાખો." ઘડીભર અટક્યા તેણે કહ્યું, "હંટર, હું સારો વફાદાર માણસ છું પણ કોઈ વાર જ્યારે થાણાના અક્કલમંદ ખ્યાલો હું સાંભળું છું ત્યારે ઇચ્છી જવાય છે કે લશ્કરમાં ન હોત ને એક પુરજન હોત—પાંગળો પુરજન હોત તો સારું. બેવકૂફોની સાથે વર્તતા હોય એમ જ તેઓ હંમેશાં ધારે છે. જો કે આનાથી જ એમની અકકલનું માપ નીકળે છે એમ કહેવા નથી માગતો!"

"નથી માગતા?" હંટરને જરા ગમ્મત પડી.

લન્સરે સ્પષ્ટતાથી કહ્યું, "ના, નથી માગતો. પણ શું થશે? એકાદ માણસ એને ઊંચકશે ને આપણી જાળથી તેના ફૂરચા ઊડી જશે. એકાદ બાળક ચોકલેટ ખાશે ને ઝેર ચઢવાથી મરી જશે, ને પછી શું?" પોતાના હાથ સામે જોઈ તેણે ચલાવ્યું. "એને પહેલાં લાકડીથી તપાસી જોશે, અથવા દોરડાંથી ફાંસો નાખશે ને પછી તેને અડકશે. ચોકલેટ ખાતાં પહેલાં બિલાડીને આપી જોશે. અરે, આ તો અકકલવાળા લોકો છે. બાલિશ જાળોથી બીજી વાર છેતરાશે નહિ."

લૉફ્ટે ખોંખારો ખાધો. "સાહેબ, હિમ્મત હારી ગયેલાની જેમ આપ વાત કરો છો." તેણે કહ્યું. "આપણે કંઈક કરવું જ જોઈએ. આપ એમ કેમ ધારો છો કે એને ફક્ત ફેંકવામાં આવે છે?"

ને લેન્સરે કહ્યું, "એમાંથી એક કારણસર: કાં તો આ ગામને અદ્ધર પસંદ કરવામાં આવ્યું હશે અથવા આ લોકો બહારની પ્રજા જોડે સંદેશા ચલાવે છે. કેટલાક જુવાનિયા છટકી ગયા છે તે આપણે જાણીએ છીએ."

લૉફ્ટે એનું એ જ ઉચ્ચાર્યું, "આપણે કંઈક કરવું જ જોઈએ."

લેન્સરે તેના તરફ ફરીને કહ્યું, "લૉફ્ટ, મને લાગે છે કે "જનરલ સ્ટાફ" ને માટે તમારી ભલામણ કરું. શી ગુંચ છે એ જાણ્યા પહેલાં તો તમે એ ઉકેલવા માંડો છો. આ નવી જાતનો જીત છે. પહેલાં તો લોકોનાં શસ્ત્રો લઈ લેવાં ને તેમને અજ્ઞાન રાખવાં એ બની શકતું. પણ હવે તો એ રેડીઓ સાંભળે છે ને આપણે તેને અટકાવી શકતા નથી. એ રેડીઓ ક્યાં છે તે પણ આપણને ખબર પડતી નથી."

એક સિપાઈએ દરવાજામાંથી ડોકિયું કર્યું, "મિ. કોરેલ આપને મળવા આવ્યા છે, સાહેબ."

"એને કહો બેસે." લેન્સરે કહ્યું. ને લૉફ્ટને ઉદ્દેશી ચાલુ રાખ્યું, "આ પત્રિકાઓ તેઓ વાંચે છે. એમને સારુ આકાશમાંથી આયુધો ઊતરે છે. હજી તો સુરંગ છે, કેપ્ટન.

પછી હાયપેનેક્ આવશે, ને પછી ઝેર."

લૉફ્ટે સચિંત બની કહ્યું, 'ઝેર તો હજી ફેંક્યું નથી. સાહેબ."

"ના, પણ એઓ ફેંકશે. તમે ખ્યાલ કરો કે એ લોકોના હાથમાં નાનાં નાનાં તીર આવે, ને તેની અણી પર હલાહલ ઝેર હોય, ને આવતાં એ પણ સંભળાય નહિ ને કશા અવાજ વગર આપણાં કપડામાં પેસી જાય તો સિપાહીઓના ને તમારા વિશ્વમાં કેટલું ભંગાણ પડે ? ને સોમલ પણ આવેલું છે એમ આપણા માણસોને ખબર પડે તો ? તમે કે એ નિરાંતે ખાઈ પી શકો ખરા ?"

હંટરે શુષ્ક અવાજે પૂછ્યું, "તમે દુશ્મનની લડાઈ દોરો છો, કર્નલ ?"

"ના, હું તે કેવી હશે તેનો ખ્યાલ કરું છું."

લોફ્ટે કહ્યું, "સુરંગની શોધ પર લાગી જવું જોઈએ તેને બદલે આપણે બેઠા બેઠા વાતો કરીએ છીએ. આ લોકોમાં કોઈ સંસ્થા હોય તો આપણે તેને ખોળી કાઢવી જોઈએ ને નાબૂદ કરવી જોઈએ."

'હા." લેન્સરે કહ્યું. "સદંતર નાબૂદ કરવી જોઈએ. લોફ્ટ, એક વિગત લો, ગ્રેકલને એક આપો. આપણી પાસે નાના અફસરો વધારે હોત તો તે સારુ ટોંડરના મોતથી આપણને જરાય ફાયદો ન થયો. એ ગૌરાંથી અળગો કેમ ન રહી શક્યો ?"

"લેફ્ટેનંટ પ્રેકલની કામ કરવાની રીત મને પસંદ નથી. સાહેબ." લોફ્ટે કહ્યું.

'એ શું કરે છે?'

"કંઈ જ નહિ. પણ તે ઉદ્વેગમાં ને ઉત્કંઠામાં રહ્યા કરે છે."

"હા." લેન્સરે કહ્યું, "હું જાણું છું. મેં ઘણીવાર એ વિશે વાત કરી છે. તમને ખબર છે કે એ બાબત બોલ્યા કર્યું ન હોત તો હું મેજર–જનરલ હોત. આપણે આપણા તરુણોને વિજયને માટે કેળવ્યા ને વિજય પ્રાપ્ત થતાં એ ઝળકી ઊઠે છે; પણ પરાજયમાં કેમ વર્તવું એની તેમને ખબર નથી. આપણે એમને કહેતા કે બીજા જુવાનિયાઓ કરતાં તેઓ વધારે બુદ્ધિશાળી ને બહાદુર છે. ને તેઓ જ્યારે જાણે છે કે બીજા કરતાં તેમનામાં બુદ્ધિ કે બહાદુરી વધારે નથી ત્યારે તેમને આઘાત થાય છે."

લોફ્ટે સખતાઈથી કહ્યું, 'પરાજય એટલે આપ શું કહેવા માગો છો? આપણે હાર્યા નથી."

વિનયના સંબોધનની ગેરહાજરી જોઈ લેન્સરે તેની સામે પળવાર એક શીતળ નજર નાખી ને કશું કહ્યું નહિ ને લોફ્ટની આંખ તે જીરવી ન શકી ને તેણે એ શબ્દ ઉમેર્યો, "સાહેબ."

ને લેન્સરે કહ્યું, "પાડ તમારો."

"સાહેબ, બીજાઓ પાસેથી તો આપ એ નથી માગતા."

"એમને એનો વિચાર જ નથી આવતો એટલે એમાં

અપમાન નથી. એ જ્યારે છોડી દેવાય ત્યારે અપમાનકારક બને છે."

"જી સાહેબ." લોફ્ટે કહ્યું.

"જાઓ હવે, ને પ્રેકલને હાથમાં રાખવા મથો. તમારી તપાસ શરૂ કરો. ને ખ્યાલ રાખો કે લોકોએ કંઈ કર્યું છે એ ખાતરી થયા સિવાય ગોળીબાર થવો ન જોઈએ."

"હા, જી." લોફ્ટે કહ્યું. શિષ્ટાચારની સલામ કરી તે ઓરડાની બહાર ગયો.

કર્નલ લેન્સર સામે ગમ્મત પડતી હોય તેમ જોઈ હંટરે કહ્યું, "એના પર જરા કડક થયા નહિ?"

"મારે થવું જ પડ્યું. એ ભયગ્રસ્ત થયેલો છે. મને એવા લોકોની પારખ છે. એમને બીક લાગે ત્યારે તેમને નિયમનમાં રાખવા પડે; નહિ તો એવાઓ કાબૂ ગુમાવી બેસે. કેટલાક જેમ સહૃદયતા પર આધાર રાખે તેમ એ નિયમન પર આધાર રાખે છે. મને લાગે છે કે હવે તમારે પાટાનું સંભાળી લેવું જોઈએ. તમારે તો એમ જ ધારવું જોઈએ કે આજ રાત્રે જ લોકો એને ઉડાવી દેશે."

હંટરે ઊભા થઈ કહ્યું, "હા, હુકમો તો દેશથી આવે છે એમ ધારું છું."

"હા."

"એ કેવાક"—

"કેવા હોય છે તે તમે જાણો છો." લેન્સરે તેને અટ-

કાવી કહ્યું. "એ કેવા હોવા જોઈએ તે જાણો છો. આગેવાનોને પકડો, આગેવાનોને ઠાર કરો, બાંયધરીઓ લો, બાન લો, એમને ગોળીએ દો, વધારે બાન લો." તેનો અવાજ ઊંચો થતો જતો હતો પણ છેવટે ધીમે અવાજે કહ્યું, "ને લોકોનો ધિક્કાર વધતો જ રહે ને, ને આપણી વચ્ચેનો ઘા ઊંડો ને ઊંડો ઊતરતો જાય."

હંટરે અચકાતાં પૂછ્યું, "પેલી યાદીમાંથી કોઈને સજા થઈ?" ને મેયરના શયનખંડ તરફ ઇશારત કરી.

લેન્સરે માથું ધુણાવ્યું, "ના, હજી સુધી તો નહિ. ખાલી ગિરફતાર કર્યા છે."

હંટરે આસ્તેથી પૂછ્યું, "કર્નલ, હું એમ લખું કે તમને બહુ થાક લાગ્યો છે? મારા અહેવાલમાં લખી મોકલું કે તમને અતિશય શ્રમ પડયો છે?"

ઘડીભર લેન્સરે પોતાની આંખ પર હાથ દબાવ્યા ને પછી તેના ખભા સીધા થયા ને મોં સખત થયું. "હું કંઈ અલ-ડાયક પુરજન નથી, હંટર. આપણે અફસરોની તો તંગી છે જ, એ તમે જાણો છો. મેજર, કામે લાગી જાઓ. મારે કોરેલને મળવાનું છે."

હંટરના મોં પર સ્મિત હતું. દરવાજા પાસે જઈ તેણે તે ઉઘાડયો ને બારણાંની વચ્ચેથી જ તેણે કહ્યું, "પ્રેકલ પણ છે. તે મળવા માગે છે."

"એને અંદર મોકલો." લેન્સરે કહ્યું.

પ્રેકલ અંદર આવ્યો. તેના મોં પર ચીડ હતી. કશાક માટે લડવા આવ્યો લાગતો હતો. "કર્નલ લેન્સર સાહેબ, મારે આપને"—

"બેસો." લેન્સરે કહ્યું. "બેસો ને ઘડીભર આરામ કરો. સારા સૈનિક બનો, લેફ્ટેનંટ."

ને પ્રેકલની કડકાઇ ઓછી થઈ ગઈ. ટેબલ પાસે બેસી તેની કોણી એના પર ગોઠવી તેણે કહ્યું, "જી મારે"—

ને લેન્સરે કહ્યું, "થોડી વાર બોલો નહિ. મને ખબર છે શું છે. આવું બધું થશે એનો તમને ખ્યાલ નહોતો, ખરું ને? તમને તો એમ કે જરા ગમ્મત પડશે."

"એ લોકો આપણને ધિક્કારે છે." પ્રેકલે કહ્યું. "આપણને અતિશય ધિક્કારે છે."

લેન્સરે હસીને કહ્યું. "શું છે તે હું સમજતો હોઈશ કે કોણ જાણે પછી? સારા સૈનિકો બનાવવા સારુ જુવાનિયાઓ જોઈએ ને જુવાનિયાઓને જુવાન સ્ત્રીઓ જોઈએ, એમ જ ને?"

"જી હા, એ બાબત છે."

"ને" લેન્સરે મમતાથી પૂછ્યું, "એ તમને ધિક્કારે છે?"

પ્રેકલે તેની સામે આશ્ચર્યથી જોયું, "ખબર નથી પડતી સાહેબ, કોઈ વાર એમ લાગે છે; તે માત્ર દિલગીર થાય છે."

"ને તમને ખેદ થાય છે?"

"જી, મને અહીં ગમતું નથી."

"ના, તમને તો એમ કે ગમ્મત પડશે, ખરું ? લેફ્ટેનંટ ટૉંડરે કાબૂ ગુમાવી દીધો; તે બહાર ગયો ને આ લોકોએ તેને છરી ભોંકી દીધી. હું તમને દેશ મોકલી આપી શકું; પણ તમારી અહીં જરૂર છે એમ જાણવા છતાં તમારે ઘેર જવું છે ?

પ્રેકલે અસ્વસ્થ બની કહ્યું, "ના જી, ના જી, મારે નથી જવું"

"ઠીક ત્યારે. હવે હું કહું તે બરાબર સમજશો એવી મને આશા છે. તમે હવે મનુષ્ય નથી, સૈનિક છો. તમારી સગવડ એ મહત્ત્વની બાબત નથી અને લેફ્ટેનંટ, તમારી જિંદગી એ પણ મહત્ત્વની બાબત નથી. તમે જીવતા રહેશો તો તમને અમુક સ્મરણો રહેશે, અને એ સિવાય બીજું કંઈ ભાગ્યે જ તમારી પાસે રહેશે. દરમ્યાનમાં તમારે હુકમો લઇ તેને અમલમાં મૂકવા પડશે. ઘણા ખરા હુકમો અપ્રિય હશે પણ એ નક્કી કરવાનું કામ તમારું નથી. હું તમને જૂઠું નહિ કહું, લેફ્ટેનંટ. એ લોકોએ તમને આવી પરિસ્થિતિ માટે શિક્ષણ આપવું જોઇતું હતું, ફૂલોના રસ્તાવાળું નહિ! તેમણે તમારા આત્માને સાચથી ભરવો જોઇતો હતો. જૂઠાણાથી દોરવો જોઇતો ન હતો." તેનો અવાજ સખત થયો. "પણ તમે આ કામ માથે લીધું, લેફ્ટેનંટ. અમારી સાથે રહેશો કે છોડી જશો ? તમારા આત્માની ભાળ અમે નહિ રાખી શકીએ."

પ્રેકલે ઊભા થઈ કહ્યું. "આભાર, સાહેબ."

"અને પેલી છોકરી બાબત." લેન્સરે સંભાવ્યું. "તમે

તેના પર જુલમ કરો કે તેનું રક્ષણ કરો કે તેને પરણો તેની સાથે અમારે કંઇ નિસ્બત નથી. પણ હુકમ મળે ત્યારે તેના પર ગોળી ચલાવવા તમારે તૈયાર રહેવું પડશે."

પ્રેકલે થાકીને કહ્યું, "હા. જી સાહેબ, આભાર."

"આ બધું જાણવું એ સારું છે. હું એની તમને ખાતરી આપું છું, કે આ જાણવું એ વધારે સારું છે. જાઓ હવે, લેફ્ટેનંટ! અને કોરેલ હજી રાહ જોતો હોય તો એને અંદર મોકલો." ને લેફ્ટેનંટ પ્રેકલને બહાર જતાં કર્નલે જોયા કર્યું.

કોરેલ અંદર આવ્યો ત્યારે એ બદલાયલો માણસ હતો. તેનો ડાબો હાથ પાટામાં બાંધેલો હતો ને એ ખુશમિજાજી હસમુખો કોરેલ મટી ગયો હતો. તેના મોં પર કડવાશ હતી અને તેની આંખ મરેલા કુકકરની જેમ ત્રાંસું જોતી હતી.

"મારે વહેલાં આવવું જોઇતું હતું, કર્નલ." તેણે કહ્યું. "પણ તમારા સહકારના અભાવને લીધે હું અચકાતો હતો."

લેન્સરે કહ્યું, "હું ભુલતો ન હોઉં તો તમારા અહેવાલના જવાબની તમે રાહ જોતા હતા."

"એ કરતાં ઘણા વધારેની હું રાહ જોતો હતો. તમે મને સત્તા પદવી આપવાની ના પાડી. હું નિરુપયોગી છું એમ તમે કહ્યું. તમારા પહેલાં ઘણા વખતથી હું આ ગામમાં હતો એનો તમને ખ્યાલ નહોતો. મારી સલાહની વિરુદ્ધ તમે મેયરને એની જગા પર રહેવા દીધો."

લેન્સરે કહ્યું, "એ ન હોત તો ઘણાં વધારે તોફાન

થયાં હોત."

"એ તો એક અભિપ્રાયનો સવાલ છે." કોરેલે કહ્યું. "બંડખોર લોકોનો એ નેતા છે."

"એ વાહિયાત વાત છે." લેન્સરે કહ્યું. "એ તો માત્ર એક સાદો માણસ."

પોતાના સાજા હાથથી કોરેલે ખિસ્સામાંથી એક નાની ચોપડી કાઢી ને તેને ખોલી. "કર્નલ, તમે ભૂલી ગયા કે ખબર મેળવવાનાં મારી પાસે સ્થાન હતાં ને તમારા પહેલાં હું ઘણા વખતથી અહીં આવેલો હતો. મારે તમને જણાવવું પડે છે કે આ લોકો જે કંઈ કરી રહ્યા છે તેની સાથે મેયર ઑર્ડનને સીધો ને સતત સંપર્ક છે. લેફ્ટેનંટ ટૉંડરનું જે રાતે ખૂન થયું તે રાતે જ્યાં ખૂન થયું તે ઘરમાં, તેણે હાજરી આપી હતી. ને એ છોકરી જ્યારે ડુંગરાઓમાં નાસી ગઈ ત્યારે મેયરનાં સગાંવહાલાં જોડે જઈ રહી હતી. મેં ત્યાં સુધી તેનો પત્તો મેળવ્યો પણ એ ચાલી ગઈ હતી. જ્યારે જ્યારે કોઈ નાસી છૂટયું છે ત્યારે ત્યારે મેયરની જાણમાં એ થયું છે ને તેણે તેઓને મદદ કરી છે; ને મને તો પાકો વહેમ છે કે આ નાની છત્રીઓમાં પણ તેનો હાથ છે."

લૅન્સરે ઉત્સુક બની કહ્યું. "પણ તેનો પુરાવો તમારી પાસે નથી."

"ના." કૉરેલે કહ્યું, "હું સાબિત કરી શકું તેમ નથી, પહેલી વાતની મને ખબર છે. બીજીનો માત્ર વહેમ છે. હવે

તો કદાચ તમે મારું સાંભળશો !"

"તમે શું સૂચવો છો ?" શાન્તિથી લૅન્સરે પૂછ્યું.

"મારે કહેવાનું છે તે સૂચના કરતાં જરા બળવત્તર છે. કર્નલ ઓર્ડનને બાન બનાવવો જોઈએ ને તેની જિંદગીનો આધાર આ લોકની શાન્તિ પર રહેવો જોઈએ. સુરંગના ટેટા ફોડવાની એક પણ વાટ સળગવા ઉપર તેની જિંદગીનો આધાર રહેવો જોઈએ."

તેણે ફરીને ખિસ્સામાં હાથ નાખ્યો ને એક બીજી ચોપડી બહાર કાઢી. તેને ઉઘાડીને કર્નલ સામે ધરી, "મારા સાહેબ, મચકથી મને આવેલો જવાબ આ રહ્યો. તમે જોશો કે એથી મને થોડી સત્તા મળે છે."

લેન્સરે એની ચોપડી સામે જોયું ને આસ્તેથી કહ્યું, "મારા માથા ઉપરવટ તમે ગયા, એમ ?" આંખમાં નિખાલસ અપ્રિયતા દાખવતાં તેણે કોરેલ સામે જોયા કર્યું. "તમને વાગ્યું એ મેં સાંભળ્યું હતું. કેમ કરતાં એ થયું ?"

કોરેલે કહ્યું, "તમારા લેફ્ટેનંટનું ખૂન થયું તે રાત્રે મારા પર કોઇ તૂટી પડ્યું પણ રસ્તાના ચોકિયાતોએ મને બચાવ્યો. એ જ રાત્રે મારી હોડીમાં આ ગામના કેટલાક લોકો નાસી છૂટયા. ને કર્નલ, હજી વધારે ભાર દઇ મારે કહેવું પડશે કે મેયર ઓર્ડનને બાન બનાવ્યા વિના છૂટકો નથી !"

લેન્સરે કહ્યું, "એ તો અહીં જ છે, કંઇ નાસી ગયેલ નથી. આપણા કરતાં તેને કેમ વધારે જોખમેદાર ગણી શકીએ ?"

ઓચિંતો, દૂર ધડાકો થવાનો અવાજ આવ્યો ને જે દિશામાંથી એ આવ્યો તે તરફ બેઉએ જોયું. કોરેલે કહ્યું, "જુઓ કર્નલ પાછું ચાલ્યું. તમને પૂરેપૂરી ખબર છે કે આ અખતરો સફળ થયો તો જે જે દેશ પર બીજાઓએ ચડાઇ કરી છે ત્યાં ત્યાં સુરંગો પહોંચી જશે."

લેન્સરે શાન્તિથી ફરી પૂછ્યું, "તમે શું સૂચવો છો?"

"મેં કહ્યું તે જ. બળવા સામે ઓર્ડનને ધરી રાખવો જોઇએ."

"ને એ લોકો બંડ કરે ને આપણે ઓર્ડનને ઠાર કરીએ તો?

"તો પછી પેલો ડોકટર છે; એને કંઇ પદવી નથી પણ મેયર પછી આ ગામમાં સૌથી વધારે સત્તા તેની ચાલે છે."

"પણ કોઇ જગ્યા પર તો તે નથી."

"લોકોને તેનામાં વિશ્વાસ છે."

"ને એને યે આપણે ઠાર કરીએ. પછી શું?"

"પછી આપણી પાસે સત્તા આવશે. બંડ તૂટી પડશે. નેતાઓને આપણે મારી નાખીશું કે બંડ આપોઆપ ભાંગી પડશે."

લેન્સરે સંદિગ્ધતાથી પૂછ્યું, "તમે ખરેખર એમ માનો છો?"

"એમ થવું જ જોઇએ."

લેન્સરે માથું ધીરેથી ધુણાવ્યું ને પછી પહેરેગીરને બૂમ

પાડી. બારણું ઉઘાડી એ અંદર આવ્યો ત્યારે લેન્સરે કહ્યું, "સાર્જંટ, મેયર ઑર્ડન ગિરફ્તાર છે, અને ડૉ. વિંટર પણ ગિરફ્તાર છે. ઑર્ડન પાસે પહેરો બેસાડવાની ગોઠવણ કરો ને વિંટરને જલદી અહીં હાજર કરો."

પહેરેગીરે કહ્યું, "હા જી, સાહેબ."

લેન્સરે કોરેલ સામે જોઈ કહ્યું, "શું કરો છો તેનું ભાન તમને હોય તો સારું. શું કરો છો તેનું ભાન હોય એવી મને આશા છે."

પ્રકરણ આઠમું

એ નાના ગામમાં સમાચાર બહુ જલદી ફેલાયા. ઘર આંગણે બારણામાં ગુસપુસ વાતોથી એ ફેલાયા, અથવા અર્થ-સૂચક નજર માત્રથી કે "મેયર ગિરફતાર થયા," ને આખા ગામમાં એક ઉલ્લાસનું આંદોલન આસ્તેથી ફરી વળ્યું.—એક અલ્પ ભીષણ ઉલ્લાસનું. લોકો ધીમેથી વાતો કરતા ને તરત છુટા પડતા ને ખોરાક ખરીદવા જનારા દુકાનદારોની નજીક ઘડીભર નમતા ને તેમની વચ્ચે શબ્દો પસાર થતા.

સુરંગની શોધમાં લોકો મેદાનોમાં ને જંગલોમાં જતા. બરફમાં રમતા બાળકોને ટેટા મળી આવતા ને હવે તો છોક-રાંઓને પણ શું કરવું તેની સૂચનાઓ મળી ગઈ હતી. પાકીટ ઉઘાડી ચોકલેટ ખાઈ જતાં ને સુરંગને બરફમાં દાટી દેતા ને પછી માબાપને કહેતાં કે એ ક્યાં છે.

દૂરદૂરના એક ગામમાં એક માણસને સુરંગનો ટેટો મળી આવ્યો. તેણે સૂચનાઓ વાંચીને વિચાર્યું કે "આ ચાલશે ખરું કે?" બરફમાં ટેટાને ઊભો રાખી તેણે વાટ પેટાવી; ત્યાંથી દૂર દોડી જઈ તેણે ગણવા માંડ્યું. તે જરા જલદી ગણતો

હતો ને તેના અડસઠ ગણ્યા પછી સુરંગ ફૂટી. તેણે કહ્યું, "હા, ચાલે તો છે." ને વધારે ટેટાની શોધમાં તે ઝડપથી ચાલ્યો ગયો.

કોઈ ચોક્કસ નિશાની હોય તેમ લોકો પોતાના ઘરમાં જતા, બારણાં બંધ કરતા ને રસ્તા શાન્ત બની જતા. ખાણ આગળ સિપાહીઓ દરેક કામગારની ધ્યાનથી તપાસ કરતા, ફરી ફરીને તપાસ કરતા; સિપાહીઓ તંગ હતા ને તોછડા હતા ને કામગારો સાથે સખતાઈથી બોલતા. કામગારો તેમની સામે ઠંડકથી જોઈ રહેતા ને તેમની દૃષ્ટિ પાછળ એક અલ્પ બીજણ ઉલ્લાસ હતો.

મેયરના મહેલના દીવાનખાનાના ટેબલને સાફ કરી નાખવામાં આવ્યું હતું, ને તેના શયનખંડના બારણા આગળ એક સિપાહી પહેરો ભરતો હતો. ઍની અગ્નિસ્થાન આગળ ઘૂંટણીએ પડી હતી ને તેમાં કોલસા પૂરતી હતી. મેયર ઑર્ડનના દરવાજા આગળ ઊભેલા પહેરેગીરને તેણે વહતા અવાજે પૂછ્યું, "કેમ, એમને તમે શું કરવાના છો ?" સિપાહીએ કંઈ જવાબ વાળ્યો નહિ.

બહારનો દરવાજો ઊઘડયો ને એક બીજો સિપાહી ડૉક્ટર વિંટરને હાથથી પકડી અંદર આવ્યો. ડૉક્ટર વિંટરના પછી સિપાહીએ બારણું બંધ કર્યું ને બારણાની આગળ ઊભો રહ્યો. ડૉ. વિંટરે પૂછ્યું, "કેમ, ઍની, નામદાર કેમ છે ?"

ને ઍનીએ શયનગૃહ તરફ બતાવી કહ્યું, "અંદર છે."

"માંદા તો નથી ને?" ડૉક્ટરે પૂછ્યું.

"ના, લાગતા તો નથી." એનીએ કહ્યું. "હું જોઉં કે તમે અહીં આવ્યા છો તે તેમને કહી શકાય છે કે નહિ." પહેરેગીર પાસે તે ગઇ ને હુકમ કરતી હોય તેમ તેણે કહ્યું, "નામદારને જઈને કહે કે ડૉ. વિંટર આવ્યા છે, સમજ્યો?"

પહેરેગીરે કંઈ જવાબ ન આપ્યો ને ખસ્યો પણ નહિ પણ તેની પાછળનું બારણું ઊઘડયું ને મેયર ઑર્ડનની આકૃતિ દેખાઈ. પહેરેગીરને અવગણી, તેને ખસેડી તેણે દીવાનખાનામાં પ્રવેશ કર્યો. ઘડીભર પહેરેગીરને થયું કે તે તેને ફરી અંદર મોકલે પણ પછી બારણાં પાસેની પોતાની જગ્યાએ જઈ ઊભો રહ્યો. ઑર્ડને એનીનો આભાર માન્યો ને કહ્યું, "બહુ આઘે જતી નહિ હોં, મારે કદાચ કામ પડે."

એનીએ કહ્યું, "ના જી સાહેબ, નહિ જાઉં, બાઈ સાહેબ ખુશીમાં છે?"

"એ વાળ ઓળે છે. તારે એને મળવું છે, એની?"

"જી, હા." કહી એનીએ પહેરેગીરની બાજુએથી શયન-ગૃહમાં જઈને પાછળ બારણું બંધ કર્યું.

ઑર્ડને પૂછ્યું, "ડૉક્ટર, તમારે કંઈ જોઈએ છે?"

વિંટરે હસીને ખભા પરથી પોતાના પહેરેગીર તરફ બતાવ્યું. "હું પણ ગિરફતાર થયેલો છું ને. આ ભલા ભાઇ મને અહીં લઈ આવ્યા."

ઑર્ડને કહ્યું, "એ થયે જ છૂટકો હતો. મને થાય છે કે

હવે એઓ શું કરશે ?" ને બેઉ જણા એક બીજા સામે ઘણી વાર સુધી જોઈ રહ્યા ને દરેકને ખબર હતી કે બીજાને શેના વિચાર આવે છે.

ને વાત ચાલુ જ રાખી હોય એમ ઑર્ડને કહ્યું, "હું ધારું તોયે એ અટકાવી શકું તેમ નથી, ખબર છે ?"

"હું જાણું છું." વિંટરે કહ્યું. "પણ તેઓ જાણતા નથી." ને પછી પોતાના મનમાં ઘોળાતા વિચારની સરણીમાં તેણે ચલાવ્યું, "કાળના ભાનવાળા એ લોકો છે, ને તેમનો કાળ લગભગ આવી લાગ્યો છે. તેમને એક જ નાયક અને એક જ મસ્તક છે, એટલે તેમને એમ છે કે આપણા બધાનું એમ જ હશે. તેઓ જાણે છે કે દસ માથાં કપાઇ જાય તો તેમનો નાશ થઇ જાય. પણ આપણે તો આઝાદ પ્રજા છીએ. આપણે તો જેટલી વસ્તી છે તેટલાં માથાં આપવા તૈયાર છીએ. ને જરૂરને વખતે નેતાઓ તો ટપોટપ ઊભા થઇ રહે છે."

વિંટરના ખભા પર હાથ મૂકી ઑર્ડને કહ્યું, "પાડ તમારો. મને ખબર તો હતી પણ તમે એ કહો છો તેથી સારું લાગે છે. આપણી નાની પ્રજા દબાઇ નહિ જાય, ખરું ને ?" તેણે જવાબની શોધમાં વિંટરના મોં સામે જોયા કર્યું.

ને ડૉક્ટરે તેને ખાતરી આપી, "બિલકુલ નહિ. ખરું જોતાં તો બહારની મદદ મળતાં આપણા લોક બલવત્તર બનશે."

ઓરડાની ઘડીભર શાન્તિ વ્યાપી રહી. પહેરેગીર જરા ખસ્યો ને તેના બટન પર બંદૂક ઘસાવાનો અવાજ આવ્યો.

ઑર્ડને કહ્યું, "તમને કહી લઉં, ડૉક્ટર. કેમકે પછીથી બોલવાનો મને વખત ન મળે. શરમાવે એવી કેટલીક નાની બાબતો મારા મનમાં છે." તેણે ખોંખારો ખાધો ને દ્વાર ઊભેલા પહેરેગીર તરફ જોયું પણ તેણે કંઈ સાંભળ્યું હોય એવું ચિહ્ન બતાવ્યું નહિ. "હું મારા પોતાના મોતનો વિચાર કરી રહ્યો છું. એમના સામાન્ય શિરસ્તા પ્રમાણે ચાલે તો તેમને પહેલાં મને મારવો પડશે ને પછી તમને મારવા જોઈશે." વિંટરે મૌન સેવ્યું એટલે ઉમેર્યું, "ખરું ને?"

"હા, એમ જ તો. હું યે ધારું છું." વિંટરે કહ્યું ને સોનેરી રંગવાળી ખુરસી તરફ જવા માંડ્યું ને બેસવાની તૈયારી કરી ત્યાં તેમને દેખાયું કે ખુરસી પરની ખોળ જરા ફાટેલી હતી ને જાણે સાજી કરતા હોય તેમ તેના પર આંગળી દબાવી. ફાટેલી ગાદીને લીધે જરા આસ્તેથી તેમણે આસન કર્યું.

ને ઑર્ડને ચાલુ રાખ્યું, "તમે જાણો છો, મને આમાંથી છટકવાના, બહાર નીકળી જવાના યે વિચાર આવ્યા છે. નાસી છૂટું એમ પણ થઈ આવ્યું છે. મારી જિંદગી માટે અર્ચના કરું એમ પણ થયું છે ને હું લાજી મરું છું"

ને વિંટરે તેની સામે જોઈ કહ્યું, "પણ તમે એમાંનુ કંઈ કર્યું નથી."

"ના, એ તો નથી કર્યું."

"ને તમે કરશો યે નહિ."

"ના, નહિ કરું. પણ એમ કરવાના મને વિચાર આવ્યા

છે." અચકાતાં ઑાડૅને ઉમેર્યું.

ને વિંટરે મૃદુતાથી કહ્યું, "કેમ જાણ્યું બધાંને તેવા વિચાર નહિ આવતા હોય? કેમ જાણ્યું કે મને એવા વિચાર નહિ આવ્યા હોય?"

"તમને પણ શા માટે પકડયા તેની મને નવાઈ લાગે છે." ઑાડૅને કહ્યું, "હું ધારું છું કે એ લોકોનો તમને પણ માર્યે જ છૂટકો થશે."

"હા, હું યે એમ ધારું છું." ડૉકટરે પોતાના અંગૂઠાને આમળ્યા ને તેને ઉપર નીચે જતા જોયા કર્યું.

"એટલું તો જાણીએ છીએ" કહી, ઘડીભર શાન્ત રહી ઑાડૅને કહ્યું, "તમે જાણો છો ડૉકટર, કે હું અલ્પજન છું. આ એક નાનું ગામ છે. પણ અલ્પજનોમાં યે એક એવો સ્ફુલિંગ હોવો જોઈએ કે જેમાંથી પછી જ્યોત જળી ઊઠે. મને બીક ખૂબ લાગે છે ને મારી જિંદગી બચાવવાના બધા રસ્તાનો મેં વિચાર કર્યો છે; પણ એ ખ્યાલો પસાર થઈ ગયા ને હવે ક્વચિત એક જાતનો ઉલ્લાસ મનને ભરી દે છે; ને મને લાગે છે હું બહેતર ને મહત્તર મનુષ્ય છું: ને ખબર છે ડૉકટર, મને શાનો વિચાર આવે છે?" 'કંઈ યાદ આવવાં તેણે સ્મિત કર્યું,' "યાદ છે નિશાળમાં સોક્રેટીસના છેલ્લા સંવાદમાં? ને સોક્રેટીસના શબ્દો યાદ છે? 'કોઈ કહેશે: "સોક્રેટીસ, તમારો અકાલે અંત આણે એવી જીવનપદ્ધતિની તમને લાજ નથી આવતી?" એવાઓને મારો એ જ જવાબ છે, "એમાં

તમારી ભૂલ થાય છે. કશું પણ કરવાને જે માણસ લાયક હોય તેણે જીવવાની કે મરવાની ગણતરીમાં ઊતરવું ન જોઈએ. પોતે સારું કરે છે કે નરસું તેનો જ માત્ર તેણે ખ્યાલ કરવો જોઈએ.' " યાદ કરવાનો પ્રયત્ન કરતાં ઑર્ડને વિરામ લીધો.

ડૉકટર વિંટરે ખુરસી પર તંગ બની આગળ બેસી ચાલુ રાખ્યું. "પોતે સારા કે નરસા માણસની જેમ વર્તે છે.' તમે બરાબર અવતરણ નથી આપ્યું એમ લાગે છે. તમે એવા સારા શિષ્ય ન હતા. ને તે વખતના ઉદ્ગારોમાં યે તમે ભૂલ કરી હતી."

ઑર્ડનને હસવું આવ્યું, "તમને એ યાદ છે?"

"હા." વિંટરે ઉત્કંઠ બની કહ્યું. "મને બરાબર યાદ છે. તમે એકાદ શબ્દ કે લીટી ભૂલી ગયા હતા, સ્નાતક થવાનો દિવસ હતો ને તમે એટલા ઉશ્કેરાયેલા હતા કે ખમીસનો છેડો તમે પૂરો ખોસ્યો ન હતો ને છેડો બહાર લટકતો હતો. ને બધા કેમ હસતા હતા એની તમને નવાઇ લાગતી હતી,"

ઑર્ડનને મનમાં હસવું આવ્યું ને છૂપી રીતે તેનો હાથ પાછળ ગયો ને ખમીસના છૂટા છેડા પર તેણે હાથ ફેરવ્યો. "હું સૉક્રેટીસ હતો." તેણે કહ્યું. "ને શાળાના પરીક્ષકોને મેં ઝાડી કાઢયા. કેવા ધુતકારી કાઢયા. મેં કેવી બૂમો પાડી! ને એમને લાલપીળા થતા હું જોઈ શકયો."

વિંટરે કહ્યું, "એ તો હસવું ખાળવા શ્વાસ દબાવી રહ્યા હતા. તમારા ખમીસનો છેડો બહાર રહી ગયો હતો ને!"

મેયર ઓર્ડને હસી દીધું. "કેટલાં વરસ થઈ ગયાં? ચાળીશ?"

"છેંતાળીશ."

શયનગૃહ પાસેનો પહેરેગીર બહારના બારણા આગળના પહેરેગીર પાસે આસ્તેથી પહોંચ્યો ને નિશાળમાં બાળકો છાની વાતો કરે તેમ તે ગુસપુસ કરવા લાગ્યો, "કેટલા વખતથી કામ પર છો?" તેણે પૂછ્યું.

"અરે, આખી રાત આમ રહ્યો છું. હવે તો આંખે ય ઉઘાડી રહેતી નથી."

"મારી ય તે. તારી વહુના કાલની હોડીમાં કંઈ સમાચાર આવ્યા?"

"હા તને યાદ કરવા લખ્યું છે. તું ઘાયલ થયો છે એ તેણે સાંભળ્યું હતું. પણ એ બહુ લખતી નથી."

"મને હવે સારું છે એમ લખજે."

"ચોક્કસ, જ્યારે કાગળ લખીશ ત્યારે."

મેયરે માથુ ઊંચું કરી છત તરફ જોયું ને મનમાં ગણ-ગણાટ કર્યો. "અંમ–અંમ–અંમ–મને યાદ છે કે નહિ? શું આવનું હતું?"

ને વિંટરે યાદ આપ્યું. "ને હવે મને દંડ દેનારાઓ, માનવો."—

કર્નલ લૅન્સરે ઓરડામાં ચુપકીથી પ્રવેશ કર્યો; પહેરેગીરો કડક બની ગયા. પેલા ઉદ્ગારો સાંભળી કર્નલે અટકી જઇ

ધ્યાનથી કાન માંડયા.

ઑડને છત સામે જોઈ જૂના શબ્દોને સંભારવા મહેનત કરી, "ને, હવે, મને દંડ દેનારાઓ, માનવો, હું ભવિષ્ય ભાખું છુ—'કેમકે મારું હમણાં મોત થવાનું છે—ને મોત ને વખતે મનુષ્યોમાં આગાહી કરવાની શક્તિ આવી વસે છે. ને હું—ભવિષ્ય ભાખું છું, મારું ખૂન કરનારા તમ માટે, કે—મારા અવસાન પછી તરત.'"—

"વિદાય." વિંટરે ઊભા થઈ કહ્યું.

"શું?" ઑડને તેની સામે જોઈ પૂછ્યું.

ને વિંટરે કહ્યું, "શબ્દ 'વિદાય' છે, 'અવસાન' નહિ. પહેલાં પણ તમે એ જ ભૂલ કરી હતી. છેંતાળીસ વરસ પહેલાં તમે એ જ ભૂલ કરી હતી."

"ના. અવસાન છે, અવસાન જ છે." ઑડને આજુબાજુ જોયું ને પોતાના તરફ ધ્યાનથી જોતા કર્નલ લૅન્સર પર નજર પડતાં તેણે પૂછ્યું, "'અવસાન' નથી?"

કર્નલ લૅન્સરે કહ્યું, "'વિદાય.' 'મારી વિદાય પછી તરત જ' એમ છે."

ડૉ. વિંટરે આગ્રહથી કહ્યું, "જોયું? એક સામે બે મત થયા. 'વિદાય' એ જ શબ્દ છે. પહેલાં કરી હતી એની એ જ ભૂલ છે."

પછી ઑડને સીધી નજર કરી ને બાજુ કશું ન દેખાતું હોય તેમ તેની આંખ સ્મરણમાં આવી વસી ને તેણે ચલાવ્યું,

' "હું ભવિષ્ય ભાખું છું, મારું ખૂન કરનારા તમારે માટે કે મારા અ—મારી વિદાય પછી તરત, મને દીધેલા દંડ કરતાં અનેક ગણી વધારે સજા તમારે માટે નિર્માઈ છે.' "

વિંટરે ઉત્તેજન આપવા માથું હલાવ્યું ને કર્નલ લૅન્સરે માથું હલાવ્યું, ને તેઓ તેને યાદ કરવામાં મદદ કરતા હોય એમ લાગ્યું. ને ઑર્ડને આગળ ચલાવ્યું, " 'તમે મને મારી નાખો છો કેમકે એક તહોમત લાવનાર પાસેથી તમે છટકવા માગો છો, નહિ કે તમારી જિંદગીનો હિસાબ આપવા—' "

લૅફ્ટેનંટ પ્રૅકલ ઉશ્કેરાયેલો અંદર આવ્યો ને તેણે બૂમ મારી, "કર્નલ લૅન્સર."

કર્નલ લૅન્સરે કહ્યું, 'શ્ શ્ શ્' ને તેને અટકાવવા હાથ ધર્યો.

ને ઑર્ડને આસ્તેથી આગળ ચલાવ્યું, " 'પણ તમે ધારો છો એમ નહિ થાય; એથી છેક ઊલટું જ થશે.' " ને તેનો અવાજ વધારે જોરદાર બન્યો, " 'કેમકે હું કહું છું કે અત્યારે છે તેથી યે વધારે તમારા પર તહોમત લાવનાર નીકળશે; ને એ વધારે જુવાન છે. એટલે તમારો ઓછો વિચાર કરશે ને તેમનો દોષ તમને વધારે લાગશે.' " યાદ કરવા મથતાં તેણે જરા મોં બગાડ્યું.

ને લૅફ્ટેનંટ પ્રૅકલે કહ્યું, "કર્નલ લૅન્સર, સુરંગવાળા કેટલાક માણસો મળી આવ્યા છે."

ને લૅન્સરે કહ્યું, "ચુપ!"

ને ઑર્ડને ચલાવ્યું, "તમે એમ માનતા હો કે માણસોને

મારવાથી તમારાં અનિષ્ટ આચરણોની નિન્દા કરતાં કોઇ અટકશે તો તમારી ભૂલ થાય છે.' તેણે પાછું મોં બગાડયું, વિચાર કર્યો, છત સામે જોયું, ને મૂંઝવણમાં હસી દઇ કહ્યું, "બસ, એટલું જ મને યાદ આવે છે. બાકીનું મારામાંથી સરી ગયું છે."

ને ડૉકટર વિંટરે કહ્યું, "છેંતાળીસ વરસ વીત્યા પછી એ ખૂબ સરસ કહેવાય. ને તમે કંઇ ત્યારે ય બહુ ઊંચા વિદ્યાર્થી ન ગણાતા."

લેફ્ટેનંટ પ્રેકલે વચ્ચે ઝુકાવ્યું, "માણસો પાસે સુરંગ છે, કર્નલ લેન્સર!"

"તમે એમને પકડયા??"

"હા જી, કેપ્ટન લૉફ્ટ અને"—

'એમના પર પહેરો રાખવાનું કેપ્ટન લૉફ્ટને કહો." પોતાની જાતનો ફરી કબજો લેતાં ઓરડામાં આગળ જઇ તેણે કહ્યું, "ઑર્ડન, આ અટકવુંજ જોઇએ."

લાચારીથી મેયરે તેની સામે સ્મિત કર્યું, "એ નહિ અટકી શકે, જી."

કર્નલ લેન્સરે સખતાઇથી કહ્યું, 'લોકોના સારા વર્તનના બાન તરીકે મેં તમને પકડયા છે. એ જ મારો હુકમ છે."

"પણ એથી એ કંઇ અટકશે નહિ." ઑર્ડને સાદાઇથી કહ્યું, "તમે સમજતા નથી. હું જયારે લોકોને અંતરાય રૂપ લાગીશ ત્યારે એઓ મારા વિના ચલાવશે."

લૅન્સરે કહ્યું, "તમે શું ધારો છો તે મને સાચ્ચું કહો. લોકો જાણે કે એક પણ વાટ હવે સળગાવશે તો તમને ઠાર કરવામાં આવશે તો એઓ સળગાવશે ખરા?"

મેયરે લાચારીથી ડૉક્ટર વિંટર સામે જોયું. એ જ પળે તેનું શયનગૃહનું બારણું ઊઘડયું ને બાઈસાહેબ બહાર આવ્યાં. તેના હાથમાં મેયરના હોદ્દાની સાંકળ હતી, તેણે કહ્યું, "આ તો તમે ભૂલી ગયા."

ઑર્ડને કહ્યું, "શું? અરે, હા." ને તેણે માથું નમાવ્યું ને બાઈસાહેબે તે પરથી હોદ્દાની સાંકળ તેને પહેરાવી ને મેયરે બાઈસાહેબનો મીઠાસથી આભાર માન્યો.

બાઈસાહેબે ફરિયાદ કરી, "તમે રોજ એ ભૂલી જાઓ છો. ને બધે વખતે ભૂલી જાઓ છો."

હાથમાંની સાંકળના છેડા સામે મેયરે જોયા કર્યું. તેના હોદ્દાનાં ચિહ્નનો સુવર્ણચંદ્રક ત્યાં હતો. લૅન્સરે તેને ભાર દઈ પૂછયું, "લોકો શું કરશે?"

"મને ખબર નથી." મેયરે કહ્યું, "હું ધારું છું કે વાટ ચેતાવશે."

"ને ધારો કે તેમ કરવાની તમે તેઓને ના કહો?"

ઑર્ડનની અવસ્થા અર્ધનિદ્રિત લાગી; તેનાં પોપચાં ઢળેલાં હતાં ને વિચાર કરવાનો યત્ન કરતાં તેણે કહ્યું, "જી, હું કંઇ બહાદુર માણસ નથી. તેમ છતાં મને લાગે છે કે ગમે તે થાય તો યે તેઓ સળગાવશે." વાણી સાથે મથતાં તેણે આગળ

ચલાવ્યું, "એઓ પ્રકટાવશે એવી મને આશા છે; ને હું તેમ કરવાની તેમને ના પાડું તો તેઓને દુઃખ થશે."

"આ બધું શું ?" બાઇસાહેબે પૂછ્યું.

"જરા વાર શાન્તિ રાખ." મેયરે કહ્યું.

"પણ તમને લાગે છે કે લોકો સળગાવશે ?" લેન્સરે ફરી ફરીને પૂછ્યું.

ને ગર્વથી મેયરે જવાબ આપ્યો, "હા. એઓ સળગાવશે. જુઓ ને, જીવવું કે મરવું તેની પસંદગી કરવાનું મારે નથી પણ શી રીતે એ કરવું તેની પસંદગી મારે કરવાની છે. લડાઇ ન કરવાનું હું એમને કહું તો એમને દુઃખ થશે પણ લડશે તો ખરા. હું એમને લડવાનું કહું તો એઓ ખુશ થશે ને હું કંઈ બહાદુર નથી તો યે તેમને એ બહાદુર બનાવશે." જરા હસીને તેણે ઉમેર્યું, "એ સહેલું જ છે, સમજ્યા ને. કેમકે મારા અન્તમાં એથી ફેર નહિ પડે."

લેન્સરે કહ્યું, "તમે હા કહો તો યે તમે ના કહી એમ કહી શકીએ. તમારા જીવન માટે તમે આજીજી કરી એમ અમે લોકોને કહી શકીએ."

ને વિંટરે ગુસ્સે થઈ વચ્ચે જ કહ્યું : "એમને ખબર પડી જશે. તમારાથી કંઇ ભેદ રાખી શકાતા નથી. રાત્રે તમારામાંના એકે કાબૂ ગુમાવ્યો અને તેણે કહ્યું કે માખીઓએ તેમને પકડવાના કાગળને જ સર કર્યો ને અત્યારે આખો દેશ તેના શબ્દો જાણે છે. એનું તો લોકોએ ગીત બનાવ્યું છે. માખીએ કાગ-

ઊને મહાત કર્યો. તમારી કને કશું ખાનગી રહી શકતું નથી, કર્નલ."

ખાણની દિશામાંથી એક તીણી સીટી સંભળાઈ. પવનનો એક ઓચિંતો ઝપાટો આવ્યો ને બારી પરથી થોડો બરફ ખરી પડયો.

સુવર્ણચંદ્રક પર આંગળી ફેરવતાં ઓર્ડને કહ્યું, "જુઓ ને સાહેબ," એમાં કંઈ ફેર પડે તેમ નથી. "તમારો નાશ થશે ને તમારે નાસવું પડશે." તેના અવાજમાં મૃદુતા હતી. "તાબે થવું લોકોને ગમતું નથી ને એઓ તાબે નહીં જ થાય. આઝાદ મનુષ્યો લડાઈ શરૂ ન કરે પણ એક વાર એ શરૂ થઈ તો હાર ખાતાં ખાતાં યે લડવાનું ચાલુ રાખશે. ટોળાંના માણસો, નેતાને અનુસરવા શીખેલાં માણસો એમ ન કરી શકે; ને એટલે જ ટોળાંના માણસો સંગ્રામ જીતે છે ને આઝાદ માણસો વિગ્રહ જીતે છે. તમને પણ તેની ખબર પડી રહેશે, સાહેબ."

લૅન્સરે સીધા ને અક્કડ થઈ કહ્યું, "મારો હુકમ સ્પષ્ટ છે. અગિયારનો વખત મુકરર થયો હતો. મેં બાન લીધા છે. જો હિંસા થશે તો બાનને કતલ કરવામાં આવશે."

ને ડૉકટર વિંટરે કર્નલને કહ્યું, "એ હુકમોનું કંઈ ચાલશે નહિ એમ જાણવા છતાં તેનો તમે અમલ કરશો?"

લૅન્સરનો ચહેરો સખત હતો. "ગમે તે થાય તો યે મારા હુકમનો અમલ કરવો પડશે, પણ મને લાગે છે કે તમારા તરફથી ઢંઢેરો પિટાય તો ઘણી જિંદગીઓ બચી જાય."

"આ વળી શી વાહિયાત વાતો ચાલી રહી છે તે તો કહો!" અર્ધ અવાજે બાઈ સાહેબે પૂછ્યું.

"છેક જ વાહિયાત વાત છે." મેયરે કહ્યું.

"પણ મેયરને કોઈથી કેમ પકડી શકાય?" બાઈ સાહેબે ખુલાસો કરતાં કહ્યું.

ઑર્ડને સ્મિત કર્યું ને કહ્યું, "ના. મેયરને એઓ નહિ પકડી શકે. આઝાદ મનુષ્યોએ સેવેલી એ એક ભાવના છે, ને એ છટકી જશે."

દૂર દૂરથી એક ધડાકાનો અવાજ થયો ને તેનો પડઘો ટેકરીઓમાંથી પાછો આવ્યો. કોલસાની ખાણ આગળ તીણી, ટૂંકી ચેતવણીની સીટી વાગી. ઑર્ડને ઘડી ભર તંગ બની ઊભા રહી આછું સ્મિત કર્યું. એક બીજો ધડાકો ધણધણી ઊઠયો. એ વધારે નજીક અને વધારે મોટો હતો, ને તેનો પડઘો પર્વતોમાંથી પાછો આવ્યો. ઑર્ડને પોતાની ઘડિયાળ સામે જોયું ને પછી ઘડિયાળ ને છેડો ડૉક્ટર વિંટરના હાથમાં મૂકી તેણે પૂછ્યું, "માખીઓ માટેના પેલા શા શબ્દો હતા?"

"માખીઓએ કાગળને સર કર્યો." વિંટરે કહ્યું.

ઑર્ડને બૂમ પાડી, "ઍની!" શયનગૃહનું બારણું એકદમ ઊઘડયું ને મેયરે પૂછ્યું, "તું સાંભળતી હતી કે?"

ગભરાઇ જઇ ઍનીએ કહી દીધું, "હા જી, સાહેબ."

ને પછી વધારે નજીક એક ધડાકો થયો ને લાકડાંના ટુકડા ઊડવાના ને કાચ તૂટવાના અવાજ આવ્યા ને પહેરેગીર

પાછળનું દ્વાર ઊઘડી પડ્યું. ને ઓાર્ડને કહ્યું, "એની, બાઇ-સાહેબને જરૂર હોય ત્યાં સુધી તું તેની સાથે રહેજે. એને એકલી નહિ રહેવા દેતી." બાઇસાહેબ પર હાથ મૂકી તેના કપાળ પર મેયરે ચુંબન કર્યું ને પછી બારણા તરફ લેફ્ટેનંટ પ્રેકલ ઊભો હતો તે તરફ ફરી સૉક્રેટીસને ફરી યાદ કર્યો. "ક્રીટો, દેવતાને મારે ભોગ ધરવાનો છે." તેણે માર્દવથી ઉચ્ચાર્યું. "એ ઋણ ભરપાઇ થશે જ."

ઓાર્ડને હસી દીધું. "એટલું તો મને યાદ રહ્યું. એ તો ભૂલી નહોતો ગયો." પ્રેકલના બાવડાં પર તેણે હાથ મૂક્યો ને લેફ્ટેનંટ ચમકી ઊઠ્યો.

વિંટરે ધીરેથી માથું હલાવતાં કહ્યું, "હા, તમને બરાબર યાદ રહ્યું. ઋણ ચોક્કસ અદા થશે."

*